# ઇસ્કોન

# શિષ્ય અભ્યાસક્રમ

---

## વિદ્યાર્થીઓની હેન્ડબુક

## પાંચમી આવૃત્તિ, ગૌર પૂર્ણિમા ૨૦૧૭

આંતરરાષ્ટ્રીય કૃષ્ણભાવનામૃત સંઘ
સંસ્થાપક-આચાર્યઃ કૃષ્ણકૃપામૂર્તિ શ્રી શ્રીમદ એ.સી. ભક્તિવેદાંત સ્વામી, શ્રીલ પ્રભુપાદ

ઇસ્કોન શિષ્ય અભ્યાસક્રમ ફેબ્રુઆરી ૨૦૧૬ કલાકૃતિ "અથવા ફોટો અથવા લખાણ" ધ ભક્તિવેદાંત બુક ટ્રસ્ટના, www.krishna.com ના સૌજન્યથી મંજૂરી તથા ઉપયોગ થયેલ છે.

ઇસ્કોન શિષ્ય અભ્યાસક્રમ જીબીસી સેવા સમિતિની સત્તા હેઠળ નિર્માણ કરવામાં આવેલ છે. માત્ર ઇસ્કોન શિષ્ય અભ્યાસક્રમ સચિવાલય સાથે રજીસ્ટર થયેલા અધિકૃત શિક્ષકો જ આ અભ્યાસક્રમનું શિક્ષણ આપી શકે છે.

આ પ્રકાશનના કોઈપણ અંશને પરિવર્તન અથવા વિતરણ ઇસ્કોન શિષ્ય અભ્યાસક્રમ સચિવાલય "idcsecretriate@gmail.com" ની મંજૂરી વિના થઈ શકે નહીં.

# સ્વાગત!

ઇસ્કોન શિષ્ય અભ્યાસક્રમમાં આપ સૌનું સ્વાગત છે. આ આપની સેમિનાર માર્ગદર્શિકા છે, જેનો આપ સમગ્ર અભ્યાસક્રમ દરમિયાન ઉપયોગ કરવાના છો અને અમને આશા છે કે, આપની સમગ્ર ભક્તિમય કારકિર્દી દરમિયાન આ પુસ્તકનો આપ સંદર્ભગ્રંથ તરીકે ઉપયોગ કરો. આથી આ પુસ્તકનો કાળજીપૂર્વક અભ્યાસ કરશો. શક્ય એટલી વધારે નોંધ લેશો, કારણ કે તમે ખૂબ જ મહત્ત્વના અને રસ પડે તેવા વિવિધ વિષયોનો આમાં અભ્યાસ કરવાના છો.

ઇસ્કોન શિષ્ય અભ્યાસક્રમ એવો તાલીમ કાર્યક્રમ છે, કે જેનો હેતુ તમારી ગુરૂતત્ત્વ વિશેની અને ઇસ્કોન અંતર્ગત અનેકવિધ ગુરૂ સંસ્કૃતિમાં ગુરૂ પાદાશ્રયને વધુ સારી રીતે સમજવામાં તમારી સહાય કરવાનો છે. આની રચના નવા ભક્તોની દીક્ષાની તૈયારી રૂપે કરવામાં આવેલ છે. પરંતુ ઇસ્કોનના આગેવાનો, પ્રચારકો, માર્ગદર્શકો અને શિક્ષકો માટે પણ તેની ભલામણ કરવામાં આવે છે.

આ અભ્યાસક્રમ સતત બે વર્ષના જીબીસી ગુરૂ સેવા સમિતિના માર્ગદર્શન અને ઇસ્કોનના આગેવાન શિક્ષકોના સંયુક્ત પ્રયત્નો દ્વારા તૈયાર કરવામાં આવેલ છે.

આ ઇસ્કોન શિષ્ય અભ્યાસક્રમ શ્રીલ પ્રભુપાદના ઉપદેશો અને ઇસ્કોનના વર્તમાન નિયમોના આધારે તૈયાર કરવામાં આવેલ છે, અને તેમાં વ્યાપક ગૌડીય વૈષ્ણવ પરંપરાના સાહિત્યોના સંદર્ભ ટાંકવામાં આવ્યા છે.

હું નીચે ઉલ્લેખ કરેલા ભક્તોનો આભાર માનું છું, જેમણે આ પુસ્તકની રચનામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી છે અને પોતાનો અમૂલ્ય ફાળો આપ્યો છે, જેમાં પ્રહલાદાનંદ સ્વામી, ભક્તિ ચૈતન્ય સ્વામી, રવિન્દ્ર સ્વરૂપ દાસ, લક્ષ્મીમોની દાસી, અતુલ કૃષ્ણ દાસ, ગોપિકા રાધિકા દાસી, આનંદ વૃંદાવન દાસી, તારકા દાસી, વ્રજ બિહારી દાસ, માધવાનંદ દાસ, હનુમાન દાસ અને બીજા ઘણા ભક્તોનો

સમાવેશ થાય છે. હું માયાપુર ઇન્સ્ટિટ્યૂટનો આ અભ્યાસનો આરંભ કરાવવા બદલ વિશેષ આભાર માનું છું.

હું સંચાલન સમિતિના સભ્યોનો પણ આભાર માનું છું જેમણે ઇસ્કોન ગુરૂ સૅમિનારની રચના કરી છે અને જેમાંથી આ શિષ્ય અભ્યાસક્રમના વિચારનો પાયો નંખાયો. ઉપર જણાવેલા કેટલાક ભક્તો ઉપરાંત આ સમિતિમાં જયપતાકા સ્વામી, ભક્તિ ચારુ સ્વામી, રાધાનાથ સ્વામી, ગરુડ દાસ અને રૂકમણી દાસીનો સમાવેશ થાય છે.

જો આપને કોઈ પ્રશ્ન હોય તો, સંચાલકને પૂછવામાં અથવા ઇસ્કોન શિષ્ય અભ્યાસક્રમ સચિવાલય (idcsecretariate@gmail.com) નો સંપર્ક કરવામાં સંકોચ રાખશો નહીં. આ દરમિયાન આ સૅમિનાર માટે અને શ્રીલ પ્રભુપાદની સતત સેવા કરતા રહેવા માટે હું આપને શુભેચ્છા પાઠવું છું.

આ અભ્યાસક્રમને તમારી સમક્ષ લાવનારા સર્વ વૈષ્ણવો તરફથી,

આપનો સેવક,

અનુત્તમ દાસ,

ઇસ્કોનના સંદેશાવ્યવહારના મંત્રી

ગવર્નીંગ બોડી કમિશન ગુરૂ સેવા સમિતિના સભ્ય

# ઇસ્કોન શિષ્ય અભ્યાસક્રમ અનુક્રમણિકા


**યુનિટ એક** **પરિચય, સિદ્ધાંત અને સંદર્ભ**

પાઠ ૧. સ્વાગત અને પરિચય

પાઠ ૨. ગુરૂતત્ત્વ અને પરંપરા

પાઠ ૩. શ્રીલ પ્રભુપાદ – ઇસ્કોનના સંસ્થાપક આચાર્ય

પાઠ ૪. ઇસ્કોનના ગુરૂઓ

**યુનિટ બે** **ગુરૂ સાથે સંબંધની સ્થાપના**

પાઠ ૫. ગુરૂ પાદાશ્રય

પાઠ ૬. ગુરૂની પસંદગી

પાઠ ૭. દીક્ષા માટેના નિયમો

**યુનિટ ત્રણ** **ગુરૂ સાથેના સંબંધમાં રહી સેવાકાર્ય કરવું**

પાઠ ૮. ગુરૂ પૂજા

પાઠ ૯. ગુરૂ સેવા

પાઠ ૧૦. ગુરૂ વપુ અને વાણી સેવા

પાઠ ૧૧. ગુરૂ ત્યાગ

**યુનિટ ચાર** **સંબંધોમાં સહકાર અને મજબૂતાઈ રાખવી**

પાઠ ૧૨. ગુરૂને પ્રસ્તુત કરવા

પાઠ ૧૩. ઇસ્કોન અંતર્ગત સંબંધો

પાઠ ૧૪. અભ્યાસક્રમનું પુનરાવર્તન

# પરિશિષ્ટ

૧. વધારાના અવતરણો

૨. શ્રીલ પ્રભુપાદના સ્થાન વિષે જીબીસીના વિધાનો

૩. ઇસ્કોનમાં દીક્ષા ગુરૂ માટેની ફરજિયાત યોગ્યતાઓ

૪. ઇસ્કોનના ગુરૂ માટેના આચરણ વ્યવહારો

૫. ઇસ્કોનમાં દીક્ષા માટેની યોગ્યતાઓ

૬. પતિત પદભ્રષ્ટ ગુરૂનો ત્યાગ

૭. ઇસ્કોનના અધિકારી વર્ગો વચ્ચે એકસૂત્રતા

૮. ઇસ્કોન શિષ્ય અભ્યાસક્રમ અંગે જીબીસીનો ઠરાવ

૯. ઇસ્કોન માટે દીક્ષા ગુરૂ પદ્ધતિનાં નિર્માણ માટેના સિદ્ધાંતો

૧૦. વર્ગખંડના ધોરણો

૧૧. વધારાનું વાંચન

અભ્યાસક્રમ સમયપત્રક

# યુનિટ ૧

## પરિચય, સિદ્ધાન્ત અને સંદર્ભ

### પાઠ ૧ સ્વાગત અને પરિચય

સિદ્ધાંતો અને મુલ્યો

અભ્યાસક્રમના વ્યાપક હેતુઓ

અભ્યાસક્રમનું મૂલ્યાંકન

### પાઠ ૨ ગુરૂતત્ત્વ અને પરંપરા

ગુરૂતત્ત્વ

ગુરૂના પ્રકાર

ગુરૂ પરંપરાની પદ્ધતિ

મરણોપરાંત ઋત્વિક સિદ્ધાંતને રદિયો

### પાઠ ૩ શ્રીલ પ્રભુપાદ - ઇસ્કોનના સંસ્થાપક આચાર્ય

સંસ્થાપક આચાર્યનું કાર્ય

પ્રભુપાદ શ્રી ચૈતન્ય મહાપ્રભુના શક્તિ સંચારિત પ્રતિનિધિ

ભવિષ્યમાં ઇસ્કોન

### પાઠ ૪ ઇસ્કોનના ગુરૂઓ

ઇસ્કોનના ગુરૂની વર્તણુક

ગુરૂની અને ઇસ્કોનના અધિકારીઓની સૂચનાઓ

ઇસ્કોન બહારના ગુરૂઓ

# પાઠ ૧ સ્વાગત અને પરિચય

## પાઠના વિષયો

- વર્ગ ખંડના ધોરણો
- સિદ્ધાન્તો અને મૂલ્ય
- અભ્યાસક્રમના વ્યાપક હેતુઓ
- અભ્યાસક્રમનું મૂલ્યાંકન

## વર્ગખંડમાં વર્તણુંકના ધોરણો

અભ્યાસક્રમ દરમિયાન, શિક્ષણ માટે એક યોગ્ય વાતાવરણ જાળવવા, વર્ગખંડમાં વિદ્યાર્થીઓ વર્તણુંક માટેના નિયત કરવામાં આવેલા ધોરણોને અનુસરશે.

(જુઓ પરિશિષ્ટ ૬,)

## અભ્યાસક્રમના વ્યાપક હેતુઓ

**ઇસ્કોનમાં શિષ્યોની ગુણવત્તા સુધારવી જેથી શ્રીલ પ્રભુપાદની સંસ્થા અને તેના સભ્યોની સદ્ભાવના લાંબા સમય સુધી જળવાઈ રહે.**

આ હેતુઓ આપણે, વિદ્યાર્થીઓને નીચેના વિષયોમાં કેળવણી આપી પ્રાપ્ત કરીશું.

૧. શ્રીલ પ્રભુપાદ અને વ્યાપક ગૌડીય વૈષ્ણવ પરંપરાના ઉપદેશોમાં પ્રસ્તુત કરવામાં આવેલા શિષ્યતાના લાંબાગાળાના સિદ્ધાંતોને સમજવા અને ઇસ્કોનમાં આ ઉપદેશોનું અમલ કરી શકાય તેવા અનુપમ સંદર્ભોને સમજવા.

૨. આ સિદ્ધાંતોને નીચેની બાબતો અમલમાં મુકીને :

   અ. પોતાના ગુરુ અને વરિષ્ઠ વૈષ્ણવો સાથે આધ્યાત્મિક રીતે તંદુરસ્ત અને રચનાત્મક સંબંધો સ્થાપવા

   બ. આ સંબંધોમાં રહીને યોગ્ય વર્તણુંક કરવી.

૩. શિષ્યો માટે જરૂરી છે મુલ્યો અને વલણનો વિકાસ કરવો

૪. વ્યક્તિગત આદર્શ અને માર્ગદર્શન દ્વારા શ્રીલ પ્રભુપાદના ઉપદેશો અને તેમના આંદોલનને અખંડ રાખવા પરમેશ્વર તથા તેમના વિવિધ પ્રતિનિધિઓની સહકારપૂર્ણ સેવા કરવી.

## શિષ્ય અભ્યાસક્રમના લક્ષ્યો

એક શિષ્ય તરીકે હું કઈ રીતે મારામાં સુધારો લાવી શકું?

## અભ્યાસક્રમના સિદ્ધાંતો અને મુલ્યો

૧. પૂર્વ પ્રતિષ્ઠિત, શિક્ષા ગુરુ તરીકે શ્રીલ પ્રભુપાદ

૨. ઈસ્કોન અને પરંપરા પ્રત્યે નિષ્ઠા

૩. બહુવિધ અધિકારીઓ અને વરિષ્ઠ ભક્તો પ્રત્યે આદર

૪. ગુરુની વિચારપૂર્વક પસંદગી

૫. ગુરુના આદેશોમાં શ્રદ્ધા

૬. પ્રતિજ્ઞા અને શ્રીલ પ્રભુપાદના આંદોલન પ્રત્યે પ્રતિબદ્ધતા

૭. આદર્શ/ઉદાહરણ રૂપ સાધના અને સમતોલ જીવન શૈલી

૮. જીજ્ઞાસા, નમ્રતા અને સેવા

૯. અનુકુળ સંગ સમાવિષ્ઠતા અને સહકાર

૧૦. પવિત્ર નામનો વિકાસ અને પ્રસાર કરવો

# અભ્યાસક્રમનું મૂલ્યાંકન

**ખુલ્લા પુસ્તક સાથે મૂલ્યાંકન**

નીચેના પ્રશ્નો અથવા તેમાંથી પસંદ કરેલા પ્રશ્નો તમારા શિક્ષક દ્વારા તમને આપવામાં આવશે. તમારા જવાબો ૨૫૦ શબ્દોથી વધારે હોવા જોઈએ નહીં. કેટલાક પ્રશ્નોના જવાબ ટૂંકા હોઈ શકે છે. તારક ચિન્હ વાળા પ્રશ્નોના જવાબ આપવા ફરજિયાત છે. પાસ થવા માટે દરેક પ્રશ્નના ઓછામાં ઓછા ૬૫% મેળવવા જરૂરી છે.

**બંધ પુસ્તક સાથે મૂલ્યાંકન**

વૈકલ્પિક રીતે તમારા શિક્ષક વિવિધ પસંદગીના ઉત્તરવાળી બંધ પુસ્તક સાથેની કસોટી યોજી શકે છે. તેના પ્રશ્નો નીચે જણાવેલા ખુલ્લા પુસ્તકના પ્રશ્નો પર આધારીત હોઈ શકે છે. સામાન્ય રીતે પાસ થવા માટે દરેક પ્રશ્નના ઓછામાં ઓછા ૭૦% મેળવવા જરૂરી છે.

સફળ સ્નાતકોને ઇસ્કોન શિષ્ય અભ્યાસક્રમનું પ્રમાણપત્ર આપવામાં આવશે જે જીબીસી ગુરૂ સેવા સમિતિ દ્વારા અધિકૃત કરવામાં આવેલ છે.

## યુનિટ ૧. પરિચય, સિદ્ધાંત અને સંદર્ભ

**ગુરૂતત્ત્વ અને પરંપરા** **(પાઠ ૨)**

૧. ગુરૂના બે મુખ્ય વર્ગની સમાનતા અને તેમની વચ્ચેનો તફાવત સમજાવો.

૨. ઋત્વિકવાદ તત્ત્વજ્ઞાનને રદ કરતી ઓછામાં ઓછી ચાર દલીલો આપો. તમારા જવાબમાં શાસ્ત્રના ઉચિત સંદર્ભ આપો.

**ઇસ્કોનમાં ગુરૂ પાદાશ્રય** **(પાઠ ૩, ૫, અને ૮)**

૩. ઇસ્કોનમાં ગુરૂ પાદાશ્રય સમજાવો.

૪. શ્રીલ પ્રભુપાદ પૂર્વ પ્રતિષ્ઠિત શિક્ષા ગુરૂ અને ઇસ્કોનના સંસ્થાપક આચાર્ય તરીકે કઈ રીતે કાર્ય કરે છે, તે સમજાવો.

૫. ભવિષ્યની પેઢીઓ માટે શ્રીલ પ્રભુપાદ ઇસ્કોનના પૂર્વ પ્રતિષ્ઠિત શિક્ષા-ગુરૂ તરીકે વિદ્યમાન રહે, તે શા માટે અગત્યનું છે? *

૬. વર્તમાન ઇસ્કોન કાયદાના સંદર્ભમાં, શ્રીલ પ્રભુપાદ, ઇસ્કોનના વર્તમાન અને ભાવી ગુરૂઓની પૂજા કરવાની યોગ્ય પદ્ધતિનું ટૂંકમાં વર્ણન કરો.

**ઇસ્કોનના ગુરૂઓ** **(પાઠ – ૪)**

૭. શ્રીલ પ્રભુપાદના ઉપદેશો અને ઇસ્કોનના સત્તાકીય માળખા હેઠળ એક ઇસ્કોન ગુરૂના યોગ્ય વલણનું વર્ણન કરો.*

૮. શા માટે કોઈ પણ વ્યક્તિએ માત્ર ઇસ્કોનમાં જ શિક્ષા અને દીક્ષા ગુરૂઓનો સ્વીકાર કરવો જોઈએ અને ઇસ્કોન બહાર નહીં?

૯. ઇસ્કોનના શિષ્ય તરીકે અન્ય ગૌડીય વૈષ્ણવ પરંપરા અને સંસ્થાઓના ગુરૂઓ પ્રત્યે યોગ્ય વલણનું વર્ણન કરો.

## યુનિટ ૨ અને ૩ ગુરૂ સાથેના સંબંધ સ્થાપવા અને તે પ્રમાણે વર્તવું.

**ગુરૂની પંસદગી અને દીક્ષાની પ્રતિજ્ઞાઓ (નિયમો)** **(પાઠ ૬ અને ૭)**

૧૦. શ્રીલ પ્રભુપાદની ટિપ્પણીના સંદર્ભ સાથે દીક્ષા પ્રતિજ્ઞાઓનું મહત્ત્વ સમજાવો.

૧૧. ઇસ્કોનમાં દીક્ષાગુરૂની ફરજીયાત યોગ્યતાઓ (પરિશિષ્ટ -૩) અને શાસ્ત્રના સંદર્ભ સાથે તમારી દ્રષ્ટિએ અગત્યની હોય તેવી યોગ્યતાઓની અમુક યાદી આપો.

૧૨. ગુરૂની પસંદગીમાં યોગ્ય અને અયોગ્ય પદ્ધતિઓ અને કારણોની ચર્ચા કરો. તમારા ઉત્તરમાં વર્તમાન ઇસ્કોનના કાયદાનો અને શાસ્ત્રનો યોગ્ય સંદર્ભ આપો.*

**ગુરૂ- સેવા** **(પાઠ- ૯ અને ૧૦)**

૧૩. ગુરૂ સેવા અને ઇસ્કોનના આંદોલનની સેવા કરવા વચ્ચેના સંબંધોની ઉદાહરણો સાથે ચર્ચા કરો. આ બંને વચ્ચે સમતોલ વલણ રાખવાના મહત્ત્વને સમજાવો.*

૧૪. ગુરૂની “વપુ સેવા” અને “વાણી સેવા” શું છે? બેમાંથી કઇ સેવા વધારે મહત્ત્વની છે અને શા માટે?

૧૫. ગુરૂની સલાહ લેવા માટે યોગ્ય અને અયોગ્ય વિષયોના ઓછામાં ઓછા ચાર ઉદાહરણો આપો. તમારા ઉત્તરમાં શાસ્ત્રોનો યોગ્ય સંદર્ભ આપો.

૧૬. ગુરૂના ગુરૂ ભાઈ/ગુરૂ બહેનો સાથે એક શિષ્યની વર્તણુંક કેવી હોવી જોઈએ. તેની ચર્ચા કરો. તમારા જવાબમાં શાસ્ત્રમાંથી યોગ્ય સંદર્ભ આપો.

## યુનિટ ૪. સંબંધોમાં સહકાર અને મજબૂતાઈ રાખવી.

**ગુરૂને પ્રસ્તુત કરવા.** (પાઠ ૧૨ અને ૫)

૧૭. ઇસ્કોનના શિષ્યનું જાહેરમાં અને વૈષ્ણવ સમાજમાં ગુરૂને પ્રસ્તુત કરવા માટે યોગ્ય વલણ અને વર્તણુંકનું વર્ણન કરો. શાસ્ત્રો અને વર્તમાન ઇસ્કોન કાયદાઓના સંદર્ભમાં તમારો જવાબ આપશો. ઇસ્કોનના શિષ્યો માટે આ સંબંધે યોગ્ય વલણ કેળવવું શા માટે અગત્યનું છે?*

૧૮. વર્તમાન અને ભવિષ્ય માટે શ્રીલ પ્રભુપાદને ઇસ્કોનમાં સંસ્થાપક આચાર્ય અને પૂર્વ પ્રતિષ્ઠિત શિક્ષા ગુરૂ તરીકે પ્રસ્તુત કરવાનું શા માટે અગત્યનું છે?

**ઇસ્કોન અંતર્ગત સંબંધો સંબંધો** (પાઠ ૧૩)

૧૯. દીક્ષા ગુરૂના આધારે પક્ષપાત અને પૂર્વગ્રહના વિષયમાં ઇસ્કોન શિષ્ય માટેનું અયોગ્ય વર્તુંણુંક અને વલણની ચર્ચા કરો. આ સંબંધે ઇસ્કોન શિષ્યોએ યોગ્ય વર્તુંણુંક શીખવી જોઇએ એ શા માટે મહત્ત્વનું છે?

૨૦. ગુરૂના આધારે અયોગ્ય ભેદભાવ વિના ઇસ્કોનના બધા વૈષ્ણવો સાથે સહકાર ભર્યા સંબંધો બાંધવા અને જાળવવા માટેના વ્યવહારિક ઉપાયોનું વર્ણન કરો.*

# પાઠ ૨ ગુરુતત્વ અને પરંપરા

## પાઠના વિષયો

- ગુરૂ-તત્ત્વ
- ગુરૂના પ્રકાર
- ગુરૂ પરંપરાની પદ્ધતિ
- મરણોપરાંત ઋત્વિક પદ્ધતિને રદીઓ આપવો

### ગુરૂ-તત્ત્વ

ગુરૂના સ્થાન વિષે તમારા પોતાના શબ્દોમાં ટૂંકમાં સમજાવો.

## ગુરૂ-તત્ત્વ

**આધ્યાત્મિક ગુરૂ કૃષ્ણથી અભિન્ન છે.**

**ગુરૂ કૃષ્ણ-રૂપ હંય શાસ્ત્રેર પ્રમાણે ।**
**ગુરૂ-રૂપે કૃષ્ણ કૃપા કરેન ભક્ત-ગણે ।।**

સર્વ માન્ય શાસ્ત્રોના સુચિંતિત અભિપ્રાય અનુસાર, ગુરૂ એ શ્રીકૃષ્ણથી જુદા નથી. ભગવાન શ્રીકૃષ્ણ ગુરૂરૂપે પોતાના ભક્તોનો ઉદ્ધાર કરે છે.

પોતાના ગુરૂ સાથેનો શિષ્યનો સંબંધ એ તેના પરમેશ્વર સાથેના સંબંધ જેવો જ છે.

શ્રી ચૈતન્ય ચરિતામૃત આદિ લીલા - ૧.૪૫

**આચાર્યં માં વિજાનીયાન્નાવમન્યેત કર્હિચિત્ ।**
**ન મર્ત્યબુદ્ધયાસૂયેત સર્વદેવમયો ગુરૂઃ ।।**

"આચાર્યને મારા સ્વરૂપ સમાન જાણવા અને કોઇપણ રીતે તેમનો અનાદર કરવો નહીં. તેમને એક સાધારણ મનુષ્ય માની તેમની ઇર્ષા કરવી નહીં કેમ કે તેઓ સર્વ દેવોના પ્રતિનિધિ છે."

શ્રીમદ ભાગવતમ્ ૧૧.૧૭.૨૭

**જો કોઈ આધ્યાત્મિક ગુરૂને એક સામાન્ય માનવી સમજે તો તેનો વિનાશ નિશ્ચિત છે.**

શાસ્ત્રાજ્ઞા એ છે કે મનુષ્યે આધ્યાત્મિક ગુરૂને પરમેશ્વરની સમાન ભૂમિકા ઉપર હોય તેવી રીતે માન આપવું જોઇએ. સાક્ષાત્ હરિત્વેન્ સમસ્ત શાસ્ત્રૈઃ – દરેક શાસ્ત્રમાં આ આદેશ છે, આચાર્યં મામ્ વિજાનીયાત્ "શ્રી. ભા. ૧૧.૧૭.૨૭" મનુષ્યે આચાર્યને પૂર્ણ પુરુષોત્તમ પરમેશ્વર સમાન માનવા જોઇએ. આ બધી સૂચનાઓ હોવા છતાં જો મનુષ્ય આધ્યાત્મિક ગુરૂને સામાન્ય માનવી જેવા ગણે તો તેવા મનુષ્યોનો વિનાશ નિશ્ચિત છે.

ભાવાર્થ, શ્રીમદ્ ભાગવતમ્-૭.૧૫.૨૬

**જ્યારે તે પોતાની ફરજો પૂર્ણ રીતે બજાવે છે, ત્યારે તે સંપૂર્ણ છે...**

એક ટપાલી આપણને ૧૦૦ ડોલર પહોંચાડે છે, પરંતુ આપણે એવું વિચારતાં નથી કે ટપાલીએ આપણને ૧૦૦ ડોલર આપ્યા છે. પૈસા કોઈ મિત્ર દ્વારા મોકલવામાં આવ્યા છે, અને ટપાલીની ફરજ એટલી છે કે તેણે તે પૈસા યથારૂપ પહોંચાડવા જોઈએ. તેમાંથી એ કંઈ લઇ શકે નહીં, કે તેમાં તે કંઈ ઉમેરી પણ શકે નહીં. તેની સંપૂર્ણતા એમાં છે કે તે મિત્રો દ્વારા મોકલવામાં આવેલ ૧૦૦ ડોલર યથારૂપ પહોંચાડે. એ તેની સંપૂર્ણતા છે. ટપાલી ઘણી રીતે અપૂર્ણ હોઈ શકે છે. પરંતુ જ્યારે તે પોતાની ફરજ સંપૂર્ણ રીતે બજાવે છે, ત્યારે તે સંપૂર્ણ હોય છે.

પ્રભુપાદના વ્યાસપૂજા દિનનું સંબોધન, નવ વૃંદાવન, સપ્ટેમ્બર ૨, ૧૯૭૨

**વ્યક્તિઓ જે ઓછી યોગ્યતા ધરાવે છે, અથવા મુક્ત નથી, તેઓ પણ ગુરૂ તરીકે કામ કરી શકે છે.**

ઠાકુર ભક્તિવિનોદના વિધાનો પવિત્ર ગ્રંથ જેવા છે, કારણ કે તેઓ સિદ્ધ વ્યક્તિ છે. સામાન્ય રીતે આધ્યાત્મિક ગુરૂ ભગવાનના આવા શાશ્વત પાર્ષદોના સમૂહમાંથી ઉતરી આવે છે; પરંતુ જે કોઈ આવા સનાતન સિદ્ધ પુરુષોના સિદ્ધાંતોને અનુસરે છે, તે ઉપર જણાવેલ સમૂહો પૈકીનો એક જેવો જ હોય છે. એવી વ્યક્તિ જે સિદ્ધ આચાર્ય અને ગુરૂ છે, તે કદી પણ કોઈ પણ ભૂલ કરી શકે નહીં, પરંતુ એવી પણ વ્યક્તિઓ છે, જેઓ ઓછી યોગ્યતા ધરાવે છે અને મુક્ત નથી, પરંતુ તેમ છતાં જો તેઓ ગુરૂ-શિષ્ય પંરપરાને ચુસ્ત રીતે અનુસરે તો તેઓ ગુરૂ અને આચાર્ય તરીકે ફરજ બજાવી શકે છે,

જનાર્દનને પત્ર - ન્યુયોર્ક ૨૬ એપ્રિલ, ૧૯૬૮

**જો તમે શુદ્ધ ભક્તને અનુસરો, તો તમે પણ શુદ્ધ ભક્ત છો.**

જો તમે શુદ્ધ ભક્તને અનુસરો, તો તમે પણ શુદ્ધ ભક્ત છો. કોઈ વ્યક્તિ ૧૦૦% શુદ્ધ ન પણ હોય. કારણ કે આપણે સ્વંયને બદ્ધ જીવનમાંથી ઉન્નત કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. પરંતુ જો આપણે ચુસ્ત રીતે શુદ્ધ ભક્તને અનુસરીએ તો, આપણે પણ શુદ્ધ ભક્ત છીએ. આપણે જે કરીશું તે શુદ્ધ છે. આથી શુદ્ધ ભક્તનો અર્થ એ નથી કે કોઈ પણ વ્યક્તિએ તરત જ ૧૦૦% શુદ્ધ વ્યક્તિ બની જવાનું છે. પરંતુ જો આપણે એ સિદ્ધાંતને વળગી રહીએ કે, “અમે શુદ્ધ ભક્તને અનુસરીશું,” તો તેના કાર્યો.. તે એક શુદ્ધ ભક્ત જેવો જ છે.

ભગવદ-ગીતા ૨. ૧-૧૦ લોસ એન્જલસ, નવેમ્બર, ૨૫, ૧૯૬૮

## ગુરૂના પ્રકાર

**દીક્ષા-ગુરુ** (એક)

- ઉપદેશ આપે છે.
- દીક્ષા આપે છે અને ઔપચારિક રૂપે પરંપરા સાથે જોડે છે.
- આધ્યાત્મિક નામ આપે છે.
- મંત્ર આપે છે. (મંત્ર-ગુરુ)
- શિષ્યની પ્રતિજ્ઞાઓ સ્વીકારે છે.
- શિષ્યોના પાપમય કર્મફળોનો નાશ કરે છે. (દીક્ષા સમયે)

**શિક્ષા-ગુરુ** (અનેક)

- ઉપદેશ આપે છે.
- પરંપરા સાથે જોડે છે. (અનૌપચારિક રીતે)

**"શિક્ષા ગુરૂઓની સંખ્યામાં કોઈ મર્યાદા નથી."**

**મંત્ર ગુરૂ આર જત શિક્ષા ગુરૂ ગણ ।**
**તાંહાર ચરણ આગે કરિયે વંદન ।।**

"હું સર્વ પ્રથમ મારા દીક્ષા ગુરૂ અને ત્યારબાદ મારા સર્વ શિક્ષા ગુરૂઓના ચરણકમળમાં મારા સાદરપૂર્વક પ્રણામ કરું છું."

ભાવાર્થ - દીક્ષા-ગુરૂ તો ભક્તને એક જ હોવા જોઇએ કારણ કે, શાસ્ત્રોમાં એકાધિક દીક્ષા-ગુરૂની હંમેશા મનાઇ કરવામાં આવી છે. તેમ છતાં, કોઇ સાધક માટે શિક્ષા-ગુરૂઓને સ્વીકારવામાં કોઇ મર્યાદા બાંધવામાં આવી નથી. સામાન્યતઃ શિષ્યને આધ્યાત્મિક બાબતોમાં સતત સલાહ-સૂચનો આપનાર આધ્યાત્મિક ગુરૂ, પાછળથી તેના દીક્ષા-ગુરૂ બને છે.

શ્રી ચૈતન્ય ચરિતામૃત આદિ-લીલા- ૧.૩૫

**દીક્ષા ગુરૂ અને શિક્ષા ગુરૂઓ એક સમાન છે.**


મહામંત્રની દીક્ષા આપીને જે દીક્ષિત કરે તેને જ દીક્ષા-ગુરૂ કહેવામાં આવે છે; અને જે સંતો કૃષ્ણભાવનામાં પ્રગતિ કરવા માટે શિક્ષાઓ આપે છે તે, શિક્ષા-ગુરૂઓ તરીકે ઓળખાય છે. દીક્ષા-ગુરૂ અને શિક્ષા-ગુરૂ સાથે અલગ-અલગ વ્યવહાર હોવા છતાં તેઓ બંને શ્રીકૃષ્ણ સમાન અને એકસરખા જ આવિષ્કારો છે.

ભાવાર્થ, શ્રી ચૈતન્ય,ચરિતામૃત આદિ-લીલા -૧.૩૪

**શિક્ષા-વૃંદ કૃપા કોરીય અપાર**
**સાધકે શીખન્ સાધનેર અંગ-સાર**

પરંતુ હું અસંખ્ય શિક્ષા-ગુરૂઓને ખૂબ અગત્યના માનું છું. કારણ કે, તેઓ નવોદિત ભક્તોને સાધનભક્તિના બધા જરૂરી પાસાઓની કેળવણી આપીને અપાર કૃપા દર્શાવે છે.

શ્રી શ્રી કલ્યાણ કલ્પતરું
શ્રીલ ભક્તિવિનોદ ઠાકુર પ્રથમ શાખા – આધ્યાત્મિક ઉપદેશ
પરિચયઃ શિક્ષા અને દીક્ષા ગુરૂ



**"દીક્ષાનો અર્થ છે, દિવ્ય પ્રવૃત્તિઓની શરૂઆત કરવી.."**

દીક્ષા શબ્દ સૂચન કરે છે કે, "આ શરૂઆત છે. " દીક્ષા, દિ... દિવ્ય. આ બે શબ્દો છે. દિવ્ય જ્ઞાન. દિવ્ય જ્ઞાનનો અર્થ છે, આધ્યાત્મિક જ્ઞાન. તો દિવ્ય દી છે અને જ્ઞાનમ્, ક્ષપયતિ, સમજાવવું કે તે ક્ષ છે, આને દીક્ષા કહેવાય છે, જે શબ્દોનું સંયુક્ત રૂપ છે. તો દીક્ષા એટલે દિવ્ય પ્રવૃતિઓની શરૂઆત. આને દીક્ષા કહેવાય છે. તેથી અમે શિષ્યો પાસેથી પ્રતિજ્ઞા લેવડાવીએ છીએ કે, "તમે આટલી માળા કરશો," "હા ગુરૂજી." "તમે આ નીતિ-નિયમોનું પાલન કરશો," "હા. ગુરૂજી", આ છે દીક્ષા. તેને પાલન કરવું પડે, તેને માળાના જપ કરવા પડે. ત્યારબાદ બધુ આપોઆપ અનુસરશે.

પ્રવચન, શ્રીમદ્ ભાગવતમ્ ૬.૧.૧૫ – ઓકલેન્ડ ફેબ્રુઆરી ૨૨, ૧૯૭૩

સંસ્કૃતમાં તેને દીક્ષા કહેવાય છે, દીક્ષાનો અર્થ છે કે – દિ, દિવ્ય જ્ઞાનમ્, આધ્યાત્મિક જ્ઞાન અને ક્ષ, ઇક્ષા, ઇક્ષાનો અર્થ છે, દર્શન, જોવું. અથવા ક્ષપયતિ, સમજાવવું તેને દીક્ષા કહેવાય.

પ્રવચન, બલિમર્દન દાસની દીક્ષા મોન્ટ્રીયલ, જુલાઈ ૨૯, ૧૯૬૮

જ્યાં સુધી મનુષ્યની દીક્ષા ન થાય ત્યાં સુધી તેની બધી ભક્તિમય પ્રવૃત્તિ વ્યર્થ છે.

અદીક્ષિતસ્ય વામોરુ કૃતમ્ સર્વમ્ નિરર્થકમ્

પશુયોનિમ્ અવાપ્નોતિ દીક્ષા વિહરિતો જનઃ


"જ્યાં સુધી મનુષ્ય એક પ્રામાણિક આધ્યાત્મિક ગુરૂ દ્વારા દીક્ષિત ન થાય ત્યાં સુધી, તેની ભક્તિમય પ્રવૃત્તિઓ વ્યર્થ છે. જે મનુષ્ય યોગ્ય રીતે દીક્ષિત થયો ન હોય તો તે પુનઃ પશુ યોનીઓમાં પતિત થઈ શકે છે." હરિ-ભક્તિ વિલાસ (૨.૬)

વિષ્ણુ યામલમાંથી સંદર્ભ, શ્રી ચૈતન્ય ચરિતામૃત મધ્ય ૧૫.૧૦૮ ના ભાવાર્થમાંથી સંદર્ભ

**કૃષ્ણ અને કૃષ્ણભાવનામૃતનો વિકાસ કરી રહેલા મનુષ્ય વચ્ચે જોડાણ સ્થાપિત થાય છે.**

આધ્યાત્મિક ગુરૂ સાથેના જોડાણને દીક્ષા કહેવામાં આવે છે. આધ્યાત્મિક ગુરૂ દ્વારા દીક્ષિત થયાના દિવસથી કૃષ્ણ અને કૃષ્ણભાવનામૃતનો વિકાસ કરી રહેલા મનુષ્ય વચ્ચે જોડાણ સ્થાપિત થાય છે. અધિકૃત આધ્યાત્મિક ગુરૂ દ્વારા દીક્ષિત થયા વિના કૃષ્ણભાવનામૃત સાથે વાસ્તવિક જોડાણ કદાપિ થતું નથી.

## ગુરૂ-પરંપરા પદ્ધતિ



### એવંમ્ પરંપરા-પ્રાપ્તમ્

આ પરમ વિજ્ઞાન ગુરૂ-શિષ્ય પરંપરા દ્વારા પ્રાપ્ત થયું.

ભગવદ્ ગીતા તેના મૂળરૂપે – ૪.૨

આપણે શા માટે જીવીત દીક્ષા ગુરૂઓનો સ્વીકાર કરવાનો છે?

### "પરંપરા પદ્ધતિ..."

ગુરૂ ફક્ત પોતાના વ્યક્તિગત સ્વાર્થ માટે તેમના શિષ્યનો આદર સ્વીકારતા નથી, પરંતુ તેઓ આ આદર કૃષ્ણને અર્પણ કરે છે. ભગવદ્-ગીતામાં જણાવ્યું છે કે કૃષ્ણ વિશેનું જ્ઞાન પરંપરા દ્વારા પ્રાપ્ત થાય છે. આ પરંપરા છે, ગુરૂ-શિષ્ય પરંપરા (ભ.ગી. ૪.૨). ગુરૂ પણ પોતાના ગુરૂને આદર આપે છે અને તેમ કરીને કૃષ્ણ સુધી આદર પહોંચે છે અને તે જ રીતે કૃષ્ણની દયા નીચે સુધી આ પરંપરા દ્વારા પહોંચે છે. આમ કૃષ્ણની દયા આ પરંપરા પદ્ધતિ મારફતે નીચે સુધી આવે છે અને કૃષ્ણને અર્પણ થયેલ આદર પરંપરા પદ્ધતિથી ઉપર તરફ જાય છે. આ રીતે મનુષ્યે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સુધી પહોંચવાનું શીખવું જોઈએ....

ભગવાન કપિલના ઉપદેશો, પ્રકરણ ૧૩ શરણાગતિ દ્વારા સંપૂર્ણ જ્ઞાન

**શિષ્યએ વર્તમાન કડીનો સંપર્ક કરવો જોઈએ.**

શ્રીમદ્ ભાગવતમનો સંદેશ ગુરૂ-શિષ્ય પરંપરા દ્વારા ઉતરી આવ્યો છે. શ્રીમદ્ ભાગવતમનો સાચો સંદેશ મેળવવા માટે મનુષ્યે ગુરૂ-શિષ્ય પરંપરામાંના કડીરૂપ વર્તમાન ગુરૂ પાસે જવું જોઇએ.

શ્રીમદ્ ભાગવતમ્ – ૨.૯.૭

**તમે ઉચ્ચત્તર ગુરૂ તરફ કૂદી ન શકો**

જો તમે ભગવદ્-ગીતા સમજવા માંગો છો, તો આપણે એવી જ રીતે સમજવી જોઇએ, જેવી રીતે જેણે પ્રત્યક્ષ રીતે સાંભળ્યું હોય. આને પરંપરા પદ્ધતિ કહેવામાં આવે છે. ધારો કે, મેં મારા આધ્યાત્મિક ગુરૂ પાસેથી કંઈક સાંભળ્યું છે, તો હું તમારી સામે એ જ વસ્તુ કહીશ, તો આ પરંપરા પદ્ધતિ છે. મારા આધ્યાત્મિક ગુરૂએ શું કહ્યું તેની તમે કલ્પના કરી શકો નહીં અથવા તમે કોઇ પુસ્તકો વાંચો, તો પણ તમે મારી પાસેથી સમજ્યા વિના તેને સમજી શકશો નહીં. આને પરંપરા પદ્ધતિ કહેવાય. તમે તમારા વર્તમાન આચાર્યની અવગણના કરી ઉચ્ચત્તર ગુરૂ તરફ કૂદકો ન મારી શકો.

પ્રવચન શ્રીમદ્ ભાગવતમ્ ૧.૧૫.૩૦ - લોસ એન્જલસ, ૮ ડિસેમ્બર, ૧૯૭૩

**કૃષ્ણનો સીધો જ સંપર્ક કરવાનો પ્રયાસ કરશો નહીં, તે વ્યર્થ છે.**

સૌપ્રથમ તમારા આધ્યાત્મિક ગુરૂ, ત્યાર બાદ તેમના આધ્યાત્મિક ગુરૂ, ત્યાર બાદ તેમના આધ્યાત્મિક ગુરૂ, તેમના આધ્યાત્મિક ગુરૂ, તેમના આધ્યાત્મિક ગુરૂ અને તેમ કરતા આખરે કૃષ્ણ. આ પ્રક્રિયા છે. કૃષ્ણનો સીધો જ સંપર્ક કરવાનો પ્રયાસ કરશો નહીં, તે વ્યર્થ છે. તમે જે રીતે ક્રમશઃ પરંપરા પદ્ધતિથી જ્ઞાન મેળવો છો તેવી રીતે આપણે કૃષ્ણનો આવા ક્રમથી જ સંપર્ક કરવો જોઇએ.

શ્રીમદ્ ભાગવતમ્ ૧.૨.૪ - રોમ, ૨૮ મે, ૧૯૭૪

**વ્યક્તિએ વૈષ્ણવ ગુરૂનું ચયન કરવુ જોઈએ... માત્ર પુસ્તકો વાંચીને નહીં.**

માણસે અભિમાનથી એમ ન માનવું જોઇએ, કે માત્ર પુસ્તકોને જ વાંચીને ભગવાનની દિવ્ય સેવાભક્તિને સમજી શકાશે. દરેકે વૈષ્ણવ ગુરૂને સ્વીકારવા જોઇએ (આદૌ ગુર્વાશ્રયમ્) અને પછી પ્રશ્નો તથા ઉત્તરો દ્વારા દરેકે ક્રમશઃ શીખવું જોઇએ કે કૃષ્ણની શુદ્ધભક્તિ શું છે? એ પરંપરા પદ્ધતિ કહેવાય છે.

શ્રી ચૈતન્ય ચરિતામૃત અંત્ય લીલા – ૭.૫૩

**હું જે શિષ્યોને દીક્ષા આપી રહ્યો છું તેઓ ભવિષ્યના આધ્યાત્મિક ગુરૂઓ બનશે.**

આ વિદ્યાર્થીઓ જેઓ મારા દ્વારા દીક્ષિત છે, તે બધા જેમ હું કરુ છું, તેમ કાર્ય કરશે. મારા અનેક ગુરૂભાઇઓ છે તેઓ બધા કાર્યો કરી રહ્યા છે, તેવી રીતે આ બધા શિષ્યો જેમને હું દીક્ષા આપી રહ્યો છું તેઓ ભવિષ્યમાં આધ્યાત્મિક ગુરૂ બનવાની કેળવણી લઇ રહ્યા છે.

ખંડ વાર્તાલાપ, ડેટ્રોઇટ, જુલાઈ ૧૮, ૧૯૭૧

**મારે મારા શિષ્યોને પ્રામાણિક આધ્યાત્મિક ગુરૂ બનતા જોવા છે.**

મારે મારા શિષ્યોને અધિકૃત આધ્યાત્મિક ગુરૂ બની કૃષ્ણભાવનામૃતનો ખૂબ જ વિશાળ પ્રચાર કરતા જોવા છે. તેનાથી હું અને કૃષ્ણ ખૂબ જ પ્રસન્ન થઇશું. અત્યંત ચુસ્ત પણે તાલીમ લો અને ત્યાર પછી તમે અધિકૃત ગુરૂ છો, અને તમે એ જ સિદ્ધાંતના આધારે શિષ્યો સ્વીકારી શકો છો. પરંતુ શિષ્ટાચાર મુજબ એવો રિવાજ છે કે તમારા આધ્યાત્મિક ગુરૂના જીવનકાળ દરમિયાન તમે દીક્ષાર્થીઓને તેમની પાસે લાવો અને તેમની ગેરહાજરીમાં અથવા તેમના તિરોભાવ પછી તમે કોઇપણ સીમા વિના શિષ્યો સ્વીકારી શકો છો. ગુરૂ-શિષ્ય પરંપરાનો આ કાયદો છે.

તુષ્ટ કૃષ્ણને પત્ર ૨ ડિસેમ્બર, ૧૯૭૫

**હું ઇચ્છું છું કે મારી ગેરહાજરીમાં મારા બધા શિષ્યો પ્રામાણિક આધ્યાત્મિક ગુરૂ બને.**

જે કોઇ વ્યક્તિ શ્રી ચૈતન્ય મહાપ્રભુના પ્રામાણિક પ્રતિનિધિના માર્ગદર્શન હેઠળ ચૈતન્ય મહાપ્રભુના આદેશોને અનુસરે તો તે એક આધ્યાત્મિક ગુરૂ બની શકે છે અને હું ઇચ્છુ છું કે સમગ્ર વિશ્વમાં કૃષ્ણભાવનામૃતનો ફેલાવો કરવા મારા બધા શિષ્યો મારી ગેરહાજરીમાં પ્રામાણિક આધ્યાત્મિક ગુરૂ બને.

મધુસૂદનને પત્ર – નવદ્વિપ, ૨ નવેમ્બર, ૧૯૬૭

**"જેટલી વધુ તમે નિમ્નસ્થિતિ ગ્રહણ કરશો તેટલા વધુ તમે ઉન્નત થશો."**

આને પરંપરા પદ્ધતિ કહેવામાં આવે છે. તમારે કૃષ્ણના દાસના દાસ કેવી રીતે બનવું તે શીખવાનું છે. જેટલી વધુ તમે નિમ્નસ્થિતિ ગ્રહણ કરશો-દાસ, દાસ, દાસ, દાસ, દાસ, સો વખત દાસ, દાસ-બની સેવા કરશો તેટલા વધુ તમે ઉન્નત થશો.

પ્રવચન ભગવદ્-ગીતા ૨.૨ - લંડન, ૩ ઓગસ્ટ, ૧૯૭૩

## મરણોપરાંત ઋત્વિક સિદ્ધાંતને રદિયો આપવાની દલીલો.

મરણોપરાંત ઋત્વિક સિદ્ધાંત એ એક ગેરમાર્ગે દોરનારો સિદ્ધાંત છે, જેના વડે આધ્યાત્મિક ગુરૂ, તેમના તિરોભાવ પછી પણ ઋત્વિક પ્રતિનિધિ અથવા ઔપચારિક પુરોહિતોના માધ્યમથી દીક્ષા-ગુરૂ તરીકે હયાત હોવાનો દાવો કરે છે.

- કોઈ પણ પ્રામાણિક વૈષ્ણવ સંપ્રદાયોમાં પોતાના પરમ-ગુરુ પાસેથી દીક્ષા લેવાનું કોઈ ઉદાહરણ ઉપલબ્ધ નથી.
- શાસ્ત્રોમાં એવો કોઈ પુરાવો નથી કે કોઈ પરમ-ગુરુ પાસેથી દીક્ષા લઇ શકે છે.
- વીરભદ્ર ગોસ્વામી, જેઓ ભગવાન નિત્યાનંદ પ્રભુના પુત્ર છે, તેમણે શ્રી નિવાસ આચાર્યને પત્ર લખી જણાવ્યું હતું કે એક જય ગોપાલ નામની વ્યક્તિનો વૈષ્ણવ સમાજ દ્વારા બહિષ્કાર કરવામાં આવ્યો છે કેમ કે તેઓ એવો દાવો કરતા હતા કે તેઓ તેમના પરમ-ગુરુના શિષ્ય છે.

  ગૌડીય વૈષ્ણવ અભિધાન, ખંડ- ૩
- એવી દલીલ કરવી કે પ્રભુપાદના શિષ્યોમાં કોઈ યોગ્યતા ધરાવતા દીક્ષા ગુરુ નથી, એવો નિર્દેશ કરે છે કે પ્રભુપાદનું શિક્ષણ અસરકારક પૂરવાર થયું નથી. તો કોઇ ઋત્વિક પૂજારી મારફતે પ્રભુપાદના દીક્ષા શિષ્ય બનવાનો શો અર્થ છે?
- ઋત્વિક સિદ્ધાંતમાં માનવામાં આવે છે કે ફક્ત અસાધારણ શક્તિ સંચારિત આચાર્ય જ ગુરુ બની શકે છે જેને શાસ્ત્રોમાં કે વૈષ્ણવ પરંપરામાં સમર્થન મળતું નથી.
- ઋત્વિક સિદ્ધાંતમાં માનવામાં આવે છે કે આચાર્ય શાસ્ત્ર વિરુદ્ધ વર્તન કરી શકે છે.
- ઋત્વિક સિદ્ધાંતમાં જીવિત વૈષ્ણવોમાં સ્વભાવિક શ્રદ્ધાના વિકાસને નષ્ટ કરવામાં આવે છે, જે શ્રદ્ધા, ભક્તિનું એક આવશ્યક પાસું છે.
- ઋત્વિક ગુરૂ સલાહ આપે છે પરંતુ પ્રામાણિક દીક્ષા-ગુરુની જેમ શિષ્યોનો ઉદ્ધાર કરવાની જવાબદારી ઔપચારિક રીતે સ્વીકારતા નથી.

વધારાના મુદ્દા :

## ગુરૂતત્ત્વ

### આચાર્યને ભગવાનની સમાન આદર આપવો જોઈએ.

વિશ્વનાથ ચક્રવર્તી ઠાકુરે પણ કહ્યું છે કે, સાક્ષાદ્ધરિત્વેન સમસ્ત શાસ્ત્રૈર્ ઉક્તસ્ તથા ભાવ્યત એવ સદ્ભિઃ આચાર્ય અને ગુરૂ ભગવાન સમાન છે. સાક્ષાદ્ધરિત્વેન. આચાર્યનું ભગવાન કૃષ્ણની જેમ સન્માન કરવું જોઈએ. આથી આચાર્યમ્ માં વિજાનિયાન્ નાવમન્યેતકર્હિચિત્ (શ્રી.ભા.૧૧.૧૭.૨૭). જો કોઈ મૂર્ખતાવશ વિચારે કે "તેઓ એક માણસની પૂજા કરે છે. તેઓ મારા જેવા છે અને તેમણે આસન ગ્રહણ કર્યું છે અને તેઓ શિષ્યો પાસેથી સન્માન અને પૂજા મેળવી રહ્યા છે." કેટલીક વખત તેવો આવા પ્રશ્નો કરે છે, પરંતુ તેઓ જાણતા નથી કે આચાર્યનું સન્માન કેવી રીતે કરવું જોઈએ. આચાર્યનું સાક્ષાદ્ધરિત્વેન, ભગવાનની જેમ સન્માન કરવું જોઈએ. તેમાં કોઈ અતિશયોક્તિ નથી. તે શાસ્ત્ર મુજબ છે અને આચાર્ય પણ આ બધા સન્માનનો સ્વીકાર પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સુધી પહોંચાડવા માટે કરે છે.

શ્રીમદ્ ભાગવતમ્ ૧.૭.૪૫-૪૬ - વૃંદાવન, ઓક્ટોબર ૫, ૧૯૭૬

### શ્રીમતી રાધારાણીના સાથીઓ અને નિત્યાનંદ પ્રભુના પ્રતિનિધિઓ

અચિંત્ય ભેદાભેદ તત્ત્વ એ જ સાચું વૈદિક તત્ત્વજ્ઞાન છે, કે જે બધું એક જ સમયે પુરુષોત્તમ પરમેશ્વર સાથે એકરૂપ અને ભિન્ન છે એમ પ્રસ્થાપિત કરે છે. શ્રીલ રઘુનાથદાસ ગોસ્વામી સમર્થન કરે છે કે સાચા સદગુરૂની આ જ વાસ્તવિક સ્થિતિ છે અને તેઓ કહે છે કે શિષ્યએ ગુરૂ અંગે મુકુંદ(શ્રીકૃષ્ણ) સાથેના તેમના અંતરંગ સંબંધના સંદર્ભમાં જ વિચાર કરવો જોઇએ. શ્રીલ જીવ ગોસ્વામીએ તેમના 'ભક્તિ સંદર્ભ' (૨૧૩)માં સ્પષ્ટ પણે બતાવ્યું છે કે ગુરૂ તથા શિવજી પુરુષોત્તમ પરમેશ્વર સાથે એકરૂપ છે એવું શુદ્ધ ભક્તોનું અવલોકન, તેઓ ભગવાન સાથે સર્વથા એકરૂપ છે એના આધારે નહીં પરંતુ તેઓ ભગવાનને બહુ વ્હાલા છે એના આધારે થાય છે. શ્રીલ રઘુનાથ દાસ ગોસ્વામી અને શ્રીલ જીવ ગોસ્વામીના પગલે ચાલી શ્રીલ વિશ્વનાથ ચક્રવર્તી ઠાકુર જેવા પછીના આચાર્યોએ એ જ સત્યોનું સમર્થન કર્યું છે કે બધા જ વૈદિક શાસ્ત્રોએ સદગુરૂને ભગવાન સાથે એકરૂપ માન્યા છે કેમ કે તેઓ ભગવાનના બહુ જ વ્હાલા અને અંતરંગ સેવક છે. તેથી ગૌડીય વૈષ્ણવો સદ્-ગુરૂ ભગવાનના પ્રિય સેવક છે તેવી દ્રષ્ટિથી શ્રી ગુરૂદેવનું પૂજન કરે છે. સર્વ પ્રાચીન ભક્તિ સાહિત્યમાં અને શ્રીલ નરોત્તમદાસ ઠાકુરના તેમજ શ્રીલ ભક્તિવિનોદ ઠાકુર તથા અન્ય શુદ્ધ

વૈષ્ણવોના તાજેતરના ભજનોમાં સદગુરૂનો અથવા તો શ્રીમતી રાધારાનીના અંતરંગ સખી રૂપે કે શ્રીલ નિત્યાંનંદ પ્રભુના પ્રગટ પ્રતિનિધિ માન્યા છે.

શ્રી ચૈતન્ય ચરિતામૃત આદિલીલા ૧.૪૬

**આધ્યાત્મિક ગુરૂ –ચૈત્ય ગુરૂનો બાહ્ય આવિર્ભાવ છે.**

પરમ ગુરૂ કૃષ્ણ છે, જે "ચૈત્ય-ગુરૂ" તરીકે ઓળખાય છે. આનો સંદર્ભ પરમાત્મા સાથે છે, જે જીવમાત્રના હૃદયમાં વિરાજે છે. ભગવદ્-ગીતામાં જણાવ્યા મૂજબ, તેઓ અંદરથી સહાય કરે છે અને તેઓ જ ગુરૂને મોકલે છે, જે બહારથી મદદ કરે છે. ગુરૂ દરેક જીવના હૃદયમાં વસતા "ચૈત્ય-ગુરૂ"નો બાહ્ય આવિર્ભાવ છે.

ભાવાર્થ, શ્રીમદ્ ભાગવતમ્ - ૪.૮.૪૪

**જો તમે શુદ્ધ ભક્તને અનુસરો, તો તમે પણ શુદ્ધ ભક્ત છો.**

"આપણે સો ટકા સંપૂર્ણ ન હોઇ શકીએ, પરંતુ જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી, જો આપણે ઉપદેશોને યથારૂપ અનુસરીએ તેટલી માત્રામાં આપણે સંપૂર્ણ બનીશું. આ રીતે મનુષ્ય સંપૂર્ણ બનશે. તો વ્યક્તિએ તેનું અનુસરણ કરવાનું જ છે. તે જ ઉદાહરણ, સમજવાનો પ્રયત્ન કરો, એક સંપૂર્ણ, નિષ્ણાત કારીગર અથવા કામદાર કાર્ય કરે છે અને કોઇ વ્યક્તિ તેની સૂચના મુજબ તેના હાથ નીચે કામ કરે છે. તો આ કોઇ વ્યક્તિ પણ નિષ્ણાત છે કારણકે તે નિષ્ણાત વ્યક્તિની સૂચનાઓને ચુસ્તપણે અનુસરી કાર્ય કરે છે. તે સો ટકા નિષ્ણાંત ન પણ હોઈ શકે, પરંતુ તેનું કામ સંપૂર્ણ હશે, સમજ્યા? કારણ કે તે એક નિષ્ણાતની સૂચના અનુસાર કામ કરે છે. તમે સમજ્યા? તો જો તમે શુદ્ધ ભક્તને અનુસરો તો તમે પણ શુદ્ધ ભક્ત છો. એવુ બની શકે કે કોઇ વ્યક્તિ સો ટકા શુદ્ધ ન પણ હોય. કારણ કે, આપણે બદ્ધ જીવનમાંથી ઉન્નત થવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. પરંતુ જો આપણે ચુસ્ત પણે શુદ્ધ ભક્તને અનુસરીએ તો આપણે પણ શુદ્ધ ભક્ત છીએ. આપણે જેટલા અંશે અનુસરીએ તેટલા અંશે શુદ્ધ બનીએ છીએ. તો શુદ્ધ ભક્ત હોવાનો અર્થ એ નથી કે કોઈ વ્યક્તિએ તરત જ સો ટકા શુદ્ધ બની જવાનું છે. પરંતુ જો તે એ સિદ્ધાંતને વળગી રહે કે "અમે શુદ્ધ ભક્તને અનુસરીશું." તો તેના કાર્યો... તે શુદ્ધ ભક્ત જેવા જ છે.

ભગવદ્-ગીતા ૨.૧-૧૦, લોસ એન્જલસ, ૨૫ નવેમ્બર, ૧૯૬૮

**ગુરૂઓના પ્રકાર**

**"તેઓ અનેક નથી તેઓ એક છે, ગુરૂ-તત્ત્વ "**

પ્રથમ ગુરૂને વંદન કરવામાં આવે છે, વંદેગુરૂન્, અને ગુરૂન્ બહુવચન છે અર્થાત અનેક ગુરૂઓ. પરંતુ તેઓ અનેક નથી; તેઓ એક છે, ગુરૂ-તત્ત્વ..

પ્રવચન, શ્રી ચૈતન્ય ચરિતામૃત-આદિલીલા-૧.૧ માયાપુર, ૨૫ માર્ચ, ૧૯૭૫

**દીક્ષાર્થિ વ્યક્તિના અગાઉના પાપ દૂર થાય છે.**

**દીક્ષા-કાલે ભક્ત કરે આત્મ-સમર્પણ**
**સેઈ-કાલે કૃષ્ણ તારે કરે આત્મ-સમ**

દીક્ષા વખતે ભક્ત જ્યારે પ્રભુ સેવામાં આત્મસમર્પણ કરે છે, ત્યારે કૃષ્ણ તેને પોતાના જેવા જ તરીકે સ્વીકારે છે.

**સેઈ દેહ કરે તાર ચિદાનંદ-મય**
**અપ્રાકૃત-દેહે તાંર ચરણ ભજય**

જ્યારે ભક્તના શરીરનું આ રીતે દિવ્ય જીવનમાં પરિવર્તન કરાય છે, ત્યારે ભક્ત દિવ્ય શરીરમાં ભગવાનના ચરણકમળોની સેવા કરે છે.

શ્રી ચૈતન્ય- ચરિતામૃત અંત્ય - ૪.૧૯૨-૧૯૩

**દીક્ષા અને શિક્ષા-ગુરૂ**

શાસ્ત્રોના નિયમોને અનુસરી જે ગુરૂ દીક્ષા આપે છે તેને દીક્ષા ગુરૂ કહે છે અને જે ગુરૂ આત્મોન્નતિ માટે ઉપદેશ આપે છે તેને શિક્ષા-ગુરૂ કહે છે.

શ્રી ચૈતન્ય- ચરિતામૃત મધ્યલીલા – ૮.૧૨૮

**દીક્ષા-પુરશ્ચર્યા-વિધિ અપેક્ષા ન કરે**
**જિહ્વા-સ્પર્શે આ-ચંડાલ સબારે ઉદ્ધારે**

માણસે દીક્ષા લેવાની કે દીક્ષા પહેલા કરવાની(પૂરશ્ચર્યા) વિધિ કરવાની જરૂર નથી. માણસે માત્ર તેના હોઠથી પુનિત નામનું ઉચ્ચારણ જ કરવાનું છે. આ રીતે (ચંડાળ) જેવા નીચામાં નીચા વર્ગના માણસનો પણ ઉદ્ધાર થઇ શકે છે.

ચૈતન્ય મહાપ્રભુની સત્યરાજ ખાન સાથે ચર્ચામાંથી શ્રી ચૈતન્ય ચરિતામૃત મધ્યલીલા ૧૫.૧૦૮

**આધ્યાત્મિક ગુરૂ પોતાના શિષ્યોના બધા પાપ કર્મોનો સ્વીકાર કરે છે.**

પ્રથમ દીક્ષા સમયે આધ્યાત્મિક ગુરૂ પોતાના શિષ્યના બધા પાપ કર્મોનો સ્વીકાર કરે છે. હું બહુ સરળતાથી દીક્ષા આપી શકું. પરંતુ હું શું કરી શકું? હું ભગવાનની સેવા માટે નરકમાં જવા પણ તૈયાર છું.

જદુરાનીને પત્ર - નવવૃંદાવન ૪ સપ્ટેમ્બર, ૧૯૭૨

**પ્રથમ દિવસે શ્રવણ કરવાથી જ શાશ્વત સંબંધનો આરંભ થઇ જાય છે.**

તમારા પ્રશ્નોના સંદર્ભ બીજી દીક્ષા વાસ્તવિક દીક્ષા છે. પ્રથમ દીક્ષા પ્રાથમિક છે, ફક્ત શિષ્યને તૈયાર કરવા માટે, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ જેવી. પ્રથમ દીક્ષા તેને શુદ્ધ બનવાની તક આપે છે અને વાસ્તવિક શુદ્ધિ બાદ તેને બ્રાહ્મણ તરીકે માન્યતા મળે છે અને તે વાસ્તવિક દીક્ષા છે. એનો અર્થ છે, શિષ્ય અને આધ્યાત્મિક ગુરૂ વચ્ચેના શાશ્વત સંબંધની શરૂઆત પ્રથમ દિવસે શ્રવણ કરવાથી જ થઇ જાય છે. જેવી રીતે મારા આધ્યાત્મિક ગુરૂ. ૧૯૨૨માં અમારી પ્રથમ મુલાકાતમાં તેમણે કહ્યું હતું કે તમે શિક્ષિત છોકરાઓ છો તો આ જ્ઞાનનો પ્રચાર કેમ નથી કરતા? એ શરૂઆત હતી, હવે વાસ્તવિકતા બની રહી છે. તેથી સંબંધની શરૂઆત તે દિવસે જ થઇ ગઇ હતી.

જદુરાનીને પત્ર – નવવૃંદાવન, ૪ સપ્ટેમ્બર, ૧૯૭૨

**ગુરૂ-પરંપરા પદ્ધતિ**

**સૌ પ્રથમ તમે મારા ભક્તોના ભક્ત બનો ... દાસ દાસ દાસાનુદાસ**

આપણે સીધા શ્રીકૃષ્ણ તરફ છલાંગ મારી શકતા નથી. આ એક બીજી મુર્ખામી છે. આપણે ગુરૂના માધ્યમથી જ શ્રી કૃષ્ણ સુધી પહોંચવાનો પ્રયત્ન કરવો જોઈએ. તે પરંપરા પદ્ધતિ કહેવાય છે. શ્રી કૃષ્ણ એટલી સસ્તી વસ્તુ નથી કે તમે છલાંગ લગાવીને મેળવી લો. જો કોઈ એમ કહે કે, “ઓહ હું શા માટે કોઇ ગુરૂનો સ્વીકાર કરું? હું શ્રી કૃષ્ણ સુધી જાતે જ પહોંચી શકુ છું.” ના. તો શ્રી કૃષ્ણ તેમનો સ્વીકાર કરતા નથી. શ્રી કૃષ્ણ કહે છે કે, મદ્ભક્તઃપૂજાભ્યધિકઃ, “સૌપ્રથમ તમે મારા ભક્તોના ભક્ત બનો.” ચૈતન્ય મહાપ્રભુ કહે છે કે, ગોપીભર્તુઃ પદકમલયોર્ દાસદાસ દાસાનુદાસઃ. “હું શ્રી કૃષ્ણના દાસના દાસનો દાસ છું.”

પ્રવચન-ભગવદ્-ગીતા ૨.૨, લંડન, ૩ ઓગસ્ટ, ૧૯૭૩

**એક પ્રામાણિક ગુરૂ સ્પષ્ટ રૂપે એક શિષ્યની મૂર્ખતા બતાવી દે છે.**

જે મનુષ્ય કહેવાતી કેળવણીથી ઘમંડી થયો છે અને જેનામાં વિનમ્રતા નથી, તે સદગુરૂનો આશ્રય શોધતો નથી. તે એવું માની લે છે કે તેને સદગુરૂની કોઇ જરૂર નથી અને તે તેના પોતાના પ્રયાસોથી જ સર્વોચ્ચ પૂર્ણતા કે સિદ્ધિ મેળવી શકે છે. આવા મનુષ્યો વેદાંત સૂત્રોના અધ્યયન માટે સુપાત્ર ઠરતા નથી. જેઓ ભૌતિક શક્તિ માયાની જાદુઇ અસર હેઠળ હોય છે, તેઓ ગુરૂ-શિષ્ય પરંપરાના બોધને અનુસરતા નથી, પરંતુ પોતે જ પોતાનું કશું ઉપજાવી કાઢે છે અને તેમ કરી વેદાંતના અભ્યાસના ક્ષેત્રની બહાર ચાલ્યા જાય છે. પ્રમાણભૂત સદગુરૂએ આવા સ્વતંત્ર માનસિક તાર્કિકોને સદા વખોડી કાઢવા જોઇએ. જો સદ્-ગુરૂ પોતાના કોઇ શિષ્યની મૂર્ખાઇ સીધે સીધી બતાવે, તો તેને વ્યર્થ સમજવું ન જોઇએ.

ભગવાન શ્રી ચૈતન્ય મહાપ્રભુના દિવ્ય ઉપદેશ, ૧૮મો અધ્યાય પ્રકાશાનંદ સાથે વાતચીત

**ઠાકુર ભક્તિવિનોદ ગૌર કિશોરદાસ બાબાજી મહારાજના સત્તાવાર આધ્યાત્મિક ગુરૂ ન હતા.**

ઠાકુર ભક્તિવિનોદ ગૌર કિશોરદાસ બાબાજી મહારાજના સત્તાવાર આધ્યાત્મિક ગુરૂ ન હતા. ગૌર કિશોરદાસ બાબાજી મહારાજ પહેલેથી જ પરમહંસ સ્તર પર હતા. પરંતુ ઠાકુર ભક્તિવિનોદ જ્યારે પોતે એક ગૃહસ્થી તરીકેનો ભાગ ભજવી રહ્યા હતા, ત્યારે તેમની ઉચ્ચત્તર, ઉત્કૃષ્ઠ આધ્યાત્મિક સમજના લીધે ગૌર કિશોરદાસ બાબાજી મહારાજ તેમને પોતાના માર્ગદર્શક તરીકે ગણતા હતા અને આમ તેઓ હંમેશા તેમને પોતાના આધ્યાત્મિક ગુરૂ માનતા હતા. આધ્યાત્મિક ગુરૂ બે ભાગમાં વહેંચાય છે; શિક્ષા-ગુરૂ અને દીક્ષા-ગુરૂ. તો ઔપચારિક રીતે ભક્તિવિનોદ ઠાકુર ગૌરકિશોરદાસ બાબાજી મહારાજના શિક્ષા-ગુરૂ જેવા હતા.

દયાનંદને પત્ર, એલ્સ્ટન મેસ ,૧મે ૧૯૬૯

**ગુરૂ-શિષ્ય પરંપરાનો એ અર્થ નથી કે વ્યક્તિએ પ્રત્યક્ષ રીતે શિષ્ય થવું પડે.**

બીજો મુદ્દો એ છે કે ગુરૂ-શિષ્ય પરંપરાનો એ અર્થ નથી કે વ્યક્તિએ પ્રત્યક્ષ રીતે કોઇ એક વિશેષ વ્યક્તિના શિષ્ય થવું પડે. આપણી ભગવદગીતા તેના મૂળરૂપેમાં આપણે જે નિષ્કર્ષોને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે તે અર્જૂનના નિષ્કર્ષોની સમાન છે. અન્ય એક ઉદાહરણ છે કે, એક વૃક્ષમાં ઘણી શાખાઓ હોય છે અને તમને એક પત્તું અહીં મળશે અને બીજું પત્તું ત્યાં. પરંતુ જો તમે એક પત્તું લો અને બીજું પત્તું લો, તે બંન્નેને દબાવો, તમે જોશો કે સ્વાદ એક જ આવશે. તે સ્વાદ એ જ નિષ્કર્ષ છે અને તે સ્વાદ દ્વારા તમે એક જ વૃક્ષના બંન્ને પાંદડાઓને સમજી શકશો.

કીર્તિનાનંદ પત્ર - લોસ એન્જલસ ૨૫ જાન્યુઆરી, ૧૯૬૯

**ગુરૂ એક જ હોય છે.**

ગુરૂ એક જ હોય છે, કારણ કે તે ગુરૂ પરંપરામાં આવે છે. જે વ્યાસ દેવ અને શ્રી કૃષ્ણએ ૫૦૦૦ વર્ષ પહેલા શીખવાડ્યું હતું તે જ વર્તમાન સમયમાં પણ શીખવાડવામાં આવે છે. બંને ઉપદેશોમાં કોઈ અંતર નથી. સેંકડો અને હજારો આચાર્ય આવી આવીને જતા રહ્યા, પરંતુ સંદેશ તે જ છે. વાસ્તવિક ગુરૂ બે ન હોઈ શકે. કારણ કે વાસ્તવિક ગુરૂ પોતાના પૂર્વ ગુરૂઓથી અલગ વિચારો રાખતા નથી.

આત્મસાક્ષાત્કારનું વિજ્ઞાન: આધ્યાત્મિક ગુરૂની પસંદગી, ગુરૂ શું છે?

# પાઠ ૩ શ્રીલ પ્રભુપાદ – ઇસ્કોનના સંસ્થાપક આચાર્ય

**પાઠના વિષયો**

| |
|---|
| સંસ્થાપક આચાર્યનું કાર્ય |
| પ્રભુપાદ, શ્રી ચૈતન્ય મહાપ્રભુના શક્તિસંચારિત પ્રતિનિધિ |
| ભવિષ્યમાં ઇસ્કોન |

**સંસ્થાપક આચાર્યના કાર્ય**

સ્થાપના કરવીઃ

સંસ્થાને આધાર અથવા સશક્ત ટેકો પૂરો પાડવો.

સ્થાપના કરવી (શિક્ષણનો વિષય)

સ્થાપના કરવી, પહેલીવાર રચના કરવી, કોઇ સંસ્થા વગેરે, તેના શાશ્વત અસ્તિત્વની જોગવાઈઓ સાથે

ઓક્સફર્ડ અંગ્રેજી શબ્દકોશ, બીજી આવૃત્તિ, ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ

ઇસ્કોનના સંસ્થાપક આચાર્ય તરીકે શ્રીલ પ્રભુપાદ કાર્ય કરી રહ્યા છે તેના ઉદાહરણોની યાદી નીચેના બોક્સમાં બનાવો.

**શ્રીલ પ્રભુપાદનો ઇસ્કોનના દરેક ભક્ત સાથે એક અનન્ય સંબંધ છે.**

આંતરરાષ્ટ્રીય કૃષ્ણભાવનામૃત સંઘ (ઇસ્કોન)ના સંસ્થાપક આચાર્ય તરીકે અને આપણી સંસ્થામાં પૂર્વ પ્રતિષ્ઠિત શિક્ષા-ગુરૂ અને સર્વોચ્ચ સત્તાધીશ તરીકે શ્રીલ પ્રભુપાદનો ઇસ્કોનના દરેક ભક્ત સાથે એક અનન્ય સંબંધ છે.

૩૦૩. શ્રીલ પ્રભુપાદના સ્થાન વિષે જી.બી.સીનું વિધાન (માર્ચ ૨૦૧૩)

## શ્રીલ પ્રભુપાદઃ
## શ્રી ચૈતન્ય મહાપ્રભુના શક્તિ સંચારિત પ્રતિનિધિ

**આધુનિક યુગ માટે આપણે શ્રીલ પ્રભુપાદને શ્રી ચૈતન્ય મહાપ્રભુના શક્તિ સંચારિત પ્રતિનિધિ કેમ માનીએ છીએ તેના કારણો નીચે આપેલા બોક્સમાં જણાવો.**

**મોર સેનાપતિ ભક્ત**

**એબે નામસંકિર્તન તીક્ષ્ણ ખડગ લઇયા અંતર અસુર જીવેર ફેલીબે કાટીયા**
**યદિ પાપી છાડી ધર્મ દૂરે દેશે જાય મોર સેનાપતિ ભક્ત જાઇબે તથાય**

હરે કૃષ્ણ મંત્રના સંકિર્તનની તીક્ષ્ણ તલવાર લઇને, હું સર્વ બદ્ધ જીવોના હૃદયમાં રહેલી આસુરી માનસિકતાને સમૂળગી નષ્ટ કરીશ. જો કોઇ પાપી લોકો છટકીને અને ધાર્મિક સિદ્ધાંતો ત્યજીને દૂરના દેશોમાં જતા રહેશે, તો તેમને કૃષ્ણભાવનામૃત આપવા માટે તે સમયે મારો સેનાપતિ ભક્ત આવશે.

લોચન દાસ ઠાકુર, તેમના ચૈતન્ય મંગલમાં (સુત્ર- ખંડ, ગીત-૧૨, શ્લોક-૫૬૪-૫૬૫)

## ઇસ્કોન ભવિષ્યમાં

ભવિષ્યમાં શ્રીલ પ્રભુપાદ ઇસ્કોનના સંસ્થાપક આચાર્ય તરીકે અને પૂર્વ પ્રતિષ્ઠિત શિક્ષા-ગુરૂ તરીકે વિદ્યમાન રહે તે સુનિશ્ચિત કરવા માટે શું કરી શકાય? તમારા વિચારો નીચેના બોક્સમાં લખો.

**હું ભગવાન ચૈતન્યનો માત્ર એક સંદેશાવાહક છું......**

મારા પુસ્તકો અને પત્રો તથા સભાઓમાં મારા બોલવા બદલ તમારી કદરનો પણ હું ખૂબ આભાર માનું છું. તે મારા શબ્દો નથી. જેવી રીતે મેં તમને વારંવાર જાણ કરી છે કે હું ગુરૂ-શિષ્ય પરંપરા દ્વારા ભગવાન ચૈતન્યનો માત્ર એક સંદેશાવાહક છું અને હું એમાં કંઇ વધારતો કે ઘટાડતો નથી. એ જ રીતે, જો તમે બધાં આ શબ્દોને પરંપરામાં આગળ લઇ જશો, તો દિવ્ય પરંપરા પદ્ધતિ સચોટ રીતે જળવાઇ રહેશે અને સામાન્ય લોકોને લાભ થશે.

ભગવાનદાસને પત્ર - લોસ એન્જલસ ૧૦ જાન્યુઆરી, ૧૯૭૦

# પાઠ ૪ ઇસ્કોનના ગુરૂઓ

## પાઠના વિષય

| |
|---|
| શિષ્યના ગુણો |
| ઇસ્કોન ગુરૂનું વલણ |
| ગુરૂ અને ઇસ્કોન અધિકારીઓની સૂચનાઓ |
| ઇસ્કોનની બહારના ગુરૂઓ |

## શિષ્યના ગુણો

શિષ્યના કેટલાક મહત્ત્વપૂર્ણ ગુણોની યાદી બનાવો.


## ઇસ્કોન ગુરૂનું વલણ

તમારા વિચારમાં નીચેની બાબતો પર ઇસ્કોન ગુરૂનું (વર્તમાન અને ભવિષ્યનાં) યોગ્ય વલણ શું હોવું જોઈએ?

- શ્રીલ પ્રભુપાદના ઉપદેશો
- ઇસ્કોન અંતર્ગત સત્તાકીય માળખું

તમારા વિચારો નીચે લખો....

## ઈસ્કોન ગુરૂઓ અને ઈસ્કોન અધિકારીઓ વચ્ચે સંબંધ




**નોંધ:** ઉપરનો ચાર્ટ માત્ર શૈક્ષણિક હેતુઓ માટે છે અને તે વહીવટી આદેશ નથી. તે સમજાવે છે કે ઇસ્કોનના સર્વે સભ્યો શ્રીલ પ્રભુપાદ અને જીબીસીના નિર્દેશન હેઠળ કામ કરે છે અને ઇસ્કોનમાં આપણા માટે એકથી વધુ સત્તા અધિકારીઓ છે, જેમને બધાને આપણે આદર આપવો અને સહકારની ભાવના સાથે તેમની સેવા કરવી.

## <u>ગુરૂ અને ઇસ્કોનના અધિકારીઓની સૂચનાઓ</u>

**સામુહિક પ્રવૃત્તિ : નીચે જણાવેલ વિષયક એક નાટક પ્રસ્તુત કરોઃ**

- જ્યારે ગુરૂએ આપેલા આદેશોથી સ્થાનિક ઇસ્કોન અધિકારી દ્વારા આપેલા આદેશો વિપરીત આવતા હોય એવી પરિસ્થિતિમાં એક અયોગ્ય વ્યવહાર.
- જ્યારે ગુરૂએ આપેલા આદેશોથી સ્થાનિક ઇસ્કોન અધિકારી દ્વારા આપાયેલા આદેશો વિપરીત આવતા હોય એવી પરિસ્થિતિમાં એક યોગ્ય વ્યવહાર.

નીચે આપવામાં આવેલ સ્થાનનો ઉપયોગ નાટક દરમ્યાન તમે લીધેલી નોંધ લખવા માટે કરો.

| |
|---|
| |

## ઇસ્કોન બહારના ગુરૂ

ઇસ્કોનમાં દીક્ષા અને શિક્ષા ગુરૂઓને સ્વીકારવાના લાભની યાદી નીચેના કોષ્ટકમાં બનાવો.

| |
|---|
| |

## શ્રીલ પ્રભુપાદ અને આપણી ગુરૂ-પરંપરાની સેવાઃ-

જે લોકો ઇસ્કોનમાં શિક્ષા-ગુરૂઓ કે દીક્ષા-ગુરૂઓ તરીકેની સેવા સ્વીકારે છે તેવા લોકો માટે તેમના વ્યક્તિગત વ્યવહાર અને વાણીમાં શ્રીલ પ્રભુપાદના ઉપદેશોને દર્શાવવામાં આદર્શરૂપ થવું જરૂરી છે. શિક્ષા-ગુરૂઓ શ્રીલ પ્રભુપાદ અને આપણી ગુરૂ પરંપરા તરફથી આધ્યાત્મિક ઉપદેશ અને પ્રેરણા આપે છે. દીક્ષા-ગુરૂઓ શ્રીલ પ્રભુપાદ અને આપણી ગુરૂ પરંપરાની સેવાઓ તરીકે આધ્યાત્મિક ઉપદેશ, પ્રેરણા, વિધિ પૂર્વક દીક્ષા, એક આધ્યાત્મિક નામ અને પછીથી એક યોગ્ય શિષ્યને પવિત્ર ગાયત્રી મંત્રો પ્રદાન કરે છે.

૩૦૩, શ્રીલ પ્રભુપાદના સ્થાન વિશે, જીબીસીનું વિધાન (માર્ચ-૨૦૧૩)

## ભક્તિસિદ્ધાંત સરસ્વતી ઠાકુરની કાર્યવાહી સમિતિ

પોતાના તિરોભાવ સમયે ભક્તિ સિદ્ધાંત સરસ્વતી ઠાકુરે પોતાના સર્વ શિષ્યોની કાર્યવાહી સમિતિ રચી સહકાર પૂર્વક આંદોલનકારી પ્રવૃત્તિ આચરવા વિનંતી કરી હતી. તેમના પછી આચાર્યપદ માટે કોઇ વિશિષ્ટ વ્યક્તિનું સૂચન તેમણે કર્યું નહોતું. પરંતુ, તેના લીધે તેમના તિરોભાવ થયા પછી સત્વરે જ તેમના પ્રમુખ મંત્રીઓએ અનધિકૃત પણે આચાર્યપદ મેળવવાની યોજનાઓ ઘડી અને તેમના પછી કોણ આચાર્ય બને તેના માટે બે પક્ષ પડ્યા. પરિણામે, બંને પક્ષો 'અસાર' અથવા તો નિરર્થક હતા; કારણ કે તેમના આધ્યાત્મિક સદ્-ગુરૂની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું હોવાથી તેમની પાસે અધિકૃતપણું રહ્યું ન હતું.

શ્રી ચૈતન્ય ચરિતામૃત આદિ લીલા – ૧૨.૮

## ગુરૂની અને ઇસ્કોનના અધિકારીઓની સૂચનાઓ

## શ્રીલ પ્રભુપાદના આદેશોનું પાલન પરંતુ જીબીસીનું નહીં...

જ્યારે તેઓ કહે છે કે તેઓ ઇસ્કોન અને જી.બી.સીને પસંદ નથી, વાસ્તવમાં તેઓ એમ કહે છે કે તેમને મારા આદેશોનું પાલન કરવું પસંદ નથી. તેનો અર્થ એવો થાય છે કે તેમને મારા આદેશો ગમતા નથી, તેનો અર્થ એવો થાય છે કે તેમને મારા આદેશોમાં શ્રદ્ધા નથી. તેનો અર્થ એવો થાય છે કે તેમને મારામાં શ્રદ્ધા નથી. તેનો અર્થ એવો થાય છે ગુરૂ અપરાધ. માત્ર કહેવાથી કે તેમને મારામાં શ્રદ્ધા છે તે તો માત્ર ઢોંગ છે.

૮ ફેબ્રુઆરી ૧૯૭૫, ઇસ્કોન હોનોલુલુ, હવાઇ-શ્રી.પ્ર.લીલામૃતની પુરવણી-સ્વ. દા.ગો. દ્વારા

### ઇસ્કોન બહારના ગુરૂઓ

### જે આપણી પરંપરામાં નથી તેવા કોઇને સાંભળવાનો પ્રયત્ન ન કરવો.

તે વધુ સારું થશે જો તમે અધિકૃત વ્યક્તિઓ પાસેથી શ્રવણ કરવાને વળગી રહો જેમ કે, તમારા આધ્યાત્મિક ગુરૂ અથવા અનુભવી ગુરૂભાઇઓ. પરંતુ જે આપણી પરંપરામાં ન હોય તેવા કોઇ પાસેથી ક્યારેય સાંભળવાનો પ્રયત્ન ન કરવો. તે સાંભળવું અને પછી ફરીથી ભૂલને સુધારવી તે તો માત્ર સમયનો બગાડ છે.

હંસદૂતને પત્ર – હેમબર્ગ, ૫ સપ્ટેમ્બર ૧૯૬૯

### કૃપયા તેમનાથી દૂર રહો

તો મે હવે આદેશો બહાર પાડ્યા છે કે મારા બધા શિષ્યોએ, મારા બધા ગુરૂભાઇઓથી દૂર રહેવું જોઇએ. તેમની સાથે તેમનો કોઇપણ વ્યવહાર કે પત્ર પણ ન થવો જોઇએ, ન તો તેમને મારા કોઇપણ પુસ્તક આપવામાં આવે અથવા ન તો તેમનું કોઇ પુસ્તક ખરીદવામાં આવે, તેમના કોઇપણ મંદિરોમાં તમારે જવું નહીં. કૃપયા તેમનાથી દૂર રહો.

વિશ્વકર્માને પત્ર – મુંબઇ, ૯ નવેમ્બર ૧૯૭૫

### તેમને પ્રસાદ આપો ,તેમને વરિષ્ઠ વૈષ્ણવ તરીકે આદર આપો , પરંતુ તેઓ પ્રવચન આપી શકે કે બોલી શકે નહીં....

“કૃષ્ણભાવનામૃતનો પ્રચાર કરવા માટે સર્વ વૈષ્ણવો અધિકૃત છે, પરંતુ તેમ છતાં અધિકૃતતામાં પણ તબક્કાઓ છે. બધી બાબતોનો વિચાર કરતા જો તેમનો (બોન મહારાજનો) હેતુ મને દાબી દેવાનો છે અને આ જ કારણથી તેઓ અહીં આવ્યા છે, તો આપણે તેમને કેવી રીતે આવકારીએ? તેમણે પહેલેથી જ એક પ્રોફેસરને ખોટી છાપ આપી છે. તેમની સાથે એક મહેમાન તરીકેનો વ્યવહાર થઇ શકે, જો તે આપણા કેન્દ્રમાં આવે, તો તેમને એક વરિષ્ઠ વૈષ્ણવ તરીકે આદર આપો, તેમને પ્રસાદ આપો, પરંતુ તેઓ પ્રવચન આપી શકે કે બોલી શકે નહીં. જો તેમને પ્રવચન આપવું હોય તો, તમે તેમને કહી શકો કે પહેલેથી જ બીજા કોઇ વક્તા નિશ્ચિત થઇ ચૂક્યા છે. બસ.”

સત્ સ્વરૂપને પત્ર, હોનુલુલુ, ૪ જૂન ૧૯૭૫

### જીબીસી

"ગવર્નિંગ બોડી કમિશન (જી.બી.સી) સમગ્ર આંતરરાષ્ટ્રીય કૃષ્ણભાવનામૃત સંઘની સર્વોચ્ચ સત્તા તરીકે રહેશે."

શ્રીલ પ્રભુપાદની વસિયતમાંની ઘોષણા, જૂન ૧૯૭૭

### ગૌડીય મિશન પ્રચાર કાર્યમાં નિષ્ફળ રહ્યું છે.

તમે આ આંદોલનકારી પ્રવૃત્તિમાં જોડાયેલા રહો તે અત્યંત જરૂરી છે. ગૌડીય મિશન પ્રચાર કાર્યમાં નિષ્ફળ રહ્યું છે. કારણ કે, તેમણે આ સિદ્ધાંત અપનાવ્યો છે. તેમને મઠ કે મંદિરના નામથી જ્યારે થોડોક આશ્રય મળી ગયો અને કેટલાક ડઝન...., કેટલાક ડઝન નહીં, ૧ ડઝન (શિષ્યો મળ્યા), કે તરત જ તે ત્યાં સ્થાયી થઇ ગયા. હવે તે ભજન કરે છે "હરે કૃષ્ણ, હરે કૃષ્ણ, હરે કૃષ્ણ, હરે કૃષ્ણ, હરે કૃષ્ણ એમ દર્શાવવા માટે કે તે એક મહાન જપ કરનાર છે અને તમારો પ્રચાર શું છે?..... તેથી મારા ગુરૂ મહારાજે આ નીતિને વખોડી કાઢી હતી. "મન તુમી કિશેર વૈષ્ણવ," પ્રતિષ્ઠાર તરે નિર્જનેર ઘરે." "અને માત્ર સસ્તી પ્રતિષ્ઠા માટે, ઓહ. તે વૈષ્ણવ છે. તે જપ કરે છે. સારું..."કોઇ મુશ્કેલી નહીં. કારણ કે જો કોઇ પ્રચાર ન હોય તો કોઇ મુશ્કેલી પણ નહીં હોય. તમે બેસી શકો અને લોકોને બતાવી શકો કે, "હવે હું એક મહાન સિદ્ધ આત્મા બની ચૂક્યો છું અને જપ કરી શકો અને ધ્યાન કરી શકો. તેનો અર્થ છે સૂઈ જવું. આ પ્રકારના ધંધાને મારા ગુરૂ મહારાજે વખોડી કાઢ્યો છે." "પ્રતિષ્ઠાર તરે, નિર્જનેર ઘરે તવ હરીનામ કેવલ." આ માત્ર ઢોંગ છે. તેમણે આ પ્રકારના ધંધાને મંજૂરી આપી ન હતી. તેમણે માન્યતા આપી ન હતી. દરેક વ્યક્તિ પ્રચારના કાર્યમાં જોડાઇ રહે તે જોવાની તેમની ઇચ્છા હતી...

શ્રીમદ્ ભાગવતમ્ – ૬.૩.૧૮, ગોરખપુર, ૧૧ ફેબ્રુઆરી ૧૯૭૧

### જીબીસીની સત્તાને સ્વીકારવી એ શ્રીલ પ્રભુપાદનો આદેશ છે

વૈષ્ણવ સિદ્ધાંત અનુસાર ગુરૂની જરૂરી યોગ્યતા એ છે કે તે પોતાના ગુરૂની આજ્ઞાનું ચુસ્ત રીતે પાલન કરે છે. તે ક્યારેય સ્વામી બનતો નથી પરંતુ હંમેશા સેવક જ રહે છે. તે જ રીતે ઇસ્કોનમાં ગુરૂ બનવા માટે શ્રીલ પ્રભુપાદના આદેશોનું ચુસ્તપણે પાલન કરવું જરૂરી છે. જેમણે એવો આદેશ કર્યો છે કે બધા ભક્તોએ જી.બી.સી ની સત્તા હેઠળ રહી સહકારપૂર્વક સેવા કરવી જોઈએ. જી.બી.સી સમિતિની સત્તાને સ્વીકારવી તે સ્વૈચ્છિક વિકલ્પ ન હતો કારણ કે તે શ્રીલ પ્રભુપાદનો આદેશ હતો, તે ગુરૂ પદ માટે પણ એટલું જ જરૂરી હતું.

ગુરૂ રીફોર્મ...રવીન્દ્ર સ્વરૂપ દાસ ....ઇસ્કોન કોમ્યુનીકેશન જનરલ ૨.૧

**શિષ્યએ કોઈપણ વિચલન વિના ગુરૂના આદેશોનું પાલન કરવું.**

શ્રીલ ભક્તિ સિદ્ધાંત સરસ્વતી મહારાજ આ સંબંધમાં ટિપ્પણી કરે છે, "મનુષ્ય પોતાના જીવનના લક્ષ્યમાં સંપૂર્ણ સફળ થઈ શકે જો તે તેના ગુરૂના મુખેથી સાંભળેલા શબ્દો પ્રમાણે જ કાર્ય કરે" ગુરૂના શબ્દોના સ્વીકારને શ્રૌત વાક્ય કહેવાય છે જે નિર્દેશ કરે છે કે શિષ્યએ પોતાના ગુરૂના આદેશોનું પાલન અત્યંત ચોકસાઈ પૂર્વક શબ્દશઃ કરવું જોઈએ. શ્રીલ વિશ્વનાથ ચક્રવર્તી ઠાકુર આ સંદર્ભમાં ટીકા કરે છે, એક શીષ્યએ પોતાના ગુરૂના શબ્દોને પોતાના જીવન અને પ્રાણ સમાન સ્વીકારવા.

શ્રી ચૈતન્ય- ચરિતામૃત આદિ ૭.૭૨

**શ્રીલ પ્રભુપાદનું પાલન કરવું પરંતુ તેમના જી.બી.સીને અનુસરવું નહીં.**

ભક્તોમાં બીજો એક વિવાદ શ્રીલ પ્રભુપાદના કક્ષમાં ઉભો થયો હતો. અમુક ભક્તો એવો આગ્રહ કરી રહ્યા હતા કે તેઓ શ્રીલ પ્રભુપાદનું નિષ્ઠાપૂર્વક પાલન કરી શકે. પરંતુ તેઓ જી.બી.સી સમિતિને કે ઇસ્કોનને અનુસરી શકશે નહીં. પ્રભુપાદના કક્ષમાં જે ભક્તો હતા તેઓ અગાઉ ઇસ્કોન હવાઈના આગેવાનો હતા પરંતુ તેઓ તે સ્થાન છોડી જતા રહ્યા હતા અને હવે તેઓ ધન ભંડોળ અને સંપતિઓનો ઉપયોગ પોતાના નામ પર કરવાની ધમકી આપી રહ્યા હતા. પ્રભુપાદ માત્ર તેમને વારંવાર પૂછી રહ્યા હતા, "તમે શા માટે જતા રહ્યા? તમે રહેતા કેમ નથી? તમે કેમ શરણાગત થતા નથી?" પરંતુ તે એવો આગ્રહ કરતા રહ્યા કે તેઓ પ્રભુપાદ પર વિશ્વાસ રાખી શકે પરંતુ તેઓ જી.બી.સી પર વિશ્વાસ રાખી શકે નહીં.

ખંડમાં ઉપસ્થિત જીબીસી સભ્યમાંથી એક આ જોઈને ચિડાઈ ગયા કે તેઓ પ્રભુપાદની શરણાગત થવાની એક સરળ વિનંતીને અસ્વીકાર કરી રહ્યા હતા.

"તમે કહો છો કે તમે પ્રભુપાદને સ્વીકારો છો"?

"હા, તેમને ઉત્તર આપ્યો.

"અને તમે કહો છો તમને તેમનામાં શ્રદ્ધા છે"?

"હા,"

"તમે કહો છો કે તેઓ જે કંઈ કહે તમે એને અનુસરશો?"

"હા,"

"તો પછી, જો પ્રભુપાદ તમને જી.બી.સી ને અનુસરવાનું કહે તો શું તમે તેમ કરશો?"

આખો ખંડ તંગ અને શાંત બની ગયો.

"ના, અમે અનુસરી શકીએ નહીં."

જ્યારે, તેમણે નહીંનું ઉચ્ચારણ કર્યું, શ્રીલ પ્રભુપાદે પોતાની મુઠ્ઠી પોતાના મેજ ઉપર પછાડી, અને ચલિત થયેલા, ભક્તો તરફ ઇશારો કરી જાહેર કર્યું, "આ ઢોંગને જરા જુઓ."

પ્રભુપાદનો સ્પષ્ટ નિષ્કર્ષ હોવા છતાં તેઓ પોતાની - અમે તમને શરણાગત છીએ, પણ ઇસ્કોનને નહીં - એવી ફીલસૂફી ચાલુ રાખી ત્યારે પ્રભુપાદે તેમને જતાં રહેવાનું કહ્યું. ખંડમાં બાકી રહેલા ભક્તોને કહ્યું, જ્યારે તેઓ કહે છે કે તેમને ઇસ્કોન અને જી.બી.સી પસંદ નથી, તેઓ વાસ્તવમાં એમ કહે છે કે તેમને મારા આદેશોનું પાલન કરવું ગમતું નથી. તેનો અર્થ એ થાય છે કે તેમને મારા આદેશો ગમતા નથી. તેનો અર્થ એ થાય છે કે તેમને મારા આદેશોમાં શ્રદ્ધા નથી. તેનો અર્થ એ થાય છે કે તેમને મારામાં શ્રદ્ધા નથી. તેનો અર્થ એ થાય છે કે ગુરૂ અપરાધ. મારામાં તેમને શ્રદ્ધા છે તેમ કહેવું એ માત્ર ઢોંગ છે.

૮ ફેબ્રુઆરી ૧૯૭૫, ઇસ્કોન હોનોલુલુ, હવાઇ-શ્રી.પ્ર. લીલામૃતની પુરવણી-સ્વ. દા.ગો. દ્વારા

**એક શિષ્યએ પોતાના ગુરૂ સામે મૂર્ખ બનીને રહેવું જોઈએ...**

ચૈતન્ય મહાપ્રભુ શિષ્યનું સર્વશ્રેષ્ઠ ઉદાહરણ રજુ કરે છે. એક આધ્યાત્મિક ગુરૂ ખુબ જ સારી રીતે જાણે છે કે કેવી રીતે શિષ્યોને સેવા કાર્ય વહેંચવું. પરંતુ જો શિષ્ય એમ માની બેસે છે કે તે ગુરૂથી વધારે ઉન્નત છે અને પોતાના ગુરૂની અવજ્ઞા કરી સ્વતંત્ર રૂપથી કાર્ય કરે છે ત્યારે તે પોતાનો આધ્યાત્મિક વિકાસ સ્થગિત કરી લે છે. દરેક શિષ્યએ કૃષ્ણ વિજ્ઞાનના સંબંધમાં પોતાને અજ્ઞાની માનવો જોઈએ અને શ્રી ગુરૂની આજ્ઞાનું પાલન કરવા માટે હમેશાં તૈયાર રહેવું જોઈએ. જેનાથી કૃષ્ણભાવનામૃતનો વિકાસ થઇ શકે. એક શિષ્યએ પોતાના ગુરૂ સમક્ષ અજ્ઞાની બનીને જ રહેવું જોઈએ...

શ્રી ચૈતન્ય- ચરિતામૃત આદિ ૭.૭૨

**એક વિચારવંત પુરુષે સાચા ખોટાનો વિવેક કરવાનું શીખીને આ રીતે વર્તવું જોઈએ**

તેથી આપણે એવી રીતે જીવવું જોઈએ કે આપણે આપણી જાતને હંમેશા તંદુરસ્ત, બૌદ્ધિક અને માનસિક રીતે સ્વસ્થ રાખીએ જેને પરિણામે સમસ્યાઓથી ભરેલા જીવનમાં આપણે જીવનનનું ધ્યેય શું છે તે સમજી શકીએ. એક વિચારવંત પુરુષે, સાચા ખોટાનો વિવેક કરવાનું શીખીને આ રીતે વર્તવું જોઈએ અને આ રીતે જીવનનું ધ્યેય પ્રાપ્ત કરવું જોઈએ.

ભાવાર્થ, શ્રી. ભા. ૭.૬.૫

# યુનિટ ૨

## ગુરૂ સાથે સંબંધની સ્થાપના

### પાઠ ૫ ગુરૂપાદાશ્રય

દીક્ષા/શિક્ષા ગુરૂ પાદાશ્રય

પ્રભુપાદ આશ્રય

### પાઠ ૬ ગુરૂની પસંદગી

અધિકૃત ગુરૂની યોગ્યતા

ગુરૂની પસંદગી

### પાઠ ૭ દીક્ષા પ્રતિજ્ઞાઓ

દીક્ષા પ્રતિજ્ઞાઓનું ચુસ્તપણે પાલન કરવું

દીક્ષા પ્રતિજ્ઞાના પાલન કરવામાં સામે આવતા પડકારો

પડકારોનું નિવારણ

સુધારાના પગલાં

# પાઠ ૫ ગુરૂ પાદાશ્રય

**પાઠના વિષય**

| |
|---|
| પ્રભુપાદ આશ્રય |
| દીક્ષા/શિક્ષા ગુરૂ-પાદાશ્રય |

## પ્રભુપાદ આશ્રય માટે માર્ગદર્શન

આપણા આધ્યાત્મિક જીવનની શરૂઆતથી આપણે શ્રીલ પ્રભુપાદ સાથે એક ઉંડા, અધિકૃત ભક્તિમય સંબંધનો વિકાસ કરી શકીએ તેના માટે કેટલાક ચોક્કસ ઉપાયોની યાદી બનાવો.

**શ્રીલ પ્રભુપાદ ઇસ્કોનના દરેક ભક્ત સાથે એક અનન્ય સંબંધ ધરાવે છે.**

આંતરરાષ્ટ્રીય કૃષ્ણભાવનામૃત સંઘ (ઇસ્કોન)ના સંસ્થાપક આચાર્ય તરીકે અને આપણી સંસ્થામાં પૂર્વ પ્રતિષ્ઠિત શિક્ષા-ગુરૂ અને સર્વોચ્ચ સત્તાધીશ તરીકે શ્રીલ પ્રભુપાદનો ઇસ્કોનના દરેક ભક્ત સાથે એક અનન્ય સંબંધ છે.

૩૦૩. શ્રીલ પ્રભુપાદના સ્થાન વિષે જી.બી.સીનું વિધાન (માર્ચ ૨૦૧૩)

**નવા સભ્યોને શ્રીલ પ્રભુપાદનો આશ્રય લેવા માટે સલાહ આપવી.**

ઇસ્કોનના ભક્તોએ નવા સભ્યોને શ્રીલ પ્રભુપાદનો આશ્રય લેવા અને કૃષ્ણભાવનામૃતમાં જેઓ તેમને માર્ગદર્શન આપી રહ્યા હોય તેમની પાસેથી માર્ગદર્શન, તાલીમ અને સહયોગ લેવાની સલાહ આપવી. ઇસ્કોન સભ્યોએ ક્યારે અને કોની પાસેથી દીક્ષા લેવા માટે પોતાની ઇચ્છા વ્યક્ત કરવી અને પસંદગી કરવી. શ્રીલ પ્રભુપાદ પર સંસ્થાપક આચાર્ય અને પોતાના પૂર્વ પ્રતિષ્ઠિત શિક્ષાગુરૂ તરીકે પોતાનું ધ્યાન અવશ્ય કેન્દ્રિત કરવું.

ઇસ્કોન કાયદો ૭.૨.૧ પ્રથમ (હરીનામ) દીક્ષા

**શ્રીલ પ્રભુપાદના પ્રણામ-મંત્રની પહેલી બે પંક્તિનો ઉચ્ચાર અવશ્ય કરવો.**

પોતાના દીક્ષા-ગુરૂના પ્રણામ-મંત્રના ઉચ્ચારણ પછી સર્વ પ્રશિષ્યો અને ભવિષ્યની પેઢીઓએ સંસ્થાપક આચાર્યને માન આપવાના અર્થમાં પ્રણામ કરતી વખતે શ્રીલ પ્રભુપાદના પ્રણામ મંત્રની ઓછામાં ઓછી પ્રથમ બે પંક્તિઓનું ઉચ્ચારણ અવશ્ય કરવું.


ઇસ્કોન કાયદો ૭.૨.૧ પ્રથમ (હરિનામ) દીક્ષા

**દીક્ષા/શિક્ષા ગુરૂ પાદાશ્રય અને પ્રભુપાદ આશ્રયઃ-**

દીક્ષા/શિક્ષા ગુરૂ પાદાશ્રય અને પ્રભુપાદ આશ્રય વચ્ચે શું સંબંધ છે?

## ઇસ્કોનમાં ગુરૂ-પાદાશ્રય

## ઇસ્કોનમાં એક શિષ્યએ નીચેના ત્રણ સ્રોતમાંથી આશ્રય સ્વીકારવો જોઈએ.



**શિક્ષા-ગુરૂ દીક્ષા ગુરૂના ઉપદેશોની વિરુદ્ધ કંઇ પણ બોલતા નથી....**

કેટલીકવાર દીક્ષાગુરૂ હંમેશા હાજર હોતા નથી. તેથી વ્યક્તિ વરિષ્ઠ ભક્ત પાસેથી માર્ગદર્શન, ઉપદેશ પ્રાપ્ત કરી શકે છે. તેને શિક્ષા ગુરૂ કહેવાય. શિક્ષા ગુરૂનો અર્થ એમ નથી કે તેઓ દીક્ષા ગુરૂઓના ઉપદેશો વિરુદ્ધ કંઇ કહી રહ્યા હોય. તે શિક્ષા ગુરૂ નથી. તે એક ધૂર્ત છે.

ભગવદ્ ગીતા – ૧૭.૧-૩, હોનોલુલુ, ૪ જુલાઇ ૧૯૭૪

**એક ભક્તનો ઉદ્ધાર તેમની કૃપાના વિવિધ પ્રાગટ્યના સંયોજન દ્વારા થાય છે.**

આમ તો કૃષ્ણની કૃપાના વિવિધ પ્રાગટ્યોનાં સંયોજન મારફતે શ્રી કૃષ્ણ દ્વારા એક ભક્તનો અંતે ઉદ્ધાર થાય છે. તેમાં ચૈત્યગુરૂ, શ્રીલ પ્રભુપાદ, ગુરૂ પરંપરા, દીક્ષા ગુરૂ, અન્ય શિક્ષા ગુરૂઓ, પવિત્ર જ્ઞાન, શાસ્ત્ર અને નવધા ભક્તિનો સમાવેશ થાય છે, પરંતુ તેનાથી તે સીમિત નથી.

(૩૦૩, શ્રીલ પ્રભુપાદના સ્થાન પર જીબીસીનું વિધાન માર્ચ ૨૦૧૩)

**શ્રીલ પ્રભુપાદ ઇસ્કોનના સર્વે સભ્યો માટે પૂર્વ પ્રતિષ્ઠિત શિક્ષાગુરૂ છે.**

આ સહકારીત તત્વોની અંદર આંતરરાષ્ટ્રીય કૃષ્ણભાવનામૃત સંઘના સંસ્થાપક આચાર્ય તરીકે શ્રીલ પ્રભુપાદ ઇસ્કોનના સર્વ સભ્યો માટે પૂર્વ પ્રતિષ્ઠિત શિક્ષાગુરૂ છે. બધી પેઢીઓ માટે ઇસ્કોનના બધા સભ્યોને શ્રીલ પ્રભુપાદનું આશ્રય લેવા પ્રોત્સાહન છે. ઇસ્કોનના સૌ સભ્યો શ્રીલ પ્રભુપાદના પુસ્તકો, પ્રભુપાદના ઉપદેશો, તેમની સેવા, ઇસ્કોન સંસ્થાના માધ્યમથી શ્રીલ પ્રભુપાદ સાથે વ્યક્તિગત સંબંધ રાખવા માટે હકદાર અને પ્રોત્સાહિત છે.

૩૦૩, શ્રીલ પ્રભુપાદના સ્થાન પર જી.બી.સીનું વિધાન (માર્ચ, ૨૦૧૩)

# પાઠ ૬ ગુરૂની પસંદગી

## પાઠના વિષય

અધિકૃત ગુરૂની વિશેષતાઓ
ગુરૂની પસંદગી

**તમે એક ગુરૂમાં ક્યા લક્ષણો શોધી રહ્યા છો?**

**અધિકૃત ગુરૂની વિશેષતાઓ**

એક અધિકૃત ગુરૂની કઇ યોગ્યતાઓ છે તે ચર્ચામાંથી નોંધ લઇ નીચેના બોક્સમાં લખો.

वाचो वेगं मनसः क्रोधवेगं

જિહ્વા વેગમ ઉદરોપસ્થ વેગમ્ ।

એતાન વેગાન્ યો વિષહેત ધીરઃ

સર્વામપિમામ્ પૃથિવીં સ શિષ્યાત્ ॥

જે ધીર પુરુષ વાણીનો વેગ, મનનો વેગ, ક્રોધનો વેગ, જીભનો વેગ અને પેટ તથા જનનેન્દ્રિયના વેગોને સહન કરી શકે છે તે સમગ્ર પૃથ્વી પર શિષ્યો બનાવવા માટે લાયક છે.

ઉપદેશામૃત શ્લોક ૧

તદ્વિજ્ઞાનાર્થમ સ ગુરૂમેવભિગચ્છેત

સમિત્પાણિઃ શ્રોત્રિયમ બ્રહ્મનિષ્ઠમ્

આ વિષયોને યોગ્ય રીતે સમજવા માટે વ્યક્તિએ મશાલ લઇ એક એવા આધ્યાત્મિક ગુરૂ પાસે જવું જોઈએ જે વેદોમાં પારંગત હોય અને પરમ સત્ય સાથે દૃઢતા પૂર્વક સમર્પિત હોય.

મુંડક ઉપનિષદ ૧.૨.૧૨

એક પ્રામાણિક ગુરૂ કોઈ પણ બનાવટી જ્ઞાન નહીં આપે, એમનું જ્ઞાન પરંપરા દ્વારા પ્રાપ્ત થાય છે. તે ભાગવત સેવામાં દૃઢતા પૂર્વક જોડાયેલા હોય છે (બ્રહ્મનિષ્ઠમ) આ છે ગુરૂની બે વિશેષતાઓ, પ્રથમ એ કે એમને વેદ જ્ઞાન ગુરૂ-શિષ્ય પરંપરા દ્વારા પ્રાપ્ત કર્યું હોય અને દ્વિતીય કે એ ચૈતન્ય મહાપ્રભુની ભક્તિમાં દૃઢ રૂપથી સ્થિત હોય. એમને મોટા વિદ્વાન હોવું આવશ્યક નથી માત્ર એમણે યોગ્ય ગુરૂઓ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય..


ભગવાન કપિલનું શિક્ષામૃત શ્લોક ૪, અધ્યાય ૪

**ગુરૂની પસંદગી**

**ગુરૂની પસંદગી માટે કેટલાક અયોગ્ય કારણોની નીચેના બોક્સમાં સૂચી બનાવો.**

**ગુરૂની પસંદગી માટેના પગથિયાઃ-**

દીક્ષા સંબંધે ઇસ્કોન કાયદામાંથી નીચે અનુસાર પગલાં અપનાવામાં આવે છે. કાયદાઓ પરિશિષ્ટ -૫ સંપૂર્ણપણે પ્રસ્તુત કરવામાં આવ્યા છે.




**એક વર્ષ તૈયારી રૂપ સમય**

ભક્તિમાં અનુકૂળ રીતે જોડાયેલા રહેવું.

૪ નીતિ નિયમોનું ચુસ્તપણે પાલન કરવું.

દરરોજ ૧૬ માળાનો જપ કરવો.

સવારના સમગ્ર કાર્યક્રમમાં હાજર રહેવું. (મંદિરના નિવાસીઓ માટે)

ઘરે અથવા નામહટ્ટમાં સવારના કાર્યક્રમમાં હાજર રહેવું (મંદિરમાં ન રહેતા ભક્તો માટે)

**પ્રભુપાદ આશ્રય**

પૂર્વ-પ્રતિષ્ઠિત શિક્ષા ગુરૂ તરીકે શ્રીલ પ્રભુપાદ પર ધ્યાન કેન્દ્રિત કરવું.

પ્રણામ કરતી વખતે શ્રીલ પ્રભુપાદના પ્રણામમંત્રોનો ઉચ્ચાર કરવો.

સંબંધિત ઇસ્કોન કેન્દ્રના આધ્યાત્મિક અધિકારી (શિક્ષા-ગુરૂ) પાસેથી માર્ગદર્શન પ્રાપ્ત કરવું.

ઇસ્કોન શિષ્ય અભ્યાસક્રમ પૂર્ણ કરવો

**દીક્ષા અને શિક્ષા પાદાશ્રય**

ઉપર જણાવ્યા મુજબનું અનુસરણ ઓછામાં ઓછા ૬ મહિના કર્યા પછી વ્યક્તિ પોતે સ્થાપિત કરેલા શિક્ષા ગુરૂઓમાંથી ઇસ્કોન દ્વારા અધિકૃત કોઇ એક દીક્ષા ગુરૂને પસંદ કરી શકે છે. નોંધ લેવી કે ૬ મહિના એ ઓછામાં ઓછો સમય છે અને પસંદગી કરવા માટે વ્યક્તિ જરૂર પડે તેટલો સમય લઇ શકે છે.

પોતાની બુદ્ધિનો પ્રયોગ કરી ગુરૂની પસંદગી કરવાની દીક્ષાર્થીની જવાબદારી છે.

સ્થાનિક મંદિરના પ્રમુખ અથવા સંબંધિત અધિકારીને જાણ કરવી.

ઇસ્કોન અધિકારી પાસેથી રજૂ કરાયેલી લેખિત પરીક્ષા આપવી

ઇસ્કોન અધિકારી દ્વારા ઔપચારિક ભલામણ પત્ર પ્રાપ્ત કરવો.

પસંદ કરેલા ગુરૂ પાસેથી મંજૂરી લેવી.

તે ગુરૂની પૂજાનો પ્રારંભ કરવો અને તેમના પ્રણામ મંત્રનો ઉચ્ચાર કરવો.

તેમના પ્રણામમંત્ર પછી, શ્રીલ પ્રભુપાદના પ્રણામમંત્રની ઓછામાં ઓછી પહેલી બે પંક્તિઓનું ઉચ્ચારણ કરવું.

પસંદ કરેલા દીક્ષાગુરૂ પાસેથી, સૂચનાઓ લેવાની સાથે સાથે વ્યક્તિ પોતાના સ્થાપિત કરેલા શિક્ષાગુરૂ પાસેથી માર્ગદર્શન લેવાનું ચાલુ રાખી શકે.

જો કોઈ ઇસ્કોનના અન્ય ગુરૂ પાસેથી દીક્ષા લેવાનો નિર્ણય કરે તો તેને ગુરૂ તથા સ્થાનિક અધિકારીઓનો સંપર્ક કરવો.

**હરિનામ દીક્ષા**

આ પ્રમાણે ઓછામાં ઓછા છ મહિના પછી વ્યક્તિ વૈષ્ણવ દીક્ષા સ્વીકાર કરી શકે છે.

દીક્ષાર્થીને દીક્ષા આપવા માટે ગુરૂ પર કોઇ દબાણ હોતુ નથી.

દીક્ષા પછી દીક્ષા ગુરૂની મંજૂરીથી વ્યક્તિ વધારાના શિક્ષા ગુરૂઓનો સ્વીકાર કરી શકે છે.

## સદગુરૂની યોગ્યતાઓ

**વ્યક્તિગત આચરણ અને પ્રચાર**

'આચાર', 'પ્રચાર' – નામેર કરહ 'દુઈ' કાર્ય ।
તુમિ-સર્વ-ગુરૂ, તુમિ જગતેર આર્ય ।।

"તમે તમારા અંગત આચાર તથા પ્રચાર એ બંને પ્રત્યે એક સાથે ફરજ બજાવો છો. તેથી તમે આખા જગતના ગુરૂ છો, કારણ કે તમે જગતમાં સૌથી અગ્રેસર ભક્ત છો."

**ભાવાર્થ**: - અહીં સનાતન ગોસ્વામી સ્પષ્ટ રીતે જગતના પ્રામાણિક ગુરૂની વ્યાખ્યા આપે. આ સંબંધમાં યોગ્યતાઓની રજૂઆત એવી રીતે કરવામાં આવે છે મનુષ્યએ શસ્ત્રના આધારે વર્તન કરવું અને સાથે જ પ્રચાર કરવો. જે આમ કરે છે તે આધ્યાત્મિક સદગુરૂ છે.

શ્રી ચૈતન્ય ચરિતામૃત અંત્ય ૪.૧૦૩

**કોઈ પણ આશ્રમથી**

કિબા વિપ્ર કિબા ન્યાસી શૂદ્ર કેને નય
જેઈ કૃષ્ણ તત્ત્વવેત્તા સેઈ ગુરૂ હય

કોઈ બ્રાહ્મણ, સંન્યાસી કે શૂદ્ર કેમ ન હોય, પરંતુ જો તે કૃષ્ણનું વિજ્ઞાન જાણતા હોય, તો તેઓ ગુરૂ બની શકે છે.

શ્રી ચૈતન્ય ચરિતામૃત મધ્ય ૮.૧૨૮

**તમારામાંથી પ્રત્યેક આધ્યાત્મિક ગુરૂ બને**

આમાર આજ્ઞાય ગુરૂ હંયા તાર એઇ દેશ
જાર-દેખ તારે કહ 'કૃષ્ણ' ઉપદેશ

શ્રી ચૈતન્ય ચરિતામૃત, મધ્ય લીલા-૭.૧૨૮

ભગવાન શ્રી ચૈતન્ય કહે છે કે, "તમારામાંથી પ્રત્યેક આધ્યાત્મિક ગુરૂ બને, તમારામાંથી પ્રત્યેક. શા માટે એક, બે? તમારામાંથી પ્રત્યેક." "ઓ, આધ્યાત્મિક ગુરૂ ખૂબ અઘરું કાર્ય છે." ના. અઘરું કાર્ય નથી. ચૈતન્ય મહા... આમાર આજ્ઞાય. "માત્ર મારી આજ્ઞાનું પાલન કરો. બસ, પછી તમે આધ્યાત્મિક ગુરૂ બની જશો."

ભગવદ્-ગીતા ૪.૧-૨. – કોલંબસ, મે, ૯, ૧૯૬૯

**"મારી આજ્ઞાથી" આ અત્યંત મહત્ત્વનો મુદ્દો છે.**

તો દરેક વ્યક્તિ આધ્યાત્મિક ગુરૂ કેવી રીતે બની શકે? એક આધ્યત્મિક ગુરૂ પાસે પર્યાપ્ત જ્ઞાન હોવું જોઇએ, બીજી ઘણી યોગ્યતાઓ હોવી જોઇએ. ના. કોઇપણ યોગ્યતા વિના પણ વ્યક્તિ એક આધ્યાત્મિક ગુરૂ બની શકે છે. કેવી રીતે? તો પ્રક્રિયા આ રીતે છે, ચૈતન્ય મહાપ્રભુ કહે છે, આમાર આજ્ઞાયઃ "મારી આજ્ઞાથી." આ અત્યંત મહત્ત્વનો મુદ્દો છે. મનુષ્ય પોતાના માનસિક તરંગો પ્રમાણે આધ્યાત્મિક ગુરૂ બની શકતો નથી. એ કોઇ આધ્યાત્મિક ગુરૂ નથી. તેને ઉચ્ચતર અધિકારી પાસેથી આદેશ મળ્યો હોવો જોઇએ. ત્યારપછી તે આધ્યાત્મિક ગુરૂ છે. આમાર આજ્ઞાય. જે રીતે આપણી બાબતમાં છે. અમારા ઉચ્ચતર અધિકારી, અમારા આધ્યાત્મિક ગુરૂ, તેમણે મને આદેશ આપ્યો હતો કે, "તમે જે કાંઇ મારી પાસેથી શીખ્યા છો, તે ઉપદેશનો તમે અંગ્રેજીમાં પ્રચાર કરવાનો માત્ર પ્રયાસ કરો." તો અમે પ્રયત્ન કર્યો છે. બસ. એવું નથી કે, હું અત્યંત ગુણવાન છું. મારી એક માત્ર યોગ્યતા એ છે કે, મેં ઉચ્ચતર અધિકારીના આદેશનું પાલન કરવાનો પ્રયત્ન કર્યો છે. બસ. આ જ સફળતાનું રહસ્ય છે.

ભગવદ્-ગીતા ૨.૨,- લંડન ઓગષ્ટ, ૩, ૧૯૭૩

**આપણે અચાનક કટ્ટરવાદથી પ્રેરાઈને ગુરૂની પસંદગી ન કરવી જોઈએ. આ ખુબ જ ખતરનાક છે.**

શાસ્ત્ર અનુસાર, આપણે ગુરૂ પસંદ કરતા પહેલા એમનું સૂક્ષ્મ વિશ્લેષણ કરીને એ શોધ કરવી જોઈએ કે આપણે એમની શરણમાં જઇ શકીએ કે નહીં? આપણે કટ્ટર થઈને ગુરૂ ન બનાવવા જોઈએ. આ ખૂબ જ ખતરનાક છે. ગુરૂએ પણ શિષ્યનું આકલન કરીને એ જાણવું જોઈએ કે તે દીક્ષિત કરવા લાયક છે કે નહીં. આ રીતે ગુરૂ અને શિષ્યની વચ્ચે સંબંધ સ્થાપિત થાય છે.

(આત્મ સાક્ષાત્કારનું વિજ્ઞાન ૨-એ, ગુરૂ શું છે)

**ઓછામાં ઓછા એક વર્ષ માટે સાથે મળતા રહો.**

સનાતન ગોસ્વામી રચિત હરિભક્તિવિલાસમાં એવું માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે આધ્યાત્મિક ગુરૂ અને શિષ્યએ ઓછામાં ઓછા એક વર્ષ સુધી સાથે મળતા રહેવું જોઇએ જેથી શિષ્ય પણ એ સમજી શકે કે, "આ એક વ્યક્તિ છે જેને હું મારા ગુરૂ તરીકે સ્વીકારી શકું છું," ગુરૂ પણ તે જોઇ શકે છે કે "આ એક વ્યક્તિ છે જે મારો શિષ્ય બનવા માટે યોગ્ય છે." ત્યારપછી કામકાજ સરસ રહે છે.

શ્રીમદ્ ભાગવતમ ૧.૧૬.૨૫ પ્રવચનથી-હવાઈ, જાન્યુઆરી ૨૧, ૧૯૭૪

**ઓછામાં ઓછુ એક વર્ષ તેમનું શ્રવણ કરો.**

તેથી પ્રક્રિયા એમ છે કે, ગુરૂનો સ્વીકાર કર્યા પહેલા મનુષ્યે તેમની પાસેથી ઓછામાં ઓછું એક વર્ષ સુધી શ્રવણ કરવું અને જ્યારે તેને ખાતરી થઇ જાય કે, "અહીં વાસ્તવમાં એક ગુરૂ છે જે મને શિક્ષણ આપી શકે છે," ત્યારે તેમને, ગુરૂને સ્વીકારો. માનસિક તરંગોથી ન સ્વીકારો.

શ્રીમદ્ ભાગવતમ ૧.૧૬.૨૫ પ્રવચનથી-હવાઈ, જાન્યુઆરી ૨૧, ૧૯૭૪

**કોઈએ પોતાના આધ્યાત્મિક ગુરૂનો ત્યાગ કરવો પડે તેવી નોબત લાવવી જોઈએ નહીં.**

શાસ્ત્રો એવી ભલામણ કરે છે કે આધ્યાત્મિક ગુરૂ અને શિષ્ય બંનેએ પારસ્પરિક સ્વીકૃતિ પહેલા એકબીજાને ચુસ્ત ચકાસણી હેઠળ રાખવા જોઇએ. કારણ કે, સાધારણ ઘરગથ્થું વસ્તુઓ પણ વપરાશ પહેલા ચકાસવામાં આવે છે, તે માત્ર કોઇ દુર્ભાગી મૂર્ખ હોઇ શકે જે પોતાના વાસ્તવિક આધ્યાત્મિક ગુરૂ જેઓ જીવાત્માઓના સર્વશ્રેષ્ઠ મિત્ર છે તેમની પસંદગીના સમયમાંથી પસાર થવામાં નિષ્ફળ ગયો હોય... મુદ્દો એ છે કે કોઈએ પોતાના આધ્યાત્મિક ગુરૂનો ત્યાગ કરવો પડે તેવી નોબત લાવવી જોઈએ નહીં. જો કોઇ સમજદાર હોય તો તે આવી પરિસ્થિતિને ટાળી શકે છે.

હરિનામ ચિંતામણિ – ૬

**સામાજિક ધોરણો પર ગુરૂ સ્વીકારવા જોઈએ નહીં.**

એ આવશ્યક છે કે એક ગંભીર વિદ્યાર્થી શાસ્ત્ર સામાજિક ધારણાઓના આધારે સલાહ આપે છે કે મનુષ્યએ રૂઢિગત સામાજિક અને ધાર્મિક સંમેલનોના આધાર પર આધ્યાત્મિક ગુરૂ સ્વીકાર કરવા

જોઈએ નહીં. મનુષ્યએ આધ્યાત્મિક સમજણમાં વાસ્તવિક પ્રગતિ માટે ખરેખર યોગ્ય ગુરૂને શોધવાનો પ્રયત્ન કરવો જોઈએ.

ચૈતન્ય ચરિતામૃત આદિ લીલા ૧.૩૫ ભાવાર્થ

**તેમની પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી સાચી રીતે પસંદગી કરવી.**

એક વિશેષ ભક્તને આધ્યાત્મિક ગુરૂ તરીકે દીક્ષા માટે દીક્ષાર્થીઓએ તેમની બુદ્ધિનો ઉપયોગ કરી સાચી રીતે પસંદ કરવા તે તેમની વ્યક્તિગત જવાબદારી છે. તે ભક્તમાં અને તેમને ભગવદ્ ધામ પાછા લઇ જવાની તેમની ક્ષમતામાં દૃઢ અને પરિપક્વ વિશ્વાસનો વિકાસ કર્યા પછી જ દીક્ષાર્થીઓએ એક આધ્યાત્મિક ગુરૂ પાસેથી દીક્ષા ગ્રહણ કરવી જોઇએ. સાધુ, શાસ્ત્રો અને ગુરૂ એક ભક્તની પ્રગતિના તબ્બકાને નિશ્ચિત કરવા માટેના અધિકૃત સંદર્ભો છે. ઇસ્કોન ગુરૂ પાસેથી ઔપચારિક મંજૂરી પ્રાપ્ત કરવાથી તે સિદ્ધ થાય છે કે ભક્ત એ ઇસ્કોન કાયદા દ્વારા નિર્ધારિત કરેલી અધિકૃત કરવાની પ્રક્રિયાને સફળતા પૂર્વક સંપૂર્ણ કરી છે અને ચોક્કસ વરિષ્ઠ ભક્તોનાં નિર્ણય મુજબ ઇસ્કોન કાયદામાં જણાવેલ માપદંડો અને દિશા સૂચનો પ્રમાણે તે ભક્ત ઉત્તીર્ણ થયો છે. પરંતુ આવી પરવાનગીને મંજૂર થયેલા ગુરૂના ભગવતસાક્ષાત્કારનાં તબ્બકા વિશેનાં એક વિધાન તરીકે આપોઆપ લેવામાં આવવું જોઇએ નહીં અને આનો હેતુ દીક્ષાર્થીની વિવેકયુક્ત બુદ્ધિનું સ્થાન લેવાનું નથી.

ઇસ્કોન કાયદો – ૭.૨ દીક્ષાર્થી માટે દીક્ષાર્થીની જવાબદારી

## વધારાના અવતરણો પાઠ ૬ ગુરૂની પસંદગી

### પ્રામાણિક ગુરૂની વિશેષતાઓ

તસ્માત્ ગુરૂમ્ પ્રપદ્યેત જિજ્ઞાસુઃ શ્રેય ઉત્તમમ્
શાબ્દે પરે ચ નિષ્ણાતમ્ બ્રહ્મણ્યુપશમાશ્રયમ્

એટલા માટે જો કોઈ વ્યક્તિને વાસ્તવિક આનંદ મેળવવો છે ત્યારે તે એક પ્રામાણિક ગુરૂ શોધીને તેમનાથી દીક્ષા મેળવે અને તેમનું શરણ લે. ગુરૂની આ વિશેષતાઓ છે કે તેઓ વિચાર-વિમર્શ દ્વારા શાસ્ત્રોના તારણોનો સાક્ષાત્કાર કરી ચૂક્યાં છે અને બીજા લોકોને આ સાક્ષાત્કાર પ્રતિ વિશ્વાસ કરાવી શકે છે. આ મહાજન જેમણે સમગ્ર ભૌતિક ચિંતાઓથી દૂર થઈને પરમ પરમેશ્વર ભગવાનનું આશ્રયસ્થાન ગ્રહણ કર્યું છે,તેમને એક પ્રામાણિક ગુરૂ માનવા જોઈએ.

શ્રીમદ ભાગવતમ ૧૧.૩.૨૧

**શિષ્યએ એક ઉત્તમ અધિકારીને આધ્યાત્મિક ગુરૂના રૂપમાં પસંદ કરવા પ્રતિ સાવચેત રહેવું જોઈએ.**

જ્યારે એક વ્યક્તિને પોતે શ્રી કૃષ્ણના નિત્ય સેવક હોવાનો સાક્ષાત્કાર થઇ જાય છે ત્યારે તે કૃષ્ણ-સેવા છોડી બીજી બધી ક્રિયાઓમાં રસ ખોઈ દે છે. તે સદાય કૃષ્ણનું ચિંતન કરે છે અને હરિનામના પ્રચાર કરવાના ઉપાય શોધતો રહે છે. તે સમજે છે કે તેમનું એક માત્ર કાર્ય સમગ્ર વિશ્વમાં શ્રી કૃષ્ણભાવનામૃતનો પ્રચાર કરવાનો છે. તેવા વ્યક્તિ ઉત્તમ અધિકારી કહેવાય છે અને ૬ વિધિઓ (દદાતિ, પ્રતિગૃહ્ણાતિ વગેરે) અનુસાર તરત જ તેમના અંગેનો સ્વીકાર કરી લેવો જોઈએ. વળી, વરિષ્ઠ ઉત્તમ અધિકારી ભક્તને આધ્યાત્મિક ગુરૂ તરીકે સ્વીકાર કરવા જોઈએ. વ્યક્તિ પાસે જે કંઈ હોય તે બધુ તેમને અર્પણ કરવું જોઈએ. કારણ કે એવું સૂચન કરવામાં આવે છે કે મનુષ્ય પાસે જે કંઈ હોય તેને આધ્યાત્મિક ગુરૂને અર્પણ કરવું જોઈએ.

શ્રી ભક્તિવિનોદ ઠાકુરે આ સ્થાપના કરવા માટે ઘણા સંકેત આપ્યા છે કે એક ઉત્તમ અધિકારી અનેક પતિત આત્માઓને વૈષ્ણવ બનાવવાની પોતાની ક્ષમતાથી ઓળખાય છે. ...આ શ્લોકમાં શ્રી રૂપ ગોસ્વામી સૂચવે છે કે એક ભક્તને કનિષ્ઠ અધિકારી, મધ્યમ અધિકારી અને ઉત્તમ અધિકારીમાં તફાવત કરવાની બુદ્ધિ હોવી જોઈએ. ઉત્તમ અધિકારી બન્યા વગર કોઈએ પણ આધ્યાત્મિક ગુરૂ ન બનવું જોઈએ. એક નવોદિત અને મધ્યમ અધિકારી પણ શિષ્ય સ્વીકાર કરી શકે છે. પરંતુ આ શિષ્ય સમાન સ્તર પર હોવા જોઈએ અને એવું સમજવું જોઈએ કે તેઓ તેમના અપૂર્ણ માર્ગદર્શન હેઠળ જીવનના અંતિમ લક્ષ્ય સુધી સારી પ્રગતિ કરી શકતા નથી. તેથી શિષ્યએ ઉત્તમ અધિકારીને આધ્યાત્મિક ગુરૂ તરીકે સ્વીકારવાની કાળજી રાખવી જોઈએ.

ઉપદેશામૃત શ્લોક ૫ ભાવાર્થ

**ગુરૂ શું છે? તેના માટે તમારે મોટી વ્યાખ્યાની જરૂર નથી.**

ગુરૂ શું છે? તે માટે તમારે મોટી વ્યાખ્યાની જરૂર નથી. તો વૈદિક જ્ઞાન તમને નિર્દેશ આપે છે કે તદ્ વિજ્ઞાનાર્થમ્. જો તમે આધ્યાત્મિક જીવનના વિજ્ઞાનને જાણવા ઇચ્છતા હોવ, તદ્ વિજ્ઞાનાર્થમ્ સ ગુરૂમ્ એવ અભિગચ્છેત. (મુ.ઉ.૧.૨.૧૨) તમારે ગુરૂ પાસે અવશ્ય જવું જોઇએ અને ગુરૂ કોણ છે? ગુરૂનો અર્થ છે કે તે ભગવાનનો વિશ્વાસુ સેવક છે, ખૂબ સરળ.

શ્રીમદ્ ભાગવતમ્ – ૬.૧.૨૬,૨૭, ફીલાડેલ્ફીયા, ૧૨ જુલાઇ ૧૯૭૫

# પાઠ ૭ દીક્ષા પ્રતિજ્ઞાઓ

**પાઠના વિષયો**

- પ્રતિજ્ઞાઓનું ચુસ્તપણે પાલન કરવું જોઈએ.
- દીક્ષાની પ્રતિજ્ઞાઓનું કાળજીથી પાલન
- પ્રતિજ્ઞા-પાલનમાં આવતી મુશ્કેલીઓ
- મુશ્કેલીઓનું નિરાકરણ

| | |
|---|---|
| માંસાહાર ન કરવો | ← દયા |
| નશો કરવો નહીં | ← તપ |
| વ્યભિચાર ન કરવો | ← શૌચમ |
| જુગાર નહીં | ← સત્યમ |

શ્રીમદ ભાગવતમ ૧.૧૭.૨૪

**દીક્ષા-પ્રતિજ્ઞાઓનું પાલન કરવાનું મહત્ત્વ.**

**હું તમને રક્ષણ આપી શકતો નથી. તે શક્ય નથી.**

ચાર નિયામક સિદ્ધાંતોનું પાલન કરવું ખૂબ અઘરું નથી. જો તમે ગંભીર બનવા ઇચ્છતા હોવ તો આ વસ્તુ અટકવી જોઇએ., નહીંતર, ફારસ બનાવો અને તમને ઠીક લાગે તેમ કરો. હું તમને રક્ષણ આપી શકીશ નહીં. તે શક્ય નથી. જો તમે ગંભીર છો તો તમારે આ નીતિ-નિયમોનું અવશ્ય પાલન કરવું પડશે. ત્યારપછી દીક્ષા લો. નહીંતર ફારસ બનાવશો નહીં, હાસ્યપદ બનાવશો નહીં. આ મારી વિનંતી છે.

શ્રીમદ્ ભાગવતમ્ – ૧.૧૬.૩૫, હવાઇ, ૨૮ જાન્યુઆરી ૧૯૭૪

**અન્યથા તેઓ મારા શિષ્યો નથી.**

મારી સલાહ છે કે ઓછામાં ઓછી ૧૬ માળાનો જપ હંમેશા કરો અને ૪ નિયામક સિદ્ધાંતોનું પાલન હંમેશા કરો. મારા બધા શિષ્યોએ આ મુદ્દા પર સહમત થવું પડશે, અન્યથા તેઓ મારા શિષ્યો નથી.... મારા શિષ્યોએ આ સિદ્ધાંતોનું પાલન સ્વર્ગમાં કે નર્કમાં રહીને પણ કરવું પડશે.

રાજલક્ષ્મીને પત્ર, માયાપુર, ૧૭ ફેબ્રુઆરી ૧૯૭૬

**પડકારોના ઉપાયો**

**દીક્ષા પ્રતિજ્ઞાઓનું ચુસ્તપણે પાલન કરવામાં આવતા પડકારોના અમુક મદદરૂપ ઉપાયો નીચે બોક્ષમાં લખો.**

**કૃષ્ણભાવનામાં અત્યંત ઝડપી પ્રગતિ કરવા તમને વિવશ કરવા માટે તપસ્યા.**

તેમ છતાં તમારા આધ્યાત્મિક ગુરૂને આપેલા વચનને પાલન કરવામાં જો તમે અસમર્થ હશો, તો તમને પોતાને ભક્ત અને શિષ્ય કહેવાનો શો અર્થ છે? તે તો કેવળ ઢોંગ છે. તો તમારે આ પ્રમાણે વિચારવું જોઇએ કે મે મારા આધ્યાત્મિક ગુરૂને આ વચન આપ્યું છે, હવે મારે કોઇપણ

અપવાદ વિના તેમની આજ્ઞાનું પાલન કરવું પડશે. નહીંતર પોતાને શિષ્ય કહેવાનો કોઇ અર્થ રહેતો નથી. કૃષ્ણભાવનામય સમજમાં તમારી અત્યંત ઝડપી પ્રગતિ માટે તમને વિવશ કરાવવા માટે આ તમારી તપસ્યા રહેશે. તપસ્યા વિના પ્રગતિ કરવાનો કોઇ પ્રશ્ન જ નથી. તેથી જો ભૌતિક પ્રકૃતિ હજુ પણ તમારે માટે એટલી બધી આકર્ષક છે કે તમે આ રીતે વસ્તુઓનો ત્યાગ કરવા માટે અસમર્થ છો, તો એ સારુ થશે કે તમે સમગ્ર વસ્તુઓનો ત્યાગ કરી અને બહાર રહી મન ફાવે તેમ કરો. પરંતુ જો તમે પોતાને ભક્ત કહેવડાવા ઇચ્છતા હોવ અને તે ક્ષમતામાં રહી કૃષ્ણની સેવા કરવા ઇચ્છતા હોવ તો કોઇપણ અપવાદ વિના સર્વ સંજોગોમાં તમારે આ ૪ પ્રાથમિક મુખ્ય નિષેધોથી દૂર રહેવું પડશે. નિઃસંદેહ એકવાર, બે વાર કૃષ્ણ ક્ષમા કરશે, તે ખૂબ અઘરું નથી, પરંતુ તેનાથી વધારે ક્ષમા કરવું કૃષ્ણ માટે ખૂબ અઘરું થઈ જશે અને તેમાં મહાન ભય રહેશે કે તમે સમય આપી અને મહેતન કર્યા પછી પણ બધુ ગુમાવી દેશો.

સંકર્ષણને પત્ર, બોમ્બે, ૩૧ ડિસેમ્બર ૧૯૭૨

**અવજ્ઞા કરવાનો અર્થ છે આધ્યાત્મિક ગુરૂ સાથેના સંબંધને તોડવો.**

તમે પૂછયું છે કે શું તે સાચું છે કે જ્યાં સુધી બધા જ શિષ્યો આધ્યાત્મિક આકાશમાં સ્થાનાંતરિત ન થાય ત્યાં સુધી આધ્યાત્મિક ગુરૂએ ભૌતિક બ્રહ્માંડમાં રહેવું પડે છે. ઉત્તર-હા, એ જ નિયમ છે. તેથી દરેક વિદ્યાર્થીએ એવા કોઇપણ અપરાધ કરવાથી ખૂબ જ સાવધાન રહેવું જોઇએ જે તેમનાં આધ્યાત્મિક સામ્રાજ્ય તરફ પ્રવર્તન માટે હાનિકારક હોઇ શકે અને તેના કારણે આધ્યાત્મિક ગુરૂએ તેનો ઉદ્ધાર કરવા ફરી અવતાર લેવો પડે. આ પ્રકારની માનસિકતા આધ્યાત્મિક ગુરૂ પ્રતિ એક પ્રકારનાં અપરાધ સમાન છે. દસ પ્રકારના અપરાધોમાં પહેલા ક્રમનો અપરાધ આધ્યાત્મિક ગુરૂનાં આદેશોની અવગણના કરવી તે છે. દીક્ષા સમયે આધ્યાત્મિક ગુરૂએ શિષ્યને આપેલા આદેશોનું ચુસ્તપણે પાલન થવું જોઇએ. આના દ્વારા વ્યક્તિ આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરી શકશે. પરંતુ જો કોઇ આવા આદેશોની જાણી-જોઇને અવગણના કરે તો તેની પ્રગતિ શરૂઆતથી જ અટકી જશે આ અવજ્ઞાનો અર્થ થાય છે આધ્યાત્મિક ગુરૂ સાથેના સંબંધોને તોડવો અને જે કોઇ અવગણના કરે છે અને આ રીતે આધ્યાત્મિક ગુરૂ સાથે સંબંધ તોડી કાઢે છે, તેના માટે જન્મજન્માંતર સુધી આધ્યાત્મિક ગુરૂની મદદની આશા નહીંવત્ થઇ જાય છે. મને આશા છે કે તમારા માટે આ પ્રશ્નનું પર્યાપ્ત સ્પષ્ટીકરણ થયું છે.

જયપતાકાને પત્ર, લોસ એન્જલસ, ૧૧ જુલાઇ ૧૯૬૯

**જો હું તેની પર પાણી રેડીશ, તો તેને સળગાવવું મુશ્કેલ બનશે.**

નિઃસંદેહ, આ હરિનામનો જપ તમને શુદ્ધ કરશે. તે સારું છે. પરંતુ જેવી રીતે હું આ અગ્નિને પ્રજ્વલિત કરીશ, આ સુકું લાકડુ છે. પરંતુ જો હું તેને સુકું રાખીશ તો અગ્નિ ખૂબ સરસ થશે, પ્રજ્વલિત અગ્નિ. પરંતુ જો હું તેની પર પાણી રેડીશ તો તેને પ્રજ્વલિત કરવું અઘરું થઇ જશે. તેવી જ રીતે કૃષ્ણભાવનામૃતનો અગ્નિ તમને હંમેશા પ્રગતિશીલ રાખશે. પરંતુ તે સાથે જ જો આપણે સ્વૈચ્છિક રીતે તે અગ્નિ પર પાણી ન રેડીયે તો સારું થશે. તેવી રીતે કૃષ્ણભાવનામૃત અથવા હરે કૃષ્ણનો જપ તમને પ્રગતિશીલ રાખશે. તેની સાથે જો તમે સ્વેચ્છાપૂર્વક આ બધા અનર્થોથી દૂર રહેશો તો ખૂબ સારું રહેશે અને જો તમે આ પાણી રેડવાનું ચાલુ રાખશો તો... જેવી જ રીતે એક મનુષ્ય દવા લઇ રહ્યો છે અને તેની સાથે વ્યર્થ કાર્યો પણ કરી રહ્યો છે, તો તેનો રોગ દૂર નહીં થાય અથવા તેમાં ખૂબ જ લાંબો સમય લાગશે. તેથી આપણે એ રીતે બેજવાબદાર ન થવું જોઇએ. કારણ કે જીવન ખૂબ જ ટૂંકું છે.

દીક્ષા પ્રવચન – સનફ્રાન્સિસ્કો, ૧૦ માર્ચ ૧૯૬૮

**પરંતુ ચૈતન્ય મહાપ્રભુ તમામ પ્રકારના પાપીઓનો એક શરત ઉપર સ્વીકાર કરે છે.**

જ્યારે ચૈતન્ય મહાપ્રભુ પોતાના સુદર્શન ચક્રનું આહ્વાહન કરી રહ્યા હતા અને નિત્યાનંદ પ્રભુ તેમને બંને ભાઈઓને ક્ષમા કરવાની પ્રાર્થના કરી રહ્યા હતા, ત્યારે જ બંને જગાઈ અને માધાઈ ચૈતન્ય મહાપ્રભુના ચરણોમાં પડી ગયા તેમજ પોતાના વ્યવહાર બદલ તેમની પાસે ક્ષમા યાચના કરવા લાગ્યા. નિત્યાનંદ પ્રભુએ આ બંને ક્ષમાયાચકોનો ઉદ્ધાર કરવા માટે શ્રી ચૈતન્ય મહાપ્રભુને અનુરોધ કર્યો અને ચૈતન્ય મહાપ્રભુએ એ શરત ઉપર તેમની ક્ષમાને સ્વીકારી કરી કે તે હવેથી તમામ પાપના કાર્યો અને ખોટી આદતોને ત્યજી દેશે. બંને ભાઈઓએ આવું કરવાની પ્રતિજ્ઞા લીધી જે પશ્ચાત શ્રી ચૈતન્ય મહાપ્રભુએ તેમને સ્વીકાર્યા અને ત્યારબાદ ક્યારેય પણ તેમની આદત વિશે ચર્ચા ન કરી. આ ચૈતન્ય મહાપ્રભુની વિશેષ કૃપા છે. આ જગતમાં કોઈપણ પાપમુક્ત નથી. પોતાને પાપહીન બતાવવું કોઈના માટે સંભવ નથી. પરંતુ શ્રી ચૈતન્ય મહાપ્રભુ એક શરત ઉપર બધા પાપીઓનો સ્વીકાર કરે છે કે તેઓ પ્રામાણિક આધ્યાત્મિક ગુરૂ દ્વારા દીક્ષા પ્રાપ્ત કર્યા પછી પાપના કાર્યોમાં સામેલ નહીં થાય. કળિયુગમાં તમામ વ્યક્તિ દેખીતી રીતે જગાઈ અને માધાઈના

ગુણવાળા છે. જો તેમને તેમના પાપના કાર્યોમાંથી મુક્ત થવું છે તો તેઓ ચૈતન્ય મહાપ્રભુની શરણ મેળવે અને દીક્ષા પછી શાસ્ત્ર-વિરુદ્ધ કોઈપણ કાર્ય ન કરે.

શ્રીમદ્ ભાગવતમની ભૂમિકાથી

**શુદ્ધિકરણ વિધિ પહેલાથી જ ભક્તના હૃદયમાં ઉપલબ્ધ છે**

શાસ્ત્રો પ્રમાણે જો કોઈ પોતાના ઉચ્ચ સ્થાનથી પતિત થઈ જાય છે ત્યારે આ નિયમ છે કે તે પશ્ચાતાપ કરે. પરંતુ એક ભક્ત માટે આવો કોઈ નિયમ નથી કારણ કે શુદ્ધિકરણ વિધિ પહેલાથી જ ભક્તના હૃદયમાં ઉપલબ્ધ છે, કારણ કે તે હંમેશા પૂર્ણ પુરુષોત્તમ પરમેશ્વરનું ચિંતન કરતો રહે છે. તે માટે જ હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે, હરે રામ હરે રામ રામ રામ હરે હરેનો જપ નિરંતર કરવો જોઈએ.

(ભગવદ્ ગીતા ૯.૩૧)

**તો તમે એક સજ્જન પણ નથી, ભક્તની તો વાત જ દૂર છે**

હૃદયાનંદઃ (અનુવાદ કરે છે) તે જાણવા માંગે છે કે શું ગુરૂની અવજ્ઞા કરવી સૌથી મહાન અપરાધ છે?

શ્રીલ પ્રભુપાદઃ હાં, તે પ્રથમ અપરાધ છે. ગુરોર્ અવજ્ઞા, શ્રુતિ શાસ્ત્ર નિન્દનમ્. શ્રુતિ શાસ્ત્ર નિન્દનમ્ ગુરોર્ અવજ્ઞા. જો તમે ગુરૂનો સ્વીકાર કરો અને પછી ફરીથી તેમની અવજ્ઞા કરો, તો તમારું સ્થાન શું છે? તમે એક સજ્જન પણ નથી. તમે ગુરૂ સમક્ષ, કૃષ્ણ સમક્ષ, અગ્નિ સમક્ષ વચન આપ્યું છે કે, "હું તમારા આદેશોનું પાલન કરીશ; હું તેનું પાલન કરીશ", અને પુનઃ તમે તે કરી રહ્યા નથી. તો તમે એક સજ્જન પણ નથી, ભક્તની તો વાત જ દૂર છે. આ એક સામાન્ય વિવેક બુદ્ધિ છે.

ભગવદ્ ગીતા – ૨.૧૧, મેક્સિકો, ૧૧ ફેબ્રુઆરી ૧૯૭૫

# યુનિટ ૩

## ગુરૂ સાથે સંબંધમાં રહી કાર્ય કરવું.

**પાઠ ૮ ગુરૂ પૂજા**

શ્રીલ પ્રભુપાદની નિયમિત પૂજા
ગુરૂ પૂજાનું મહત્ત્વ
ઇસ્કૉન ગુરૂઓની સત્તાવાર પૂજા
વ્યાસ પૂજા

**પાઠ ૯ ગુરૂ સેવા**

શિષ્યની યોગ્યતાઓ
ગુરૂ-સેવા અને ઇસ્કૉનની સેવા
સંતોલનથી અનિવાર્યતાઓને પૂર્ણ કરવી

**પાઠ ૧૦ ગુરૂની વપુ અને વાણી સેવા**

ગુરૂની વપુ તેમજ વાણી સેવા કરવાના ઉપાય
ગુરૂની વપુઃ સેવાનું મહત્ત્વ
ગુરૂની ઉપસ્થિતિમાં ઉપયુક્ત વ્યવહાર કરવો
ગુરૂ સમક્ષ જિજ્ઞાસા કરવી
ગુરૂની વાણી સેવાનું મહત્ત્વ

**પાઠ ૧૧ ગુરૂ ત્યાગ (આધ્યાત્મિક ગુરૂનો ત્યાગ)**

ગુરૂ ત્યાગનો સિદ્ધાંત તેમજ પ્રક્રિયા
ગુરૂથી સંબંધિત ફરિયાદો નોંધવી
પુનર્દીક્ષા
ઇસ્કૉનના અંતર્ગત ભક્તિમાં સંલગ્ન રહેવું

# પાઠ ૮ ગુરૂ પૂજા

**પાઠના વિષય :**

- શ્રીલ પ્રભુપાદની નિયમિત પૂજા
- ગુરૂ પૂજાનું મહત્ત્વ
- ઇસ્કૉન ગુરૂઓની સત્તાવાર પૂજા
- વ્યાસ પૂજા

**ગુરૂ પૂજાનું મહત્ત્વ**

**સાક્ષાદ્ ધરિત્વેન સમસ્ત શાસ્ત્રૈર્**
**ઉક્તસ્ તથા ભાવ્યત એવ સદ્-ભિઃ**

આધ્યાત્મિક ગુરૂનો આદર ભગવાનના સમાન કરવામાં આવવો જોઈએ કારણ કે તે ભગવાનના સૌથી ગોપનીય સેવક છે.

(શ્રી ગુર્વાષ્ટક શ્લોક ૭)

**આરાધનાનાં સર્વેષાં વિષ્ણોરારાધાનં પરમ્**
**તસ્માત્ પરતરં દેવી તદીયાનાં સમર્ચનમ્**

ભગવાન શિવે દુર્ગાદેવીને કહ્યું, "પ્રિય દેવી, જો કે વેદોમાં દેવતાઓની પૂજા બતાવવામાં આવી છે પરંતુ વિષ્ણુની આરાધના સર્વોચ્ચ છે. પરંતુ ભગવાન વિષ્ણુની આરાધનાથી પણ વૈષ્ણવો કે જેઓ ભગવાન વિષ્ણુ સાથે સંબધિત છે તેમની સેવા કરવી વધુ મહત્ત્વની છે."

પદ્મ પુરાણમાંથી, ચૈતન્ય ચરિતામૃત મધ્યલીલા ૧૧.૩૧

**યે મે ભક્ત જનાઃ પાર્થ ન મે ભક્તાશ્ચતે જનાઃ**
**મદ્ ભક્તાનાં ચ યે ભક્તાસ્તે મે ભક્ત તમામતાઃ**

"ભગવાન કૃષ્ણએ અર્જુનને કહ્યું કે જે મારા ભક્ત છે તે વાસ્તવમાં મારા ભક્ત નથી, પરંતુ જે મારા સેવકના ભક્ત છે તે વાસ્તવમાં મારા ભક્ત છે."

(આદિ પુરાણમાંથી, ચૈતન્ય ચરિતામૃત મધ્ય લીલા ૧૧.૨૮)

**આ કોઇ આત્મપ્રશંસા નથી; પરંતુ આ વાસ્તવિક ઉપદેશ છે.**

તો આ ગુરૂ પૂજા આપણે જે કરી રહ્યા છીએ તે કોઈ આત્માપ્રશંસા નથી. વાસ્તવિક ઉપદેશ છે. તમે રોજ ગાઓ છો તે શું છે? ગુરૂ મુખ પદ્મ વાક્ય આરના કરીહ એક્ય, બસ, આ અનુવાદ છે. હું તમને નિખાલસતાથી કહું છું કે આ કૃષ્ણભાવનામૃત આંદોલનની જે કંઇ થોડીક સફળતા છે, તેમાં મેં મારા ગુરૂ મહારાજે જે કહ્યું હતું તેના પર માત્ર વિશ્વાસ કર્યો છે. તમે પણ તેને ચાલું રાખો. ત્યાર પછી દરેક સફળતા પ્રાપ્ત થશે.

આગમન સંબોધન - ન્યૂયોર્ક, જુલાઈ ૯, ૧૯૭૬

**નિયમિત રૂપે ગુરૂ પૂજા કરવાના લાભ લખો.**

## ઇસ્કૉન ગુરૂઓની સત્તાવાર પૂજા

### પ્રણામ મંત્રો

**શ્રીલ પ્રભુપાદના પ્રણામ મંત્રની પહેલી બે પંક્તિનો ઉચ્ચાર અવશ્ય કરવો.**

પોતાના દીક્ષા-ગુરૂના પ્રણામ-મંત્રના ઉચ્ચારણ પછી સર્વ પ્રશિષ્યો અને ભવિષ્યની પેઢીઓએ સંસ્થાપક આચાર્યને માન આપવાના અર્થમાં પ્રણામ કરતી વખતે શ્રીલ પ્રભુપાદના પ્રણામ મંત્રની ઓછામાં ઓછી પ્રથમ બે પંક્તિઓનું ઉચ્ચારણ અવશ્ય કરવું.

ઇસ્કોન કાયદો ૭.૨.૧ પ્રથમ (હરિનામ) દીક્ષા

### આરતી અર્પણ

મંદિરમાં આરતી કરતી વખતે અથવા મંદિર સંબંધિત કાર્યક્રમોમાં પૂજારી, ઇસ્કોન દ્વારા અધિકૃત અને સારી છાપ ધરાવતા હોય તેવા દીક્ષા ગુરૂનો નાનો ફોટો ગર્ભગૃહમાં મૂકવાના બદલે આરતીની થાળી અથવા ટેબલ પર મૂકી શકે છે. ગુરૂનો ફોટો શ્રીલ પ્રભુપાદના ફોટાથી કદમાં નાનો હોય. આરતી પછી ફોટો ગર્ભગૃહમાંથી ખસેડી લેવો.

ઇસ્કૉન કાયદો – ૬.૪.૮.૩

### ગુરૂ પૂજા (ઇસ્કોનના વર્તમાન દીક્ષા ગુરૂ માટે)

શ્રીલ પ્રભુપાદ સિવાયના ઇસ્કોનના બીજા ગુરૂના શિષ્યો તેમના ગુરૂને મંદિર ખંડની બહાર ગુરૂપૂજા અર્પણ કરી શકે છે. મંદિરે આ શિષ્યો માટે પૂજાની સુવિધા પૂરી પાડવી જોઈએ.

ઇસ્કોન કાયદો – ૬.૪.૮.૧.૧

### સીમિત શીર્ષકો

ઇસ્કોનમાં કોઇને પણ કૃષ્ણકૃપામૂર્તિ જેવી માનવાચક ઉપાધિ સાથે અથવા પાદ અથવા દેવ જેવા શબ્દોથી સમાપ્ત થતી માનવાચક ઉપાધિ સાથે જાહેર કે ખાનગીમાં સંબોધન કરવું નહીં. શિષ્યો તેમના ઇસ્કોનના દીક્ષા અથવા શિક્ષા ગુરૂને ગુરૂદેવ અથવા ગુરૂ મહારાજ તરીકે સંબોધન કરી શકે છે.

ઇસ્કોન કાયદો – ૬.૪.૮

### વૈષ્ણવોનું સ્વાગત

ઇસ્કોન મંદિરોની મુલાકાતે આવેલા વૈષ્ણવોનું સ્વાગત અતિરેક વિનાનું હોવુ જોઈએ. જેમાં ગુરૂ તરીકે સેવા આપી રહેલ વૈષ્ણવોનો સમાવેશ કરવામાં આવે છે. જેમ કે આસન આપવું, પ્રસાદ આપવો, કંઇક પીવા આપવું, ફૂલની માળા અર્પણ કરવી અને કિર્તન કરવું.

ઇસ્કોન કાયદો – ૬.૪.૮.૨

## વ્યાસ પૂજા

વ્યાસપૂજા ઉત્સવમાં ભાગ લેવાના પ્રતિભાવોની નોંધ લખો.

### ઇસ્કોનના વર્તમાન દીક્ષા અને શિક્ષા ગુરૂઓ માટે વ્યાસ પુજા

શ્રીલ પ્રભુપાદ ઉપર વધુ સંપૂર્ણપણે ધ્યાન કેન્દ્રિત કરવા માટે અને તેમના દરેક ભક્તો સાથેના વિશેષ સંબંધ માટે ઇસ્કોનના દીક્ષા અને શિક્ષા ગુરૂ ઇસ્કોનની સંપત્તિ પર વર્ષમાં એક વખત

જાહેરમાં ગુરૂપૂજા(આરતી અથવા પાદપ્રક્ષાલન)નો સ્વીકાર કરી શકે છે. આ ઉત્સવ મંદિર ખંડમાં આયોજિત કરી શકાય. ઇસ્કોનના સભ્યોએ વ્યાસ-પૂજા ઉત્સવ શ્રીલ પ્રભુપાદ કરતા ઓછા વિસ્તૃત અને અતિરેક વિના ઉજવવો જોઇએ. સામાન્યતઃ ભક્તોએ વ્યાસપૂજા સ્થાનિક જગ્યાએ ઉજવવી જોઇએ. ઇસ્કોનમાં વ્યાસપૂજાના પુસ્તકો શ્રીલ પ્રભુપાદ માટે જ પ્રકાશિત કરી શકાય.

ઇસ્કોન કાયદો – ૬.૪.૮.૧

**નોંધ**

સામાન્યતઃ શિષ્યો માટે પોતાના આધ્યાત્મિક ગુરૂની વ્યાસ પૂજા વિધિમાં ગુરૂના ગુરૂભાઇ અને ગુરૂબહેનને પોતાના ગુરૂ માટે પ્રણતિ લખવા, સ્તુતિ કરવા કે ભાગ લેવા માટે વિનંતી કરવી તે વૈષ્ણવ શિષ્ટાચારના ઉલ્લંઘન તરીકે ગણવામાં આવે છે.

જીબીસી ગુરૂ સેવા સમિતિની ભલામણ

### શ્રીલ પ્રભુપાદની વ્યાસ પૂજા તેમજ તિરોભાવ તિથિ

ઇસ્કોનના સભ્યોએ શ્રીલ પ્રભુપાદના વ્યાસપૂજાની અને તિરોભાવ તિથિ ઉત્સવને પૂર્વ પ્રતિષ્ઠિત વ્યાસપૂજા ઉત્સવ તરીકે ઇસ્કોનમાં ઉજવવો જોઇએ. ઇસ્કોનના સર્વ સભ્યોને શ્રીલ પ્રભુપાદની વાર્ષિક વ્યાસપૂજા પ્રણતિ લખવા વિનંતી છે.

ઇસ્કોન કાયદો – ૬.૪.૮

## વધારાના અવતરણો પાઠ ૮ ગુરૂ પૂજા

### ગુરૂના ફોટાનું સન્માન

મારામાં તથા મારા ફોટામાં કોઇ તફાવત નથી. તેથી આપણે ફોટાનું એ જ ભાવથી સન્માન કરવું જોઇએ. આ ફોટાને આપણે અહીં-તહીં ફેંકીએ તો તે અપરાધ છે. આધ્યાત્મિક જગતમાં ફોટો અને નામ તે વ્યક્તિની સમાન છે.

જદુરાણીને પત્ર – નવ વૃંદાવન – ૪ સપ્ટેમ્બર ૧૯૭૨

### આધ્યાત્મિક ગુરૂના આવિર્ભાવ તિથિને વ્યાસ પૂજા તરીકે ઉજવાય છે.

પાકુ ફળ ગુરૂ-શિષ્ય પરંપરા દ્વારા હાથો હાથ ઉતરી આવે છે અને જે કોઇ શ્રીલ વ્યાસદેવ તરફથી ગુરૂ-શિષ્ય પંરપરા દ્વારા આ કાર્ય કરે છે. તેમને વ્યાસદેવના પ્રતિનિધિ માનવામાં આવે છે અને

એમ પણ અધિકૃત આધ્યાત્મિક ગુરૂના આર્વિભાવ દિવસને વ્યાસપૂજા તરીકે ઉજવવામાં આવે છે. આધ્યાત્મિક ગુરૂ ઊંચા આસન પર બેસે છે, તેને પણ વ્યાસાસન કહેવામાં આવે છે.

બલિમર્દનને પત્ર ટોકિયો, ૨૫ ઓગસ્ટ ૧૯૭૦

**એકપણ ઝવેરાત કે ફાળાને વાઇસરોય સ્પર્શ કરી શકતો નથી.**

તો આ વ્યાસપૂજાનો અર્થ છે આધ્યાત્મિક ગુરૂના જન્મદિવસે વર્ષમાં એક જ વાર, કારણ કે તેઓ વ્યાસદેવના પ્રતિનિધિ છે, તેઓ કોઇપણ પરિવર્તન વગર જ્ઞાન આપી રહ્યા છે, જે ગુરૂ પરંપરાથી ઉતરી આવ્યું છે, તેથી તેમને સન્માન આપવામાં આવે છે. આને વ્યાસપૂજા કહેવામાં આવે છે અને આધ્યાત્મિક ગુરૂ બધો આદર, બધો ફાળો પોતાના માટે નહીં પરંતુ પૂર્ણ પુરુષોત્તમ પરમેશ્વર તરફથી સ્વીકારે છે. જેવી રીતે આપણા દેશમાં જ્યારે બ્રિટિશ સરકાર હતી ત્યારે રાજાના પ્રતિનિધિ તરીકે વાઇસરોય હતા. તો સ્વાભાવિક રીતે જ્યારે વાઇસરોય કોઇ સભામાં જતાં ત્યારે ઘણા લોકો કિંમતી આભૂષણો, કિંમતી વસ્તુઓ દ્વારા તેમનું સન્માન કરવા, તેમને ભેટ આપવા જતા. પરંતુ કાયદો એવો હતો કે એકપણ ઝવેરાત કે ફાળાને વાઇસરોય સ્પર્શ કરી શક્તા નહીં. તે શાહી ખજાના માટે જતું. વાઇસરોય બધા ફાળાને રાજા માટે સ્વીકારી શકે છે પરંતુ તે જાય છે રાજા પાસે જ. તેવી રીતે આ દિવસે વ્યાસપૂજાના દિવસે જે કોઇ આદર, ફાળો કે ભાવનાઓ ગુરૂને અર્પણ કરવામાં આવે તે... પુનઃ જેવી રીતે આપણે જ્ઞાન ઉપર તરફથી પ્રાપ્ત કરી રહ્યા છીએ તેવી રીતે આદર પણ નીચે તરફથી ઉપર તરફ જાય છે. આ પ્રક્રિયા છે. તેથી આધ્યાત્મિક ગુરૂ વિદ્યાર્થીના શિક્ષક હોવાથી તેમણે શિષ્યને શીખવવું પડે છે કે તેમનો આદર કે ફાળો ભગવાનને કેવી રીતે પાછો મોકલવો. આને વ્યાસપૂજા કહેવાય.

શ્રી વ્યાસ પૂજા - નવ વૃંદાવન ૨ સપ્ટેમ્બર, ૧૯૭૨

**શ્રી વ્યાસપૂજાનું રહસ્ય**

અહીં શ્રી વ્યાસપૂજાનું મહત્ત્વ રહેલું છે. જ્યારે આપણે પરમેશ્વરની દિવ્ય લીલાઓનું ધ્યાન ધરીએ છીએ ત્યારે આપણને ગર્વનો અનુભવ થાય છે કે આપણે તેમના શાશ્વત સેવકો છીએ અને આપણે આનંદિત થઇ ખુશ થઇ નાચવા લાગીએ છીએ. મારા દિવ્ય સ્વામીનો જય હો. કારણ કે તેમણે જ આપણી ભીતર શાશ્વત અસ્તિત્વના આંદોલનરૂપી તેમની કૃપાના અવિરત પ્રવાહને ઉદિત કર્યો છે. આપણે તેમના ચરણકમળમાં પ્રણામ કરીએ.

શ્રીલ પ્રભુપાદ વ્યાસપૂજા – શ્રીલ ભક્તિસિદ્ધાંત સરસ્વતી ઠાકુરને પ્રણતિ – બોમ્બે. (ફેબ્રુ.૧૯૩૫)

# પાઠ ૯ ગુરૂ સેવા

**પાઠના વિષયઃ**

| |
|---|
| શિષ્યની યોગ્યતાઓ |
| ગુરૂ-સેવા અને ઇસ્કૉનની સેવા |
| સંતોલનથી અનિવાર્યતાઓને પૂર્ણ કરવી |

**સેવયા**

જે પ્રકારે કોઈ વસ્તુની ખરીદી કરતી સમયે તેનું મૂલ્ય ચૂકવવાનું હોય છે જેને કહેવાય છે સેવયા. આધ્યાત્મિક ગુરૂ દ્વારા શીખવવામાં આવેલ મૂલ્યોની ચૂકવણી તમારા માટે શક્ય નથી. તે શક્ય નથી. તેથી તેમની સેવા માટે તમારું જીવન સમર્પિત કરો. તમે તેની ચુકવણી ન કરી શકો. તમારા આધ્યાત્મિક ગુરૂને આપવા માટે તમારી પાસે શુ છે?

શ્રીમદ ભાગવતમ્ ૨.૩.૨૫ લોસ એન્જલસ જૂન ૨૩, ૧૯૭૨

## ગુરૂ સેવા અને ઇસ્કૉનની સેવા

નીચે આપવામાં આવેલ ટેબલમાં સૂચિબદ્ધ કરો

| ઇસ્કૉનના આંદોલનની સેવા કરવાની રીતો | આપણા ગુરૂની સેવા કરવાની રીતો |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |
| | |

ગુરૂ સેવા તેમજ ઇસ્કૉનની સેવાને સંતોલન સાથે કરવાના મહત્ત્વ પર ટિપ્પણી કરો

**સંતોલનથી અનિવાર્યતાઓને પૂર્ણ કરવી**

ગુરૂ માટેની ફરજો ઉપરાંત પોતાના જીવનની અમુક ફરજો સૂચિબદ્ધ કરો.

સંતોલન સાથે ગુરૂ તેમજ અન્ય પ્રતિ બાધ્યતાઓ પૂર્ણ કરવામાં આવતા પડકારોના નિરાકરણ માટેના અમુક ઉપાયો સૂચવો.

**શિષ્યનો ધર્મ છે આદેશનું પાલન કરવું ... શ્રી ચૈતન્ય મહાપ્રભુના સંદેશને સમગ્ર વિશ્વમાં પ્રસારિત કરવો.**

**પૃથિવી તે આ છે યત નગરાદિ ગ્રામ**
**સર્વત્ર પ્રચાર હૈબે મોર નામ**

(શ્રી ચૈતન્ય ભાગવત અંત્ય ખંડ ૪.૧૨૬)

ચૈતન્ય મહાપ્રભુના ભક્તોએ વિશ્વના બધા ગામો તેમજ શહેરોમાં કૃષ્ણભાવનામૃતનો પ્રચાર કરવો જ જોઈએ. આ ભગવાનને સંતુષ્ટ કરશે. એવું નથી કે પોતાના વ્યક્તિગત સંતોષ માટે તરંગીપણે કાર્ય કરવું જોઈએ. આ આજ્ઞા પરંપરા પદ્ધતિ દ્વારા પ્રાપ્ત થાય છે અને આધ્યાત્મિક ગુરૂ શિષ્યને આ આજ્ઞા પ્રસ્તુત કરે છે જેથી કે તે શ્રી ચૈતન્ય મહાપ્રભુના સંદેશનો પ્રચાર કરી શકે. આ પ્રત્યેક શિષ્યનો ધર્મ છે કે તે પ્રામાણિક આધ્યાત્મિક ગુરૂ અને ચૈતન્ય મહાપ્રભુનો સંદેશ સમગ્ર વિશ્વમાં ફેલાવે.

શ્રી ચૈતન્ય ચરિતામૃત મધ્ય-લીલા ૧૬.૬૪ ભાવાર્થ

## ગુરૂ સેવા

**તદ્વિદ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા**
**ઉપદેક્ષયન્તિ તે જ્ઞાનં જ્ઞાનિનસ્તત્ત્વ દર્શિનઃ**

એક આધ્યાત્મિક ગુરૂ પાસેથી તત્ત્વ જાણવાનો પ્રયાસ કરો. શ્રદ્ધાપૂર્વક તેમને પ્રશ્ન કરો અને તેમની સેવા કરો. તત્ત્વ જ્ઞાની તમને જ્ઞાન આપી શકે છે કારણ કે તેમણે પરમ સત્યના દર્શન કર્યા છે. આવા આધ્યાત્મિક ગુરૂને સંપૂર્ણ શરણાગતી દ્વારા સ્વીકારવા જોઈએ અને અહંકાર સિવાય તેમની સેવા કરવી જોઈએ. તત્ત્વદર્શી ગુરૂનો સંતોષ આધ્યાત્મિક વિકાસનું રહસ્ય છે.

ભગવદ-ગીતા તેના મૂળ રૂપે ૪.૩૪

**જો શરણાગતી નહીં, તો વિકાસ નહીં.**

અમારા આંદોલનમાં આધ્યાત્મિક વિકાસનો આરંભ શરણાગતી છે. શરણાગતી નહીં તો, વિકાસ પણ નહીં. સર્વધર્માન્ પરિત્યજ્ય મામ્ એકં શરણમ્ વ્રજ (ગીતા ૧૮.૬૬). આ આરંભ છે. તેનો અભાવ હોય તો કોઈ પ્રારંભ પણ નહીં હોય, તો વિકાસની તો વાત જ શું કરવી? આની આપણે પહેલા પણ ચર્ચા કરી ચૂક્યા છીએ. ન સિદ્ધિં સ અવાપ્નોતિ ન સુખં ન પરમ ગતિઃ. આ આધ્યાત્મિક જીવનનો આરંભ છે. શબ્દ છે શિષ્ય. શિષ્યનો અર્થ છે જે શિસ્ત સ્વીકાર કરે. જો શિસ્ત જ નહીં તો તે શિષ્ય શેનો?

કક્ષ વાર્તાલાપ - જુલાઈ ૧, ૧૯૭૪, મેલબોર્ન

**વ્યક્તિ એ ચુસ્તપણે આદેશોનું પાલન કરવા પ્રયાસ કરવો.**

આધ્યાત્મિક ગુરૂની આજ્ઞાને અત્યંત ચુસ્તપણે પાલન કરવાના સિદ્ધાંતને માનવો જરૂરી છે. આધ્યાત્મિક ગુરૂ અલગ-અલગ લોકોને અલગ-અલગ નિર્દેશ આપે છે. જેવી રીતે ચૈતન્ય મહાપ્રભુએ રૂપ ગોસ્વામી, સનાતન ગોસ્વામી તેમજ જીવ ગોસ્વામીને પ્રચાર કરવા માટે કહ્યું, જ્યારે શ્રી રઘુનાથ દાસ ગોસ્વામીને ચુસ્તપણે સંન્યાસના નીતિ નિયમોનું પાલન કરવાનો આદેશ આપ્યો છે. બધા ગોસ્વામીઓએ શ્રી ચૈતન્ય મહાપ્રભુની આજ્ઞાનુ કઠોર રીતે પાલન કર્યું. ભક્તિમાં આ પ્રગતિનો સિદ્ધાંત છે. ગુરૂ પાસેથી આજ્ઞા પ્રાપ્ત કર્યા પછી તેનું ચુસ્તપણે પાલન કરવું જોઈએ. આ સફળતાનો માર્ગ છે.

શ્રી ચૈતન્ય ચરિતામૃત અંત્ય લીલા ૬.૩૧૨

**આ પ્રમાણે ભક્તિ-લતા સૂકાઈ જાય છે.**

નિયમોનો ત્યાગ કરીને પોતાની ઇચ્છાનુસાર કાર્ય કરવાને મત્ત-હાથી અપરાધ કહેવામાં આવે છે અને આ ભક્તિ-લતાને મૂળમાંથી ઉખાડીને તેના ટુકડે-ટુકડા કરી દે છે. આ પ્રમાણે ભક્તિ-લતા સૂકાઈ જાય છે. આવો અપરાધ ખાસ કરીને ત્યારે થાય છે જ્યારે કોઈ ગુરૂના નિર્દેશોને અવગણે છે. આને ગુરૂ-અવજ્ઞા કહે છે. એક ભક્તે આ માટે જ આધ્યાત્મિક ગુરૂના આદેશોનું ઉલ્લંઘન ન કરીને

તેમના વિરુદ્ધ અપરાધ કરવાથી બચવું જોઈએ. જ્યારે કોઈ આધ્યાત્મિક ગુરૂના નિર્દેશથી ભટકી જાય છે ત્યારથી જ ભક્તિ-લતા ઉખડવાનું શરૂ થઈ જાય છે અને ક્રમશઃ બધા પાંદડાઓ સૂકાઈ જાય છે.

શ્રી ચૈતન્ય ચરિતામૃત મધ્ય-લીલા ૧૯.૧૫૬

દીક્ષા લીધા પછી અને ગુરૂનો આદેશ મેળવ્યા પછી શિષ્યએ નિ:શંક થઈને ગુરૂના ઉપદેશો કે આદેશોનું ચિંતન કરવું જોઈએ અને બીજા કશાયથી પોતાની જાતને વિચલિત કરવી જોઈએ નહીં. શ્રીલ વિશ્વનાથ ચક્રવર્તી ઠાકુરનું પણ એ જ મંતવ્ય છે. તેઓ ભગવદ્ ગીતાના શ્લોક (વ્યવસાત્મિકા બુદ્ધિરેકેહ કુરુનંદન ૨.૪૧) ના સ્પષ્ટીકરણમાં જણાવે છે કે ગુરૂનો આદેશ શિષ્ય માટે જીવનનો સાર છે. પોતે ભગવાન પાસે પાછો સ્વધામમાં જશે કે નહીં તેવો વિચાર શિષ્યએ કરવાનો નથી; ગુરૂની આજ્ઞાનું પાલન કરવું એ જ તેનું પહેલું કામ છે. શિષ્યએ સદા ગુરૂના આદેશનું ધ્યાન કરવું જોઈએ. એ જ પૂર્ણ ધ્યાન છે. તેણે એ આદેશ ઉપર ધ્યાન કરવું જોઈએ. એટલુ જ નહીં પણ, તેનું ઉત્તમ રીતે પાલન તથા તેની ઉપાસના કરી શકાય તેવા ઉપાય યોજવા જોઈએ.

શ્રીમદ્ ભાગવતમ ૪.૨૪.૧૫

## વધારાનાં અવતરણ પાઠ ૯ ગુરૂ સેવા

**શિષ્ય જે શિસ્ત શબ્દથી સંબંધિત છે.**

આધ્યાત્મિક ગુરૂ સ્વીકારવાનો અર્થ છે સ્વેચ્છાપૂર્વક મહાન વ્યક્તિ દ્વારા અપાયેલા નીતિનિયમોનું પાલન કરવા સહમત થવું. શિષ્ય હોવાનો અર્થ છે કે - પોતાની ઇચ્છાથી સહમત થવું, "જી ગુરૂદેવ, આપ જે કહેશો તે મને સ્વીકાર છે." સંસ્કૃત શબ્દ શિષ્યનો અર્થ છે, "જે નિયમોનું પાલન કરે," અને અંગ્રેજીમાં આને ડિસાઈપલ કહે છે, જેનો સંબંધ ડિસિપ્લિન શબ્દ સાથે છે. તો શિષ્ય ગુરૂ દ્વારા શિસ્ત બદ્ધ થાય છે. "મારી વ્યક્તિગત મુશ્કેલીઓ હોવા છતાં પણ મારે મારા ગુરૂની આજ્ઞાઓનું પાલન કરવું પડે."

શ્રીમદ્ ભાગવતમ્ ૫.૫.૧ ટિટનહર્સ્ટ, લંડનમાં આપેલ પ્રવચનમાંથી, ૧૨ સપ્ટેમ્બર, ૧૯૬૯

**એક પ્રામાણિક ગુરૂની શરણમાં જાઓ તેમજ સંપૂર્ણ હૃદય અને મનથી તેમની સેવા કરો.**

આધ્યાત્મિક પ્રગતિનો સૌથી સરળ માર્ગ છે એક પ્રામાણિક ગુરૂની શરણ લઈને તેમની હૃદયથી સેવા કરવી. આ સફળતાની ચાવી છે. જેમ કે શ્રી વિશ્વનાથ ચક્રવર્તી ઠાકુરે તેમની પ્રાર્થના

ગુરૂવાષ્ટકમમાં લખ્યું છે યસ્ય પ્રસાદાદ્ ભગવત પ્રસાદઃ. ગુરૂની સેવા કરીને કૃપા પ્રાપ્ત કરવાથી ભગવાનની કૃપા પ્રાપ્ત થઈ જાય છે. પોતાના પતિ કર્દમ મુનિ, જે એક ભક્ત હતા, તેમની સેવા કરવાથી દેવહુતિને તેમની આધ્યાત્મિક સિદ્ધિઓ મળી હતી. એ જ પ્રમાણે પ્રામાણિક ગુરૂની સેવા કરવાથી ભગવાન તેમજ ગુરૂની કૃપા એકસાથે મળે છે.

શ્રીમદ્ ભાગવતમ્ ૩.૨૩.૭

**આધ્યાત્મિક ગુરૂની વાણીના અનુસરણના સિદ્ધાંત ઉપર અડગ રહો.**

જો કોઈ શિષ્ય પોતાના આધ્યાત્મિક ગુરૂના આંદોલન પ્રત્યે ગંભીર છે, તો તે તરત જ વાણી અથવા વપુઃના માધ્યમથી પૂર્ણ પુરુષોત્તમ પરમેશ્વરનો સંગ કરે છે. આ જ ભગવાનના દર્શન પ્રાપ્ત કરવા માટેનું એકમાત્ર રહસ્ય છે. ઇન્દ્રિય તૃપ્તિ કરતાં વૃંદાવનની કોઈ ઝાડીમાં ભગવાનના દર્શન પ્રાપ્ત કરવાના પ્રયાસ કરવા કરતા જો કોઈ આધ્યાત્મિક ગુરૂની વાણી અનુસરણના સિદ્ધાંતો પર અડગ રહે તો આ પ્રકારે તે કોઈપણ મુશ્કેલી વગર ભગવાનના દર્શન પ્રાપ્ત કરશે.

શ્રીમદ્ ભાગવતમ્ ૪.૨૮.૫૧

**જ્યારે તમે મારા મિશનની સહાયતા કરી રહ્યા છો તે વાસ્તવિક સંગ છે.**

તમે લખો છો કે તમે પુનઃ મારો સંગ કરવાની ઇચ્છા રાખો છો, પરંતુ તમે કેમ એ ભૂલી જાઓ છો કે તમે સદૈવ મારી સાથે છો? જ્યારે તમે મારા આંદોલનમાં સહાયતા કરો છો ત્યારે હું સદૈવ તમારા વિષયમાં ચિંતન કરું છું અને તમે મારા. આ વાસ્તવિક સંગ છો.

ગોવિંદને લખેલ પત્રથી --- લોસ એન્જેલસ ૧૭ ઑગસ્ટ, ૧૯૬૯

**હું આપની સાથે છું, જેમ મારા ગુરૂ મહારાજ મારી સાથે છે.**

આધ્યાત્મિક ગુરૂ તે દરેક જગ્યાએ ઉપસ્થિત છે જ્યાં તેમના શિષ્યો તેમના નિર્દેશોનું પાલન કરી રહ્યા છે. આ શ્રીકૃષ્ણની કૃપાથી જ શક્ય છે. પોતાના ભક્તિભાવથી મારી સેવા કરવાના દરેક પ્રયાસના કારણે હું સદૈવ તમારી સાથે છું, જેમ મારા ગુરૂ મહારાજ મારી સાથે છે. આ હંમેશા યાદ રાખો.

ભક્ત ડૉનને લખેલ પત્રથી --- લોસ એન્જેલસ ૧ ડિસેમ્બર, ૧૯૭૩

# પાઠ ૧૦ ગુરૂની વપુ તેમજ વાણી સેવા

**પાઠના વિષય :**

| |
|---|
| ગુરૂની વપુ તેમજ વાણી સેવા કરવાના ઉપાય |
| ગુરૂની વપુ સેવાનો મહત્ત્વ |
| ગુરૂની ઉપસ્થિતિમાં ઉપયુક્ત વ્યવહાર કરવો |
| ગુરૂ સમક્ષ જિજ્ઞાસા કરવી |
| ગુરૂની વાણી સેવાનું મહત્ત્વ |

**વપુ:**
**પ્રત્યક્ષ શરીર**

**વાણી**
**ઉપદેશ**

**સાધુસંગ સાધુસંગ સર્વ શાસ્ત્રે કય**
**લવ માત્ર સાધુસંગ સર્વ સિદ્ધિ હય**

બધા શાસ્ત્રોનું કહેવુ છે કે સાધુ સંગ એક ક્ષણ માટે પણ કરવાથી સંપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે છે.

ચૈતન્ય ચરિતામૃત મધ્ય લીલા ૨૨.૫૪

**ગુરૂની ઉપસ્થિતિમાં ઉપયુક્ત વ્યવહાર**

**શિષ્યો માટે શિષ્ટાચારના નિયમ, હરિભક્તિ – વિલાસમાંથી**

- ગુરૂને જોતાંની સાથે જ દંડવત પ્રણામ કરવા જોઇએ.
- જ્યારે ગુરૂ આવે ત્યારે તેમની તરફ મોઢું હોવું જોઇએ અને જ્યારે તે જાય ત્યારે તેમની પાછળ જવું જોઇએ.
- ગુરૂનો સાથ અનુમતિ વગર છોડવો ન જોઇએ.
- ગુરૂનું નામ અનાદરથી ન લેવું જોઇએ, પરંતુ આદરપૂર્વક લેવું જોઈએ.
- ક્યારેય ગુરૂની વાણી, ક્રિયા-કલાપની નકલ ઉતારવી જોઇએ નહીં.
- ગુરૂની વાણીનો ખૂબ જ આદર કરવો જોઇએ.
- ગુરૂના દંડને પણ તેમની દયા સમજવી જોઇએ.
- ગુરૂ, શાસ્ત્રો તેમજ ભગવાન વિશે ખરાબ વાણી સાંભળવી જોઇએ નહીં અને ત્યાંથી પ્રસ્થાન કરવુ જોઇએ.
- ગુરૂના હાર, પથારી, ચંપલ, આસન, છાયા તેમજ ટેબલને પગ લગાવવો જોઇએ નહીં.

- ગુરૂની સામે પગ ફેલાવવા જોઇએ નહીં, ઊંઘવું જોઇએ નહીં, હસવું તેમજ અનાદરપૂર્ણ અવાજો પણ કાઢવા ન જોઇએ.
- ગુરૂની સામે આસન અથવા પથારી પર બેસવું ન જોઇએ.
- ગુરૂની પહેલાં બીજા કોઇનું અર્ચન ન કરવું જોઇએ.
- ગુરૂની સામે દીક્ષા આપવી, શાસ્ત્રાર્થ કરવા અથવા પોતાને ઉચ્ચ બતાવવા નહીં જોઇએ.
- ગુરૂને આજ્ઞા આપવી જોઇએ નહીં પણ તેમની આજ્ઞાનું પાલન કરવું જોઇએ.
- ગુરૂના ગુરૂને એટલું જ સન્માન આપવું જોઇએ.
- ગુરૂની પત્ની, પુત્ર તેમજ સબંધીઓને ગુરૂ સમાન માનવા જોઇએ પરંતુ તેમના પુત્રના શરીર કે પગ ધોવા જોઇએ નહીં કે તેમનું ઉચ્છિષ્ઠ ખાવું જોઈએ નહીં.

હરિભક્તિ વિલાસમાંથી, પ્રામાણિક શિષ્યની યોગ્યતાઓ, પંચરાત્ર પ્રદિપમાંથી

ગુરૂની વપુ સેવા

**ગુરૂને શારીરિક સુખ પ્રદાન કરીને તેમની સેવા કરવી.**

ગુરૂ શુશ્રુષાનો અર્થ છે ગુરૂને વ્યક્તિગત રૂપે શારીરિક સુખ પ્રદાન કરી તેમની સેવા કરવી જેમ કે, સ્નાન કરાવવું, કપડાં પહેરાવવા, પથારી લગાવવી તેમજ ભોજન બનાવવું. આ ગુરૂ શુશ્રુષા કહેવાય છે. ગુરૂની સેવા એક સાધારણ સેવક બનીને કરવી જોઇએ તેમજ જે પણ સંપત્તિ શિષ્યની પાસે છે તે બધી ગુરૂની સેવામાં લગાવી દેવી જોઇએ.

શ્રીમદ્ ભાગવતમ્ ૭.૭.૩૦-૩૧

**વજ્રની સમાન કઠોર તેમજ પુષ્પની સમાન કોમળ**

એક આચાર્ય અથવા વૈષ્ણવ પરંપરાના મહાન વ્યક્તિઓ પોતાના સિદ્ધાંતો પ્રત્યે બહુ જ કઠોર હોય છે, પરંતુ કેટલીક વાર તેઓ વજ્રની જેમ કઠોર જ કેમ ન હોય, ક્યારેક ક્યારેક પુષ્પની જેમ કોમળ પણ હોય છે. આમ, વાસ્તવિકતામાં તે સ્વતંત્ર છે.

ચૈતન્ય ચરિતામૃત આદિ લીલા ૭.૫૫

**શ્રેયસ્તુ ગુરૂવદ્વૃત્તિર્ નિત્યમેવ સમાચરેત્**
**ગુરૂપુત્રેષુ દારેષુ ગુરોશ્ચૈવ સ્વબંધુષુ**

આધ્યાત્મિક ગુરૂની પત્ની, પુત્ર તેમજ સંબધીઓનો એટલો જ આદર કરવો જોઇએ જેટલો ગુરૂનો કરીએ છીએ.

પ્રામાણિક ગુરૂની યોગ્યતાઓ, હરિભક્તિ વિલાસમાંથી
પ્રથમ વિલાસ, શ્લોક- ૮૪, પંચરાત્ર પ્રદિપથી

**ગુરૂના પરિવારજનો તેમને સામાન્ય વ્યક્તિ જ સમજે છે ...**

જો કોઈ ભગવાન હરિ, રામ અથવા શ્રીકૃષ્ણને સાધારણ વ્યક્તિ સમજે છે, એનો એ અર્થ નથી કે તે સાધારણ વ્યક્તિ થઈ ગયા. એ જ પ્રમાણે શ્રી ગુરૂ જે શ્રી ભગવાનના પ્રામાણિક પ્રતિનિધિ છે, તેમના પરિવારજનો તેમને સામાન્ય વ્યક્તિ સમજે છે ત્યારે શ્રી ગુરૂ સાધારણ નથી બની જતા. ગુરૂ ભગવાન જેટલા જ શ્રેષ્ઠ છે અને જો કોઈ છાત્ર આધ્યાત્મિક પ્રગતિ હેતુ ગંભીર છે, તે આ દ્રષ્ટિથી આધ્યાત્મિક ગુરૂનો આદર કરે. આ સિદ્ધાંતનો થોડોક ભ્રમ પણ એક શિષ્યના વૈદિક અધ્યયન તેમજ સાધનાનો વિનાશ કરી શકે છે.

શ્રીમદ્ ભાગવતમ્ ૭.૧૫.૨૭

**ગુરૂના ગુરૂભાઈઓનો આદર કરવો**

શ્રી અદ્વૈત પ્રભુ તેમજ શ્રી ચૈતન્ય મહાપ્રભુના આધ્યાત્મિક ગુરૂ ઇશ્વરપુરી, બંને શ્રી માધવેંદ્રપુરીના શિષ્ય હતા જે શ્રી નિત્યાનંદ પ્રભુના પણ ગુરૂ છે. તે માટે જ શ્રી અદ્વૈત પ્રભુ, જે ચૈતન્ય મહાપ્રભુના આધ્યાત્મિક કાકાશ્રી છે, તેમનું પણ સન્માન કરવું જોઈએ કારણ કે એક શિષ્યએ ગુરૂની જેમ તેમના ગુરૂભાઈઓનો પણ આદર કરવો જોઈએ.

ચૈતન્ય ચરિતામૃત આદિ લીલા ૫.૧૪૭

**ભક્તનું ચરિત્ર જ છે વૈષ્ણવ સદાચારનું પાલન અને સંરક્ષણ**

પ્રિય સનાતન, તમે સંપૂર્ણ બ્રહ્માંડનું ઉદ્ધાર કરનાર છો તેમજ દેવગણ તમને સ્પર્શ કરીને શુદ્ધ થાય છે, આ એક ભક્તનું ચરિત્ર છે કે તે વૈષ્ણવ સદાચારની રક્ષા તેમજ પાલન કરે. વૈષ્ણવ સદાચારનું પાલન એક ભક્તનું આભૂષણ છે. જો કોઈ આ સદાચારોની વિરુદ્ધ જાય છે ત્યારે લોકો તેની હાંસી ઉડાવે છે અને તેનો આ સંસાર અને આવનાર જીવનમાં પણ સર્વનાશ થઈ જાય છે. સદાચારનું પાલન કરીને તમે મારા મનને સંતુષ્ટ કર્યું છે.

ચૈતન્ય ચરિતામૃત, અન્ત્ય લીલા અધ્યાય ૪,૧૨૯-૧૩૩

ચૈતન્ય મહાપ્રભુ સનાતન ગોસ્વામીને

ગુરૂ સમક્ષ જિજ્ઞાસા

**આ પડકાર ભર્યા મનોભાવથી ન કરવું જોઈએ.**

ભાગવત શ્રવણ દરમ્યાન સ્પષ્ટ અર્થ જાણવા માટે કોઈ પ્રશ્ન કરી શકે છે પરંતુ તે પડકાર ભર્યા ભાવથી ન કરવું જોઈએ. વિષય તેમ જ વક્તાની સામે અત્યંત આદરની સાથે પ્રશ્ન પ્રસ્તુત કરવામાં આવવા જોઈએ. આ પ્રક્રિયા વિશે ભગવદગીતામાં પણ બતાવવામાં આવ્યું છે. એક વ્યક્તિએ વિનમ્ર મનોભાવ સાથે તેમજ પ્રામાણિક સ્ત્રોતોથી જ આધ્યાત્મિક વિષયો સાંભળવા અને શીખવા. તે જ માટે આ સાધુઓએ શ્રી સૂત ગોસ્વામીને અત્યંત આદરપૂર્વક સંબોધિત કર્યા.

શ્રીમદ્ ભાગવતમ ૧.૧.૫

### અલૌકિક વિજ્ઞાનથી જોડાયેલ પ્રશ્ન જ કરવા જોઈએ

પ્રામાણિક ગુરૂ પાસેથી શીખવા માટે વ્યક્તિએ અત્યંત જિજ્ઞાસુ હોવું જોઈએ. તે જિજ્ઞાસા અલૌકિક વિજ્ઞાનથી ચુસ્તપણે સંબંધિત હોવી જોઈએ (જિજ્ઞાસુ શ્રેય ઉત્તમમ્). 'ઉત્તમમ્'નો અર્થ છે ભૌતિક વિદ્યાથી દૂર. તમ અર્થાત આ ભૌતિક જગતનો અંધકાર અને ઉત્ અર્થાત તેનાથી પર દિવ્ય. સામાન્ય રીતે લોકો ભૌતિક વિષય વસ્તુ પ્રત્યે અત્યંત જિજ્ઞાસુ રહે છે, પરંતુ એ વ્યક્તિ જે ભૌતિક વિષય વસ્તુમાં પોતાની રુચિ ખોઈ ચૂકયો છે અને માત્ર આધ્યાત્મિક જ્ઞાનમાં જ રુચિ ધરાવે છે તે દીક્ષિત થવા માટે ઉત્તમ છે.

ઉપદેશામૃત શ્લોક ૫

ગુરૂની વાણી સેવાનું મહત્ત્વ

### વાણીનું અસ્તિત્વ હંમેશા માટે રહે છે

ભૌતિક દ્રષ્ટિકોણના અનુસાર ૐ વિષ્ણુપાદ શ્રીલ ભક્તિ સિદ્ધાંત સરસ્વતી ઠાકુર પ્રભુપાદ આ ભૌતિક જગતમાંથી ડિસેમ્બર ૧૯૩૬ના અંતિમ દિવસે પ્રસ્થાન કરી ગયા. હું સદૈવ તેમની વાણી અને તેમના વચનોના રૂપમાં આજે પણ તેમનો અનુભવ કરું છું. સંગ બે પ્રકારે થાય છે, વપુ અથવા વાણી. વપુનો અર્થ છે શારીરિક રીતે હોવું. ભૌતિક ઉપસ્થિતિ કેટલીક વખત થાય છે અને કેટલીક વખત નહીં. પરંતુ વાણી સદૈવ ઉપસ્થિત હોય છે. વ્યક્તિએ વાણીનો લાભ ઉઠાવવો જોઈએ ન કે વપુનો. ભગવદગીતા એક ઉદાહરણ છે, જે શ્રીકૃષ્ણની વાણી છે. ભગવાન સ્વયં પાંચ હજાર વર્ષ પૂર્વ સ્વયં હાજર હતા પરંતુ હવે ભૌતિક દૃષ્ટિકોણ અનુસાર નથી. ભગવદગીતા હજી પણ ઉપસ્થિત છે.

ચૈતન્ય ચરિતામૃત, અન્ત્ય લીલા-સમાપન-વાક્ય

### વાણી વપુ કરતા અધિક મહત્ત્વપૂર્ણ છે

ગુરૂની શિક્ષાઓનું પાલન તેમના સ્વરૂપના અર્ચનથી અધિક મહત્ત્વપૂર્ણ છે, પરંતુ બંનેમાંથી કોઈની પણ ઉપેક્ષા કરવી ન જોઈએ. વપુ સ્વરૂપ કહેવાય છે અને શિક્ષા વાણી કહેવાય છે. બંનેની પૂજા થવી જોઈએ, વાણી વપુ કરતા અધિક મહત્ત્વપૂર્ણ છે.

તુષ્ટકૃષ્ણને લખેલ પત્રથી, અમદાવાદ ૧૪ ડિસેમ્બર, ૧૯૭૨

### રાજાના ખોળામાં બેઠેલું ખટમલ

જ્યાં સુધી વ્યક્તિગત સંગનો પ્રશ્ન છે હું મારા ગુરૂ મહારાજની સાથે માત્ર ચાર કે પાંચ જ વખત રહ્યો છું પરંતુ મેં તેમનો સંગ ક્યારે પણ નથી છોડ્યો, એક ક્ષણ માટે પણ નહીં. કારણ કે હું તેમના

નિર્દેશોનું પાલન કરી રહ્યો છું. તે માટે જ મેં ક્યારેય પણ વિયોગનો અનુભવ નથી કર્યો. મારા કેટલાક ગુરૂભાઈ છે જેઓ ભારતમાં ગુરૂ મહારાજની સાથે રહ્યા, પરંતુ તે તેમની આજ્ઞાનું પાલન કરી રહ્યા નથી. આ રાજાના ખોળામાં બેઠેલ ખટમલ સમાન છે. તે પોતાની સ્થિતિ પ્રત્યે બહુ જ ગર્વ અનુભવ કરી શકે છે પરંતુ રાજાને કરડવાના સિવાય તે કંઇપણ કરી શકતો નથી. સેવા દ્વારા સંગ વ્યક્તિગત સંગ કરતા અધિક મહત્ત્વપૂર્ણ છે.

સતધન્યને લખેલ પત્રથી, કલકત્તા ૨૦ ફેબ્રુઆરી, ૧૯૭૨

**જો તમે કૃપયા મારું આંદોલન પૂર્ણ કરવાનો પ્રયત્ન કરશો ... આ આપણો નિરંતર સંગ હશે.**

જ્યાં સુધી મારો પ્રશ્ન છે હું મારા ગુરૂથી વિયોગ અનુભવ કરતો નથી કારણ કે હું તેમની ઇચ્છાનુસાર તેમની સેવા કરવાના પ્રયત્નો કરી રહ્યો છું. આ આપણો મુદ્રાલેખ હોવો જોઈએ. જો તમે કૃપયા મારુ આંદોલન પૂર્ણ કરવાનો પ્રયત્ન કરશો ... આ આપણો નિરંતર સંગ હશે.

હંસદૂતને લખેલ પત્રથી - લોસ એન્જલસ ૨૨ જૂન, ૧૯૭૦

**વિયોગની અનૂભૂતિઓ અલૌકિક આનંદમાં બદલાઈ જશે.**

કૃપયા વિયોગમાં સુખી રહો. હું મારા ગુરૂ મહારાજથી ૧૯૩૬થી અલગ થઈ ગયો છું પરંતુ હું તેમની સાથે હંમેશા છું કે જ્યાં સુધી હું તેમના નિર્દેશાનુસાર કાર્ય કરી રહ્યો છું. આપણે બધાએ એકસાથે શ્રીકૃષ્ણની સંતુષ્ટિ માટે કાર્ય કરવું જોઈએ જેમાં વિયોગની ભાવનાઓ અલૌકિક આનંદમાં બદલાઈ જશે.

ઉદ્ધવને લખેલ પત્રથી --- બોસ્ટન ૩ મે, ૧૯૬૮

# પાઠ ૧૧ ગુરૂ ત્યાગ

**પાઠના વિષય :**

| |
|---|
| ગુરૂ ત્યાગનો સિદ્ધાંત |
| ગુરૂના સંબંધોમાં ચિંતાઓને વ્યક્ત કરવાની વિધિ |
| પુનર્દીક્ષા |
| ઇસ્કૉનના અંતર્ગત ભક્તિમાં સંલગ્ન રહેવું |

## ગુરૂ ત્યાગની વિધિ તેમજ સિદ્ધાંત

**કોઈ શિક્ષક જે અવૈધ કાર્યોમાં લિપ્ત રહે છે, તેત્યાગ કરવાને યોગ્ય છે.**

આધ્યાત્મિક સૂત્રોના અનુસાર, જે આધ્યાત્મિક ગુરૂ નિંદનીય કાર્યોમાં જોડાયેલો હોય છે, જેણે ભેદ-દ્રષ્ટિ ખોઈ નાખી છે, તે ત્યાગ કરવાને યોગ્ય છે.

ભગવદગીતા ૨.૫

**જો ગુરૂ પોતાને અયોગ્ય સિદ્ધ કરે છે તો તે ત્યાગ કરવાને યોગ્ય છે**

શાસ્ત્રો પ્રમાણે જો ગુરૂ પોતાને ગુરૂના સ્થાન માટે અયોગ્ય સાબિત કરે છે તો તેનો ત્યાગ કરવો યોગ્ય છે.

શ્રીમદ્ ભાગવતમ્ ૧.૭.૪૩

**ગુરોર્ અપ્યવલિપ્તસ્ય કાર્યાકાર્યં અજાનતઃ**
**ઉપથ પ્રતિપન્નસ્ય પરિત્યાગો વિધીયતે**

જો ગુરૂ ભક્તિ છોડીને કોઈ બીજા ખરાબ પથ પર આગળ વધી જાય છે, ઇન્દ્રિય તૃપ્તિ પ્રત્યે આસક્ત થઈ જાય છે અને કર્તવ્ય-નિષ્ઠતા ગુમાવી બેસે છે, ત્યારે તેનો ત્યાગ કરી દેવો જોઈએ.

મહાભારત, ઉદ્યોગ પર્વ ૧૭૯.૨૫

**તમે ભૂલથી એક ધૂર્તની પાસે આવી ગયા ... તેનો ત્યાગ કરો.**

જો કોઈ ભૂલથી એક ધૂર્તની પાસે આવી ગયું છે, પણ પુસ્તકો છે. જેમ તમને ખબર પડે કે “આ ધૂર્ત છે અને કૃષ્ણના વિષયમાં કશું નથી જાણતો, હું તેની પાસે આવી ગયો છું,” તેનો ત્યાગ કરવો. તેનુ વર્ણન શાસ્ત્રોમાં છે. ગુરોર્ અપ્યવલિપ્તસ્ય કાર્યાકાર્યં અજાનતઃ પરિત્યાગો વિધીયતે. જો

ભૂલથી તમે ધૂર્ત વ્યક્તિની પાસે આવી ગયા છો જેને ગુરૂ હોવાનું જ્ઞાન નથી, તમે તેનો ત્યાગ કરી શકો છો. તેમની સાથે કેમ જોડાઈ રહો? તેનો ત્યાગ કરો.

કક્ષ વાર્તાલાપ - જાન્યુઆરી ૩૧, ૧૯૭૭, ભુવનેશ્વર

જ્યારે ગુરૂ સ્વયંને અયોગ્ય સિદ્ધ કરે ત્યારે, ઇસ્કોન શિષ્યોની રક્ષા કઈ રીતે કરે છે? તમારી નોંધ નીચે લખો.

**ગુરૂથી સંબંધિત ફરિયાદો નોંધવી**

નીચે જણાવેલામાંથી કોઈ એક સાથે પોતાના ગુરૂથી સંબંધિત ચિંતાઓને વ્યક્ત કરી શકાશે:

- મંદિર તેમજ જીબીસી અધિકારી
- શિક્ષા ગુરૂ
- ઇસ્કોન ઉકેલ

**તમે આધ્યાત્મિક ગુરૂનો સંગ ત્યાગો છો તે તમારા માટે સારું નથી.**

જ્યારે કોઈ ગુરૂનો ત્યાગ કરે છે ત્યારે તેનું પણ એક કારણ હોય છે. આ કારણનું શાસ્ત્રોમાં વર્ણન છે, ગુરોર્ અપ્યવલિપ્તસ્ય કાર્યાકાર્યં અજાનતઃ. કાર્ય અકાર્ય. જો એક આધ્યાત્મિક ગુરૂને એ નથી ખબર કે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ તે સ્થિતિમાં તેનો ત્યાગ કરવો જોઈએ. પરંતુ જ્યાં સુધી તમારા ગુરૂ શાસ્ત્રો કે ગુરૂના સિદ્ધાંતોથી વિપરીત કાર્ય ન કરતા હોય ત્યાં સુધી આધ્યાત્મિક ગુરૂનો સંગ ન ત્યાગો. તે તમારા માટે લાભદાયક નથી પરંતુ તમારો નાશ છે.

શ્રીમદ્ ભાગવતમ્ ૧.૧૬.૩૬ --- ટોક્યો, જાન્યુઆરી, ૧૯૭૪

**જ્યાં સુધી તમારા મંત્ર ગુરૂ ઉપલબ્ધ છે તમે ક્યાંય નથી જઈ શકતા.**

એક દિવસ શ્રી ગદાધર પંડિતે પુનર્દીક્ષાની ઇચ્છાનું કારણ પ્રભુને જણાવ્યું. તેમણે જણાવ્યું, “મેં ગુરૂ દ્વારા આપવામાં આવેલો મારો ઇષ્ટ-મંત્ર એક અયોગ્ય વ્યક્તિને જણાવી દીધો છે જેના લીધે મારું મન અશાંત થઈ ગયું છે. હે સ્વામી, તમે મને તે જ ઇષ્ટ-મંત્રથી પુનર્દીક્ષા આપો જેનાથી મારું મન

પુનઃ આનંદમય થઈ શકે." શ્રી ભગવાને ઉત્તર આપ્યો, "જેમણે તમને ઇષ્ટ-મંત્ર આપ્યો છે તેવા તમારા ગુરૂ પ્રતિ અપરાધ ન કરવાની દિશામાં અત્યંત સાવધાન રહો. જ્યાં સુધી તમારા મંત્ર ગુરૂ ઉપસ્થિત છે તમે બીજે ક્યાંય જઈ શકતા નથી, અથવા મારી પાસે પણ આવી શકતા નથી. આ તમારા અને મારા બંનેના જીવનમાં સમસ્યાઓ લાવશે."

શ્રી ચૈતન્ય ભાગવત અન્ત્ય ખંડ, અધ્યાય ૧૦ શ્રી પુણ્ડરીક વિદ્યાનિધિની લીલાઓ

**બોધઃ કલુષિતસ્તેન દૌરાત્મ્યં પ્રકટીકૃતમ્**

**ગુરૂર્યેન પરિત્યક્તસ્ તેન ત્યક્તઃ પુરાહરિઃ**

"ગુરૂનો ત્યાગ કરવાથી ચરિત્ર અત્યંત દુર્બળ થઈ જાય છે અને બુદ્ધિ કલુષિત થઈ જાય છે. નિશ્ચિત પણે આવી વ્યક્તિ ભગવાન શ્રીહરિ દ્વારા અસ્વીકૃત કરવામાં આવેલ છે."

બ્રહ્મ-વૈવર્ત પુરાણ

**પુનર્દીક્ષા**

એક ભક્ત જેણે જીબીસીના નિર્દેશાનુસાર તેમજ વરિષ્ઠ ઇસ્કોન ભક્તોં સાથે ચર્ચા કરીને ગુરૂનો ત્યાગ કરવાનો નિર્ણય લીધો છે તે એક પ્રામાણિક ઇસ્કોન ગુરૂ પાસેથી દીક્ષા લઈ શકે છે. ઇસ્કોન કાયદામાં વર્ણન કરવામાં આવેલ પ્રથમ તેમજ દ્વિતીય દીક્ષાની સામાન્ય પ્રક્રિયાઓ અપનાવવી જોઈએ.

ઇસ્કોન કાયદો ૭.૨.૬

ગુરૂનો ત્યાગ કર્યા પછી અને પુનર્દીક્ષિત  થતા પહેલા કયા-કયા ઉપાયોથી એક શિષ્ય શ્રીલ પ્રભુપાદથી જોડાઈની રહી શકે છે, સૂચિબદ્ધ કરો.

**કૃપયા મારી શિક્ષાઓના માધ્યમથી મારુ સદૈવ સ્મરણ કરો અને આપણે હંમેશા સાથે રહીશું.**

કૃપયા મારી શિક્ષાઓના માધ્યમથી મારુ સદૈવ સ્મરણ કરો અને આપણે હંમેશા સાથે રહીશું. જેવું કે મેં શ્રીમદ્ ભાગવતમના પ્રથમ સંસ્કરણોમાં લખ્યું છે, "ગુરૂ સદૈવ પોતાના નિર્દેશો દ્વારા જીવિત રહે છે અને શિષ્ય તેમની સાથે," કારણ કે મેં મારા ગુરૂની સદૈવ સેવા કરી અને તેમના ઉપદેશોનું પાલન કર્યું, તેથી જ હવે હું તેમનાથી ક્યારેય પણ અલગ થતો નથી.

ચિદાનંદને લખેલ પત્રથી- ભક્તિવેદાંત મેનર ૨૫ નવેમ્બર, ૧૯૭૩

# યુનિટ ૪ :
# સંબંધોમાં સહકાર અને મજબૂતી

**પાઠ ૧૨ ગુરૂને પ્રસ્તુત કરવા**

શ્રીલ પ્રભુપાદને પ્રસ્તુત કરવા

વર્તમાન ઇસ્કોન ગુરૂઓને પ્રસ્તુત કરવા

**પાઠ ૧૩ ઇસ્કોન અંતર્ગત સંબંધો**

ગુરૂના આધારે ભેદભાવ કરવો

સહયોગપૂર્ણ સંબંધોનો વિકાસ કરવો

**પાઠ ૧૪ પાઠ્યક્રમનું પુનરાવલોકન**

# પાઠ ૧૨ ગુરૂને પ્રસ્તુત કરવા

પાઠના વિષયઃ

- શ્રીલ પ્રભુપાદને પ્રસ્તુત કરવા
- વર્તમાન ઇસ્કોન ગુરૂઓને પ્રસ્તુત કરવા

## શ્રીલ પ્રભુપાદને પ્રસ્તુત કરવા

શ્રીલ પ્રભુપાદને ઇસ્કોનના સંસ્થાપક આચાર્ય અને પૂર્વ પ્રતિષ્ઠિત શિક્ષા ગુરૂના રૂપમાં ભવિષ્ય અને વર્તમાનમાં, પ્રચારિત કરવા માટેના લાભ નીચે આપેલા ખાનામાં બતાવશો.

## ઇસ્કોનના વર્તમાન ગુરૂઓને પ્રસ્તુત કરવા

ઇસ્કોનના ગુરૂઓને પ્રસ્તુત કરવા માટે અમુક અયોગ્ય રીતો નીચે આપેલા ખાનામાં બતાવો.

ઇસ્કોન ગુરૂઓને અયોગ્ય રીતથી પ્રસ્તુત કરવાના સંભવિત પરિણામોને નીચે આપેલા ખાનામાં દર્શાવો.

**નવા સભ્યોને શ્રીલ પ્રભુપાદનો આશ્રય લેવાનું સૂચન કરવું.**

ઇસ્કોન કાયદો ૭.૨.૧ પ્રથમ દીક્ષા

(જુઓ પાના નં.૪૦)

**ઉપાધિઓનો ઉપયોગ**

ઇસ્કોનના સંસ્કરણો જેવા કે પુસ્તકો, મેગેઝિનો, આવેદન પત્રો અને આમંત્રણ પત્રિકા વગેરેમાં શ્રીલ પ્રભુપાદનું પૂરું નામ ઉપાધિઓ સાથે લખવું જેમાં સંસ્થાપક આચાર્ય, પ્રભુપાદ અને કૃષ્ણકૃપામૂર્તિનો સમાવેશ થવો જોઈએ દા.ત. કૃષ્ણકૃપામૂર્તિ શ્રી શ્રીમદ્ એ.સી. ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદ, સંસ્થાપક આચાર્ય આંતરરાષ્ટ્રીય કૃષ્ણભાવનામૃત સંઘ. (૯૬)

ઇસ્કોન કાયદો ૨.૩.૧

**નામ પટ્ટીઓ**

સર્વ ઇસ્કોન મંદિરો તેમ જ ઇમારતોમાં જેના પર શ્રીલ પ્રભુપાદનું નામ પહેલાથી જ લખાયેલું ન હોય તેના પર એવી તક્તી લગાવવામાં આવે જેના પર શ્રીલ પ્રભુપાદનું પૂરું નામ ઉપાધિ સહિત જેમ કે સંસ્થાપક આચાર્યઃ આંતરરાષ્ટ્રીય કૃષ્ણભાવનામૃત સંઘ લખેલું હોવું જોઈએ. આ ભક્તિવેદાંત બુક ટ્રસ્ટ, ભક્તિવેદાંત ઇન્સ્ટીટ્યુટ અને ઇસ્કોન સાથે સંબંધિત કે શ્રીલ પ્રભુપાદ દ્વારા સ્થાપિત સમગ્ર ઇમારતો પર લખેલું હોવું જોઈએ.

ઇસ્કોન કાયદો ૨.૩.૩

**વ્યક્તિએ પોતાના ગુરૂ છુપાવા જોઈએ...**

**ગોપયેદ્ દેવતામ્ ઇષ્ટમ્ ગોપયેદ્ ગુરૂમ્ આત્મન:**
**ગોપયેચ્ચ નિજમ્ મંત્રમ્ ગોપયેન્ નિજ માલિકમ્**

એક વ્યક્તિએ પોતાના ઇષ્ટ-દેવ, પોતાના ગુરૂ, પોતાના મંત્ર તથા પોતાની જાપ માળા બધાથી છુપાવીને રાખવી જોઈએ

હરિભક્તિ વિલાસ, શ્લોક ૨.૧૪૭

**ગુરૂનું સાર્વજનિક પ્રદર્શન, પોસ્ટરો, જાપ થેલીયો તથા ટી-શર્ટ વગેરે**

ઇસ્કોનના દીક્ષા ગુરૂઓના શિષ્યોએ સાર્વજનિક રૂપથી ગુરૂના ફોટાઓવાળી ટી-શર્ટ, પોસ્ટરો, માળા થેલી પરનાં બીલ્લા, ટોપીઓ વગેરે જેવી વસ્તુઓ પહેરવી કે પ્રદર્શિત કરવી જોઈએ નહીં. (શ્રીલ પ્રભુપાદ સિવાય)

ઇસ્કોન કાયદો-ભલામણ ૬.૪.૮ પુજા અને સદાચાર

**ઇસ્કોન શિક્ષા અને દીક્ષા ગુરૂઓના ફોટા**

ઇસ્કોનના શિક્ષા અને દીક્ષા ગુરૂઓના ફોટા અંગત રીતે મંદિરના નિવાસી ભક્ત પોતાની પાસે આશ્રમમાં રાખી શકે છે પરંતુ તે ઇસ્કોનના પ્રાંગણમાં સાર્વજનિક પ્રદર્શન હેતુ માટે નથી. પ્રાસંગીક વિશેષ પ્રચાર કાર્યક્રમો એક અપવાદ હોઈ શકે.

ઇસ્કોન કાયદા ૬.૪.૮ અર્ચના અને સદાચાર

**વેબસાઇટ મુખ્યત્વે શ્રીલ પ્રભુપાદની છબી દર્શાવે.**

ઇસ્કોનના બધા અધિકારીઓની આ જવાબદારી છે કે ઇસ્કોન કેન્દ્ર દ્વારા સંચાલિત બધી વેબસાઇટોના પહેલા પાના પર શ્રીલ પ્રભુપાદનો ફોટો મુખ્ય રૂપે પ્રદર્શિત કરવામાં આવે. આ ચિત્ર કોઈ પણ બીજી વ્યક્તિના ચિત્રથી મોટું હોવું જોઈએ (જેમ કે જી.બી.સી, કેન્દ્રિય અધ્યક્ષ અથવા ગુરૂ) શ્રીલ પ્રભુપાદ એમના નામ અને ઉપાધિની સાથે જ સંબોધિત થયેલા હોવા જોઈએઃ “કૃષ્ણ કૃપામૂર્તિ શ્રી શ્રીમદ્ એ.સી. ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદ, સંસ્થાપક આચાર્ય આંતરરાષ્ટ્રીય કૃષ્ણભાવનામૃત સંઘ.”

૩૦૪ શ્રીલ પ્રભુપાદના સ્થાન પર જીબીસીનું વિધાન – માર્ચ ૨૦૧૩

# પાઠ ૧૩ ઇસ્કોન અંતર્ગત સંબંધો

**પાઠના વિષયઃ**

ગુરુના આધારે ભેદભાવ કરવો

સહકારયુક્ત સંબંધો વિકસાવવા

## ગુરૂના આધારે ભેદભાવ કરવો

### ભેદભાવ

"વસ્તુઓ વચ્ચે ભેદ કરવો, અનુભવ કરવો કે એની નોંધ લેવી."

ઓક્સફર્ડ અંગ્રેજી શબ્દકોષ, દ્વિતીય આવૃત્તિ, ઓક્સફર્ડ યુનિવર્સીટી પ્રેસ

ભેદભાવ તો એક વ્યક્તિગત પૂર્વગ્રહયુક્ત વ્યવહાર છે. જેનો સંપૂર્ણ આધાર તેમના ચોક્કસજૂથ અથવા શ્રેણીના સભ્યપદ પર રહેલો છે. જેમાં અન્ય જૂથો માટે ઉપલબ્ધ હોય તે તકોથી બીજા જૂથોના સભ્યોને સીમિત રાખવા કે દૂર રાખવાનો સમાવેશ થાય છે.

સમાજશાસ્ત્રનો પરિચય, સપ્તમ આવૃત્તિ, ન્યુયોર્ક W. W. Noton & Co. Inc. ૨૦૦૯ પાના નં. ૩૨૪

**એ સમયનું વર્ણન કરો જ્યારે તમે ઇસ્કોનમાં શિક્ષા અને દીક્ષા ગુરૂના આધારે અયોગ્ય ભેદભાવનો અનુભવ કર્યો હોય.**

**ગુરૂના આધારે અયોગ્ય ભેદ-ભાવના કારણે ઇસ્કોન માટે દીર્ઘ કાલીન સંભવીત સમસ્યાઓનું વર્ણન કરો.**

## સહકારયુક્ત સંબંધો વિકસાવવા

**જો ભક્તો ઇસ્કોનના બધા ગુરૂઓ અને શિષ્યો વચ્ચે સકારાત્મક અને સહકારયુક્ત સંબધો જાળવી રાખે, તો ઇસ્કોન તમારી દ્રષ્ટિમાં કેવું હશે તેનું વર્ણન કરો**

**હું તમારી મિત્રતાથી એટલો ખુશ છું કે હું તમને સર્વ-સૌભાગ્યનો આશીર્વાદ આપુ છું**

શ્રી ભગવાને કહ્યું, "પ્રિય રાજપુત્રો, હું તમારી મિત્રતાથી ખૂબ જ પ્રસન્ન થયો છું. તમે બધા એક જ કામમાં સંલગ્ન છો... ભક્તિમય સેવા. હું તમારી મિત્રતાથી એટલો પ્રસન્ન છું કે હું આપને સર્વ-સૌભાગ્યના આશીર્વાદ આપુ છું. હવે તમે મારી પાસેથી કોઈ પણ વરદાન માંગી શકો છો.

શ્રીમદ્ ભાગવતમ ૪.૩૦.૮ ભગવાનની રાજા પ્રાચીન્ બર્હિશતના પુત્રો સાથે વાતચીત

**મારા ગયા પછી આ સંસ્થાને એકજુથ રાખવાના હેતુથી સહયોગ કરવો**

"મારા પ્રત્યે તમારો પ્રેમ," શ્રીલ પ્રભુપાદ કહે છે, "આમાં દેખાશે કે સંસ્થાને એકજુથ રાખવા માટે, મારા ગયા પછી તમે કેટલો સાથ-સહકાર આપો છો."

શ્રીલ પ્રભુપાદ લીલામૃત ખંડ ૬,૫૨:" મેં મારું કાર્ય પૂર્ણ કરી લીધું છે."

**"એકતામાં શક્તિ છે અને વિભાજનમાં નાશ"**

ચૈતન્ય મહાપ્રભુએ પોતે અમારો સહકાર માંગ્યો હતો. તે પરમેશ્વર છે, પોતે જ કૃષ્ણ છે. એટલા માટે સહકાર ખુબ જ મહત્ત્વપૂર્ણ છે. કોઈએ પણ એવુ ન વિચારવું જોઈએ કે "હું કેટલો સક્ષમ છું, હું કરી શકું છું." ના. માત્ર સહકારના બળ પર જ આપણે કંઇક મહાન કરી શકીએ છીએ. "એકતામાં શક્તિ છે અને વિભાજનમાં નાશ." આ આપણું...તેથી કૃષ્ણભાવનામૃતનો પ્રચાર દૃઢતાથી કરો અને કૃષ્ણ તમારી મદદ કરશે. તે સર્વ શક્તિશાળી છે. તેમ છતાં આપણે સૌએ એક સાથે રહેવું પડશે.

રાધા દામોદર સંકીર્તન પાર્ટીની સાથે કક્ષવાર્તામાંથી માર્ચ ૧૬, ૧૯૭૬, માયાપુર

## તમે આ અભ્યાસક્રમમાંથી શું શીખ્યા?

# પરિશિષ્ટ

૧. વધારાના અવતરણો
૨. શ્રીલ પ્રભુપાદના સ્થાન વિષે જી.બી.સીના વિધાનો (માર્ચ ૨૦૧૩)
૩. ઇસ્કોનમાં દીક્ષા ગુરૂ માટેની ફરજિયાત યોગ્યતાઓ
૪. ઇસ્કોનના ગુરૂ માટેના આચરણ વ્યવહારો
૫. ઇસ્કોનમાં દીક્ષા માટેની યોગ્યતાઓ
૬. પતિત પદભ્રષ્ટ ગુરૂનો ત્યાગ
૭. ઇસ્કોનના અધિકારી વર્ગો વચ્ચે એકસૂત્રતા
૮. ઇસ્કોન શિષ્ય અભ્યાસક્રમ અંગે જીબીસીનો ઠરાવ
૯. ઇસ્કોન માટે દીક્ષા ગુરૂ પદ્ધતિનાં નિર્માણ માટેના સિદ્ધાંતો
૧૦. વર્ગખંડના ધોરણો
૧૧. વધારાનું વાંચન

# પરિશિષ્ટ-૧ વધારાના અવતરણો

## પાઠ-૧ સ્વાગત અને પરિચય

**આપણે તો કેવળ ગુરૂની આજ્ઞાનો અમલ કરવાનો છે.**

આપણે તો કેવળ ગુરૂની આજ્ઞાનો અમલ કરવાનો છે, કૃષ્ણભાવનાનો પ્રચાર કરવાનો છે અને વૈષ્ણવોના માર્ગનું અનુસરણ કરવાનું છે. ગુરૂ જ ભગવાન કૃષ્ણ તથા વૈષ્ણવો બન્નેના પ્રતિનિધિ છે. માટે ગુરૂના ઉપદેશોનું પાલન કરવાથી અને 'હરે કૃષ્ણ' નું રટણ કરવાથી સર્વ શુભ થશે.

ભાવાર્થ શ્રીમદ્ ભાગવતમ્ ૪.૨૩.૭

**આ તાલીમ માટે કોઈ કોલેજ હોવી જોઈએ.**

આ તાલીમ માટે કોઈ કોલેજ હોવી જોઈએ. જ્યારે કોઈ શિષ્ય બનવા માટે પાસે આવે છે હું તેમની સામે આ વાત મૂકું છું કે "તમારે આ બધી આદતો છોડવી પડશે." જ્યારે તેઓ રાજી થાય છે ત્યારે હું તેમનો સ્વીકાર કરું છું અને તેથી મારી પાસે કેટલાક પસંદગીના તાલીમબદ્ધ માણસો છે. તેથી શાસ્ત્રો પ્રમાણે આવી તાલીમ કોલેજો, સંસ્થાઓ અને યોગ્ય કેળવણી હોવી જરૂરી છે. ત્યારપછી સમગ્ર પરિસ્થિતિને બદલવાની શક્યતા છે.

(રાજ્યપાલ સાથે વાતચીત. એપ્રિલ-૨૦, ૧૯૭૫ વૃંદાવન)

## પાઠ ૫ – ગુરૂ પાદાશ્રય

યસ્ય દેવે પરા ભક્તિર્યથા દેવે તથા ગુરૌ,
તસ્યૈતે કથિતા હ્યર્થા પ્રકાશન્તે મહાત્મનઃ.

"જે મહાત્માઓ ભગવાન તથા ગુરૂ બંનેમાં અવિચળ શ્રદ્ધા ધરાવે છે, માત્ર તેમને જ વેદ-જ્ઞાનના બધા અર્થો આપમેળે સમજાય છે."

શ્વેતાશ્વતર ઉપનિષદ ૬.૨૩

**આધ્યાત્મિક ગુરૂને આ સમર્પણ હૃદય અને મનથી કરવું જોઇએ.**

શિષ્યે આધ્યાત્મિક ગુરૂની દેહે કરીને ચાકરની માફક સેવા કરવી જોઇએ અને જે કાંઇ પોતાની માલિકીનું હોય તે ગુરૂને સમર્પી દેવું જોઇએ. પ્રાણૈર્થૈર્ધિયા વાચા. દરેકની પાસે પોતાનું જીવન, સંપત્તિ, બુદ્ધિ અને વાણી હોય છે. આધ્યાત્મિક ગુરૂ મારફતે આ બધુ જ, પૂર્ણ પુરુષોત્તમ ભગવાનને સમર્પી દેવું જોઇએ. ફરજરૂપે બધું જ, આધ્યાત્મિક ગુરૂને સમર્પી દેવું જોઇએ, પરંતુ આધ્યાત્મિક ગુરૂને આ સમર્પણ હૃદય અને મનથી કરવું જોઇએ, નહીં કે, ભૌતિક કીર્તિ મેળવવા, કૃત્રિમ રીતે....

શ્રીમદ્ ભાગવતમ્ ૭.૭.30-3૧

**સદગુરૂનો આશ્રય લેવો તથા હૃદય અને મનથી તેમની સેવા કરવી**

આધ્યાત્મિક સિદ્ધિ માટે સદગુરૂનો આશ્રય લેવો તથા હૃદય અને મનથી તેમની સેવા કરવી એ સૌથી સરળ માર્ગ છે. સફળતાનું એ જ રહસ્ય છે. ગુરૂને કરેલી પ્રાર્થનાનાં અષ્ટકમાં શ્રીલ વિશ્વનાથ ચક્રવર્તી ઠાકુરના જણાવ્યા મુજબ યસ્યપ્રસાદાદ્ ભગવત્પ્રસાદો - ગુરૂની સેવા કરવાથી કે તેમની કૃપા મેળવવાથી ભગવાનની કૃપા મળી જાય છે. પોતાના પતિ કર્દમ મુનિની સેવા કરીને દેવહૂતિએ તેમની સિદ્ધિઓમાં ભાગ મેળવ્યો હતો. તે જ પ્રમાણે સનિષ્ઠ શિષ્ય માત્ર સદગુરૂની સેવા કરીને એકીસાથે ભગવાનની અને ગુરૂની બધી જ કૃપા મેળવી શકે છે.

શ્રીમદ્ ભાગવતમ્ ૩.૨૩.૭

## પાઠ-૭ દીક્ષા પ્રતિજ્ઞાઓ

***આધ્યાત્મિક ગુરૂ પ્રત્યે પ્રેમ અને આધ્યાત્મિક ગુરૂના આદેશોનું પાલન***

તમારે સમજવું જોઈએ કે તમારી દીક્ષા વખતે જ્યારે તમે યજ્ઞની અગ્નિ સમક્ષ બેઠા હતા. તે સમયે તમે આધ્યાત્મિક ગુરૂ સમક્ષ પ્રતિજ્ઞા કરી હતી તે તમારે તોડવી જોઈએ નહીં. તમે કહો છો કે તમે ભક્તોના સંગની કદર કરો છો પરંતુ તમે ભૌતિક આકર્ષણો સામે કેવી રીતે ટકી રહેશો જો તમે નિયમતિરૂપે અપરાધ રહિત હરે કૃષ્ણનો જપ કરતાં ન હો? ગુરૂ પ્રત્યે પ્રેમ અને આધ્યાત્મિક ગુરૂની આજ્ઞાઓનું પાલન બંને એક સમાન છે. મારી આજ્ઞા છે કે મારા બધા શિષ્યોએ મંગલા આરતીમાં અવશ્ય હાજર રહેવું અને રોજ ૧૬ માળાનો જપ કરવો.

આ જીવન અત્યંત અસ્થિર છે. તમે કોઈ પણ ક્ષણે મૃત્યુ પામી શકો છો. તો આપણે ઉચ્ચતર અધિકારીઓ, આધ્યાત્મિક ગુરૂઓ અને ભગવદ્ ગીતામાંનાં ભગવાન કૃષ્ણનાં આદેશોને ખૂબ જ દૃઢપણે વળગી રહેવું જોઈએ.

(રાધાકાંતને પત્ર વૃંદાવન ૨૦ ઓગસ્ટ, ૧૯૭૪)

**આ યુદ્ધનો આંચકો છેઃ-**

આ યુદ્ધનો આંચકો છે તેથી માયાથી ભયભીત થશો નહીં. માત્ર તમારા જપને સુધારો અને તમે વિજયી થશો. બસ, નારાયણ પરા સર્વે ન કુતશ્ચન બિભ્યતિ (શ્રી.ભા.૬.૧૭.૨૮) આપણે માયાથી ભયભીત નથી કારણ કે કૃષ્ણ જ અહીં છે. શ્રી કૃષ્ણ કહે છે કે, કૌન્તેય પ્રતિ જાનિઃ નમે ભક્તઃ પ્રણષ્યતિ (ભ.ગી.૯.૩૧) તમે માત્ર ઘોષણા કરો, "**મારા ભક્તો માયા દ્વારા ક્યારેય નષ્ટ થશે નહીં.**" માયા કંઈ જ કરી શકશે નહીં. તમારે માત્ર મજબૂત બનવાનું છે. અને તે મજબૂતાઈ કઈ છે? હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે, હરે રામ રામ રામ હરે હરે મોટેથી જપો.

(ભગવદ્ ગીતા ૩.૬-૧૦, લોસ એન્જલસ ડિસે ૨૩, ૧૯૬૮)

## પાઠ-૧૨ ગુરૂને પ્રસ્તુત કરવા.

**અમે અમારા શિષ્યોને મારા નામનો જપ કરવાની સલાહ આપતા નથી**

જેવી રીતે અમે અમારા શિષ્યોને મારા નામનો જપ કરવાની સલાહ આપતા નથી, "ભક્તિવેદાંત સ્વામી ભક્તિવેદાંત સ્વામી." ના. તેઓ હરે કૃષ્ણનો જપ કરે છે. હરિત્વેન સમસ્ત શાસ્ત્રૈ ઉક્તઃ "ગુરૂનો આદર કૃષ્ણની સમાન થાય છે." પરંતુ તેનો અર્થ એમ નથી કે હું તેમને એવી આજ્ઞા કરું કે જાઓ અને મારા નામનો જપ કરો, "ભક્તિવેદાંત સ્વામી, ભક્તિવેદાંત સ્વામી, ભક્તિવેદાંત સ્વામી" આ શું છે? અમે શીખવીએ છીએ, "હરે કૃષ્ણનો જપ કરો." હરે નામ હરે નામ.

શ્રીલ પ્રભુપાદ સવારની સહેલ ૧૯ માર્ચ, ૧૯૭૪ મુંબઈ

**વારંવાર જાહેરાત કરો કે એક વ્યક્તિ મહાપ્રભુનો ભક્ત છે**

જો કોઈ એમ **કહી "હું ગૌરનો છું, હું ગૌરનો છું."** પોતાને મહાપ્રભુના ભક્ત હોવાની વારંવાર જાહેરાત કરે તો તે પૂરતું નથી. તેને બદલે, જેઓ મહાપ્રભુ દ્વારા અપાયેલા ઉપદેશોને અનુસરે છે તેમને મહાપ્રભુના અનુયાયી થવાનું ફળ મળ્યું છે એમ માનવામાં આવે છે.

શ્રીલ જગદાનંદ પંડિત પ્રેમવિવર્ત ૮.૬

## પાઠ-૧૪ અભ્યાસક્રમનું પુનરાવર્તન

**જો બંને બાજુથી વિનિયમ સંપૂર્ણ હોય... ત્યારે કૃષ્ણભાવનામૃત ખૂબ ખૂબ સરળ છે**

વ્યક્તિએ સમજવા માટે ગંભીર બનવું પડે, અને તેણે કોઈ યોગ્ય મહાત્મા ગુરૂ પાસે જવું પડે. ત્યારે તેનો વિનિયમ ખૂબ સારી રીતે સંપન્ન થશે. આ વૈદિક પ્રક્રિયા છે. જો બંને બાજુએથી વિનિમય સંપૂર્ણ હોય, શિષ્યની બાજુએથી અને ગુરૂની બાજુએથી, ત્યારે કૃષ્ણભાવનામૃત ખૂબ સરળ થઈ જશે.

શ્રીમદ્ ભાગવત્ ૧.૫.૨૯ વૃંદાવન ઓગસ્ટ ૧૦, ૧૯૭૪

# પરિશિષ્ટ- ૨    શ્રીલ પ્રભુપાદના સ્થાન અંગે જીબીસીનું વિધાન

*૩૦૩ શ્રીલ પ્રભુપાદના સ્થાન અંગે જીબીસી નું વિધાન માર્ચ-૨૦૧૩*

ઇસ્કોનના સર્વસભ્યોની સાથે સાથે દીક્ષા અને શિક્ષા ગુરૂઓના સંબંધમાં શ્રીલ પ્રભુપાદના પૂર્વ પ્રતિષ્ઠિત સ્થાનને એક સંક્ષિપ્ત વિધાન દ્વારા આપણી સંસ્થામાં સ્પષ્ટ કરવાની જરૂર ઉભી થાય ત્યારે અને ઇસ્કોન સંસ્થામાં દીક્ષા અને શિક્ષા ગુરૂઓના સ્થાન અને તેમના કાર્યોનું સ્પષ્ટીકરણ આપવાની જરૂર પડે ત્યારેઃ

**ઠરાવઃ જીબીસી નિમ્નલિખીત પુષ્ટિ આપે છે કેઃ**

આંતરરાષ્ટ્રીય કૃષ્ણભાવનામૃત સંઘ (ઇસ્કોન) સંસ્થાપક આચાર્ય તરીકે અને આપણી સંસ્થામાં પૂર્વ પ્રતિષ્ઠિત શિક્ષા-ગુરૂ અને સર્વોચ્ચ્ય સત્તાધીશ તરીકે શ્રીલ પ્રભુપાદનો ઇસ્કોનના દરેક ભક્ત સાથે એક અનન્ય સંબંધ છે. પૂર્ણ પુરુષોત્તમ પરમેશ્વર ભગવાન કૃષ્ણ આદિ ગુરૂ છે જેઓ ગુરૂપરંપરાના માધ્યમથી ઉતરી આવે છે. આમ તો કૃષ્ણની કૃપાના વિવિધ પ્રાગટ્યોનાં સંયોજન મારફતે શ્રી કૃષ્ણ દ્વારા એક ભક્તનો અંતે ઉદ્ધાર થાય છે. તેમાં ચૈત્યગુરૂ, શ્રીલ પ્રભુપાદ, ગુરૂ પરંપરા, દીક્ષા ગુરૂ, અન્ય શિક્ષા ગુરૂઓ, પવિત્ર જ્ઞાન, શાસ્ત્ર અને નવધા ભક્તિનો સમાવેશ થાય છે. પરંતુ તેનાથી તે સીમિત નથી.

આ સહકારીત તત્વોની અંદર આંતરરાષ્ટ્રીય કૃષ્ણભાવાનામૃત સંઘના સંસ્થાપક આચાર્ય તરીકે શ્રીલ પ્રભુપાદ ઇસ્કોનના સર્વ સભ્યો માટે પૂર્વ પ્રતિષ્ઠિત શિક્ષાગુરૂ છે. બધી પેઢીઓ માટે ઇસ્કોનના બધા સભ્યોને શ્રીલ પ્રભુપાદનું આશ્રય લેવા પ્રોત્સાહન છે. ઇસ્કોનના સૌ સભ્યો શ્રીલ પ્રભુપાદના પુસ્તકો, પ્રભુપાદના ઉપદેશો, તેમની સેવા, ઇસ્કોન સંસ્થાના માધ્યમથી શ્રીલ પ્રભુપાદ સાથે વ્યક્તિગત સંબંધ રાખવા માટે હકદાર અને પ્રોત્સાહિત છે.

ઇસ્કોનમાં આગેવાની સ્વીકારનારા સર્વ સભ્યો જેમાં દીક્ષા ગુરૂઓ અને શિક્ષાગુરૂઓનો સમાવેશ થાય છે, તેમની ફરજ બને છે કે તેઓ શ્રીલ પ્રભુપાદના પુસ્તકોમાંથી, પ્રવચનોમાંથી અને વ્યક્તિગત સંદેશા-વ્યવહારથી પ્રાપ્ત થતી આજ્ઞાઓને પૂર્ણ કરવા ઇસ્કોનના ગવર્નીંગ બોડી કમિશન (જીબીસી) હેઠળ રહી સાથે મળી સેવા કરે. એકંદરે સર્વ દીક્ષા ગુરૂઓ, શિક્ષાગુરૂઓ અને બીજા આગેવાનોનું પ્રાથમિક કર્તવ્ય છે કે તેઓ શ્રીલ પ્રભુપાદના ગુરૂમહારાજ શ્રીલ ભક્તિ સિદ્ધાંત સરસ્વતી ઠાકુર અને આપણા બ્રહ્મ ગૌડીય સંપ્રદાય પ્રત્યે શ્રીલ પ્રભુપાદની સેવામાં તેમને સહાય

કરે. જેઓ ઇસ્કોનમાં દીક્ષાગુરૂ અને શિક્ષાગુરૂની સેવા સ્વીકારે છે, તેમના માટે તેમની વાણી અને તેમના વ્યક્તિગત આચરણમાં શ્રીલ પ્રભુપાદનું પ્રતિનિધિત્વ કરવા તેઓ આદર્શ બને. શિક્ષા-ગુરૂઓ શ્રીલ પ્રભુપાદ અને આપણી ગુરૂ પરંપરા તરફથી આધ્યાત્મિક ઉપદેશ અને પ્રેરણા આપે છે. દીક્ષા-ગુરૂઓ શ્રીલ પ્રભુપાદ અને આપણી ગુરૂ પરંપરાની સેવાઓના રૂપે આધ્યાત્મિક ઉપદેશ, પ્રેરણા, વિધિ પૂર્વક દીક્ષા, એક આધ્યાત્મિક નામ અને પછીથી એક યોગ્ય શિષ્યને પવિત્ર ગાયત્રી મંત્રો પ્રદાન કરે છે.

શ્રીલ પ્રભુપાદે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, જે ભક્તો કૃષ્ણભાવનામૃતના સિદ્ધાંતોનું ચુસ્તપણે પાલન કરે છે તેઓ મુક્તિની અવસ્થા પર કાર્ય કરે છે અને આ રીતે તેઓ શુદ્ધ ભક્તો છે, ભલે પછી તેઓ હજુ મુક્ત થયા ન હોય. (આથી શુદ્ધ ભક્તિ વ્યક્તિની સેવાની વ્યવસ્થા કે સ્થાન દ્વારા નિર્ધારિત થવી જરૂરી નથી, પરંતુ વ્યક્તિના સાક્ષાત્કાર દ્વારા થાય છે.)

જેઓ ઇસ્કોનના દીક્ષા અને શિક્ષા ગુરૂ તરીકે સેવા સ્વીકારે છે તેઓ શ્રીલ પ્રભુપાદના આદેશોના ચુસ્ત પાલનકર્તા બનવા આદેશીત છે અને જ્યાં સુધી તેઓ પાલન કરે છે ત્યાં સુધી મુક્તિની અવસ્થા પર કાર્ય કરી રહ્યા હોય છે. આમ, તેઓ શ્રીલ પ્રભુપાદના આદેશ અનુસાર ભગવાનના અને ગુરૂ પરંપરાના અધિકૃત પ્રતિનિધિઓ તરીકે સેવા કરી શકે અને તેમની કૃપાના માધ્યમ બની શકે. તેમ છતાં તે સ્પષ્ટ પણે સમજાઈ જવું જોઈએ કે જો આવા દીક્ષા અને શિક્ષા ગુરૂઓ ચુસ્ત પાલનમાંથી ચલિત થાય, તો તેઓનું પોતાના સ્થાનેથી પતન થઈ શકે છે. આમ, ઇસ્કોનમાં દીક્ષા ગુરૂ તરીકે કાર્ય કરવાનો અર્થ થાય છે કે, શ્રીલ પ્રભુપાદના દિશા સૂચનો અનુસાર એક નિયમિત ગુરૂ તરીકે કાર્ય કરીને ઇસ્કોનના અન્ય અધિકારીઓ સાથે સહકારયુક્ત થઈ જીબીસી હેઠળ સેવા કરવી.

આ વિધાન આ સિદ્ધાંતો પર તેની ચર્ચામાં નિષ્કર્ષરૂપ હોવાની સાથે સંપૂર્ણ નથી. આપણા સંસ્થાપક આચાર્ય શ્રીલ પ્રભુપાદના પૂર્વ પ્રતિષ્ઠિત સ્થાનને, આપણી સંસ્થામાં ગુરૂ તરીકે સેવા આપી રહેલાઓની ભૂમિકા અને જવાબદારીઓને અને દીક્ષાર્થીઓ અને ઇસ્કોન સભ્યોના સંદર્ભિત કર્તવ્યોને વધુ સ્પષ્ટ કરવા જીબીસી ભવિષ્યમાં વધારાના વિધાનો અને પત્રોને અધિકૃત કરી શકે છે.

**ઠરાવ:**

સર્વ જીબીસી સભ્યોએ ઇસ્કોનના બધા સભ્યોને શિક્ષિત કરવા માટે સંદેશા વ્યવહારના યોગ્ય સાધનોના માધ્યમથી ઇસ્કોનના બધા મંદિરોમાં, સમુદાયોમાં અને ગૃહસ્થ ભક્તોમાં આ ઠરાવનું વિતરણ કરવું. આ વિધાનને ઇસ્કોનના અભ્યાસક્રમોમાં ભણાવવામાં આવે જેમાં પરિચાયત્મક અભ્યાસક્રમો, ઇસ્કોન શિષ્ય અભ્યાસક્રમ, આધ્યાત્મિક નેતૃત્વ સેમીનાર જેવા કે ઇસ્કોનમાં ગુરૂ બનવું, અને બીજા એવા સંબંધિત સ્થાનોનો સમાવેશ થાય છે. દીક્ષા અગાઉ આ વિધાનનું વાંચન થાય અને તેની પુષ્ટિ થાય તે સંભવિત બધા દીક્ષાર્થીઓના પરીક્ષાના ભાગરૂપે હોવું જરૂરી છે.
આ આધ્યાત્મિક સંબંધો અને કર્તવ્યો પર વધુ વિગત ૨૦૧૨ જીબીસી દ્વારા મંજુર થયેલા "ઇસ્કોનના સત્તાધિકારી વર્ગ વચ્ચે એકસુત્રતા" ઔપચારિક પત્રમાં પ્રાપ્ત થશે.

### ૩૦૪ ઇસ્કોન મંદિરની વેબસાઈટના હોમ પેજ પર સસ્થાપકાચાર્ય સૌથી ઉપર (માર્ચ ૨૦૧૩)

જ્યારે ઇસ્કોન મંદિરની સંખ્યાબંધ વેબસાઈટના હોમ પેજ પર હાલમાં આંતરરાષ્ટ્રીય કૃષ્ણભાવનામૃતના સંસ્થાપક આચાર્ય તરીકે કૃષ્ણકૃપામૂર્તિ એ. સી. ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદના ઉપદેશો અને વ્યક્તિત્વના મુખ્યરૂપે દર્શાવવામાં આવતું નથી. ઘણાં પર તો શ્રીલ પ્રભુપાદનું ચિત્ર પણ નથી. તેમાંનાં અમુક પર શ્રીલ પ્રભુપાદના પુસ્તકો, ટેપ્સ અને વિડિયોની લિંક છે. સંખ્યાબંધ ઇસ્કોન મંદિરની વેબસાઈટ પર ઇસ્કોનના સંસ્થાપક આચાર્ય તરીકે શ્રીલ પ્રભુપાદના પૂર્વ પ્રતિષ્ઠિત સ્થાન પર વધુ ભાર આપવાની જરૂર જણાય છે. અમુક સાઈટ પર ઇસ્કોન અને પ્રભુપાદ ખૂબ જ નાના અને આછા અક્ષરે તેમના પરિચયાત્મક પેજ પર જ છે. જ્યારે હાલમાં ઇસ્કોન કેન્દ્રની વેબસાઈટ પર શ્રીલ પ્રભુપાદના ચિત્રને અને સત્તાવાર ઉપાધિને કેવી રીતે દર્શાવવી તેને નિશ્ચિત કરવાની કોઈ જરૂરીયાત સ્પષ્ટ ન હોવાથી:

**ઠરાવ:**

ઇસ્કોનના બધા અધિકારીઓની આ જવાબદારી છે કે ઇસ્કોન કેન્દ્ર દ્વારા સંચાલિત બધી વેબસાઇટોના પહેલા પાના પર શ્રીલ પ્રભુપાદનો ફોટો મુખ્ય રૂપથી પ્રદર્શિત કરવામાં આવે. આ ચિત્ર કોઈ પણ બીજી વ્યક્તિના ચિત્રથી મોટું હોવું જોઈએ (જેમ કે જી.બી.સી, કેન્દ્રિય અધ્યક્ષ અથવા ગુરૂ) શ્રીલ પ્રભુપાદ તેમના નામ અને ઉપાધિની સાથે જ સંબોધિત થયેલા હોવા જોઈએ "કૃષ્ણકૃપામૂર્તિ શ્રી શ્રીમદ્ એ. સી. ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદ, સંસ્થાપક આચાર્ય આંતરરાષ્ટ્રીય કૃષ્ણભાવનામૃત સંઘ" અથવા "સંસ્થાપક આચાર્ય આંતરરાષ્ટ્રીય કૃષ્ણભાવનામૃત સંઘ, કૃષ્ણકૃપામૂર્તિ શ્રી શ્રીમદ્ એ. સી. ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદ" કે સમાન અર્થવાળું.

આવી બધી વેબસાઈટે તેમના હોમ પેજ પર પ્રત્યક્ષ લિંક મુખ્ય રૂપે દર્શાવવી જોઈએ જેથી તેમના હોમ પેજ ઉપર શ્રીલ પ્રભુપાદના ઉપદેશો અને વિડીયો રેકોર્ડીંગ સામાન્ય દર્શકો માટે સરળતાથી ઉપલબ્ધ હોય જેનાથી શ્રીલ પ્રભુપાદના મહત્ત્વ ઉપર ભાર મૂકી શકાય. હોમ પેજ પર શ્રીલ પ્રભુપાદનું ચિત્ર તેમના ઔપચારિક નામ અને પદવી સાથે હોવું જોઈએ અને બીજા કોઈ વ્યક્તિના ચિત્રથી મુક્ત હોવું જોઈએ. બીજા શબ્દોમાં શ્રીલ પ્રભુપાદના ફોટોમાં તેઓ એક માત્ર દ્રશ્યમાન થવા જોઈએ. શ્રીલ પ્રભુપાદનું નામ અને પદવી દર્શાવતા અક્ષરો સરળતાથી વાંચી શકાય તેવા હોવા જોઈએ. આ ઠરાવ પસાર થયાના ત્રણ મહિના (૯૦ દિવસ) સુધીમાં બધા ઇસ્કોન કેન્દ્રની વેબસાઈટમાં આ ધોરણનું પાલન થવું જોઈએ.

## ૩૦૫. "ઇસ્કોનના સત્તાધિકારી વર્ગ વચ્ચે એકસૂત્રતા"

**વાંચન પત્ર (ઇસ્કોન કાયદો)**

જ્યારે ઇસ્કોનમાં વિવિધ અધિકારીઓ વચ્ચે એકસૂત્રતા જરૂરી છે;

જ્યારે ભક્તોના જીવનમાં દીક્ષા ગુરૂઓ અગત્યના આધ્યાત્મિક અધિકારી હોવાની સાથે અન્ય ઇસ્કોન અધિકારીઓ પણ અગત્યની ભૂમિકા ભજવી રહ્યા છે;

જ્યારે ઇસ્કોનના સત્તાધિકારી વર્ગ વચ્ચે એકસૂત્રતાના શિર્ષકવાળું જીબીસી પત્ર ગુરૂઓ અને ઇસ્કોન અધિકારીઓની સેવાઓમાં એકસૂત્રતાને પ્રોત્સાહન કેવી રીતે અપાય તે જણાવે છે;

**ઠરાવઃ**

"ઇસ્કોનના સત્તાધિકારી વર્ગ વચ્ચે એકસુત્રતા" ના શીર્ષકવાળુ સત્તાવાર જીબીસી પત્રક દીક્ષા પહેલા સર્વ સંભવિત હરિનામ દીક્ષાર્થીઓ દ્વારા વંચાવવું. આની પુષ્ટિ ઇસ્કોન અધિકારી દ્વારા કે જેઓ હરિનામ દીક્ષાની ભલામણ આપે છે, અને દીક્ષાગુરૂ દ્વારા પણ થવી જોઈએ. ત્રણ મહિનાની અંદર બધા જ જીબીસી સ્થાનિક સચિવોએ:

-તેમની પાસે તેમના વિસ્તારના ભક્તો સમજી શકે તેવી ભાષામાં આ પત્રકનું અનુવાદ થયેલું હોવું જોઈએ.

-તેમને આનું વિતરણ તેમના વિસ્તારમાં સર્વ મંજુર દીક્ષા ગુરૂઓ, બધા રાષ્ટ્રીય પરીષદો અને અન્ય સ્થાનિક તંત્રો તથા મંદિરના પ્રમુખો, ગૃહસ્થ ભક્તોના આગેવાનો, અને બીજા સત્તાવાર ભક્તોમાં થયેલું હોવું જોઈએ.

## ૩૦૬ દીક્ષા ગુરૂનો સ્વીકાર કરતાં પહેલા જરૂરી પરીક્ષામાં સુધારો (ઇસ્કોન કાયદો)

જ્યારે શ્રીલ પ્રભુપાદના સ્થાન પર જીબીસીનું વિધાન અને "ઇસ્કોનના સત્તાધિકારી વર્ગ વચ્ચે એકસુત્રતા"ના પત્રકને જીબીસી દ્વારા મંજૂરી મળે છે અને બધા હરિનામના દીક્ષાના ઉમેદવારો માટે તેનું વાંચન ફરજિયાત બનાવવામાં આવ્યું છે; જ્યારે એ પણ અગત્યનું છે કે દીક્ષાર્થીઓ આ પત્રકને વારંવાર સમજે છે તેનું બરાબર ધ્યાન રાખવું; જ્યારે ઇસ્કોન કાયદો ૭.૨.૧.૧.૬ પ્રમાણે પ્રત્યેક હરિનામ દીક્ષાના ઉમેદવારે દીક્ષા પહેલા પરીક્ષા આપવી પડશે. આ પરીક્ષા એક સારી તક છે જેનાથી એ નિશ્ચિત કરી શકાય છે ઉમેદવારે આ પત્રકો વાંચ્યા છે અને તેના અગત્યનાં વિચારો પ્રત્યે તેમની સમજણની કક્ષા માપી શકાય;

**ઠરાવઃ**

(અ) ઇસ્કોન કાયદા ૭.૨.૧.૧.૬ માં સુધારો લાવવો જેમા દીક્ષા પહેલા બધા હરિનામ દીક્ષાના ઉમેદવારોએ આપવી પડતી પરીક્ષામાં નિમ્નલિખિત ત્રણ પ્રશ્નોનો સમાવેશ થાયઃ

૧૪. શ્રીલ પ્રભુપાદના સ્થાન પર જીબીસીનું વિધાન શું તમે વાંચ્યું છે?

૧૫. ઇસ્કોનના સત્તાધિકારી વર્ગ વચ્ચે એકસૂત્રતાનું પત્રક શું તમે વાંચ્યું છે?

૧૬. "ઇસ્કોનના સત્તાધિકારી વર્ગ વચ્ચે એકસૂત્રતા"ના પત્રકના સૌથી અગત્યના મુદ્દાઓથી તમે શું સમજ્યા?

(બ) ગુરૂ સેવા સમિતિ બધા જીબીસી અને ગુરૂઓ વિતરણ કરી શકે તે માટે દીક્ષા માટેની પરીક્ષામાં જરૂરી સુધારો લાવે.

# પરિશિષ્ટ- ૩ ઇસ્કોનમાં દીક્ષાગુરૂની જરૂરી યોગ્યતાઓ

ઇસ્કોન કાયદો ૬.૨.૧ જી.બી.સી ૨૦૧૦ ઠરાવ

- ઓછામાં ઓછા ૧૦ વર્ષ સુધી દીક્ષિત શિષ્ય હોવા જોઈએ.
- તેઓ ચાર નિયામક સિદ્ધાંતોનું ચુસ્તપણે પાલન કરી રહ્યા હોવા જોઈએ. નિયમિત રૂપે સવારના કાર્યક્રમમાં હાજરી આપી રહ્યા હોય અને રોજ ૧૬ માળાનો જાપ કરતા હોય અને બધી રીતે છેલ્લા દસ વર્ષથી સારી છાપ ધરાવતા હોવા જોઈએ.
- તેઓ વૈષ્ણવ સિધ્ધાંતોની વિરુદ્ધ આચરણ કરવાની વૃત્તિ ધરવતા ન હોય.
- તેઓ ઉપદેશ-પ્રચાર કાર્યમાં સારી રીતે આગળ આવ્યા હોય.
- તેઓ શાસ્ત્રની સમજણ અને જ્ઞાનમાં કૌશલ્ય દર્શાવતા હોવા જોઈએ.
- તેઓ માનસિક તરંગો વિના ચુસ્તપણે પરંપરાને અનુસરી સિદ્ધાંતમાં દ્રઢપણે સ્થિર થયેલા શાસ્ત્રજ્ઞાન દ્વારા પ્રચાર કરતા હોવા જોઈએ.
- વ્યવહારિક પ્રચાર અને માર્ગદર્શન આપવમાં અસરકારક હોવા જોઈએ.
- શ્રીલ પ્રભુપાદ, તેમના ઉપદેશો અને ઇસ્કોન પ્રત્યેની તેમની નિષ્ઠા સાથે સ્પર્ધા કે બાંધછોડ કરતી બીજી કોઈ નિષ્ઠા તેમનામાં હોવી ન જોઈએ.
- પુસ્તક વિતરણ અને ઇસ્કોનની અન્ય યોજનાઓના વિકાસ અને સાચવણી પ્રત્યે દ્રઢ પ્રતિબદ્ધતા સાથે શ્રીલ પ્રભુપાદના આંદોલન પ્રત્યે સમર્પણ અને તેની સમજ દર્શાવતા હોવા જોઈએ.
- જીબીસી ને ઇસ્કોનમાં સર્વોચ્ચ સંચાલકીય સંસ્થા તરીકે માનતા હોય, જી.બી.સી ની પદ્ધતિનું સમર્થન કરતા હોય અને જી.બી.સી ને અનુસરતા હોય.
- કોઈ ઇસ્કોન કેન્દ્રમાં અથવા ઇસ્કોન દ્વારા અધિકૃત અન્ય પ્રચાર કાર્યક્રમમાં પૂર્ણ કાલીન જોડાયેલા હોવા જોઈએ.
- છેલ્લા ઓછામાં ઓછા ૧૦ વર્ષમાં ગંભીર ગુનાહિત કાર્યોમાં જોડાયેલા કે તેના માટે જવાબદાર ન હોવા જોઈએ જેવા કે:
    - નાણાંકીય અનૌચિત્ય જે મહત્ત્વપૂર્ણ ફાળાને કે અન્ય સંપતિને જોખમમાં મૂકે.

- તેમના કે તેણીના નિયમન હેઠળ સંપતિ કે ભંડોળનું અયોગ્ય સંચાલન મારફતે કાયદાકીય પરિણામોનું જોખમ.
- અનધિકૃત કાર્યો દ્વારા મહત્ત્વપૂર્ણ ભંડોળમાં ખોટનું કારણ બનવું.
- અન્ય કોઈ નૈતિક અધ:પતનનું કાર્ય જેની વ્યાખ્યા જીબીસી ના વિસંગતી પત્રકમાં થયેલી હોય અથવા કાયદાકીય અધિકાર ક્ષેત્રમાં થયેલી હોય જ્યાં તે ઉમદેવાર રહેતો હોય.

• ગુરૂ સેમિનારમાં હાજરી એક વધારાની જરૂરિયાત છે.

## વિવેકયુક્ત યોગ્યતા:

આધ્યાત્મિક પ્રમાણ પત્ર - ભક્તિશાત્રી, ભક્તિવૈભવ અને ભક્તિવેદાંત (જ્યારે શક્ય હોય) આ બધાં જ પૂર્ણ અને ચુસ્તપણે ભલામણ કરવામાં આવ્યા છે કે જેનાથી ઇસ્કોનના ગુરૂ તરીકે કામ કરવા માટે બિન વાંધા પત્ર દરજ્જો મળી શકે.

• ગુરૂઓના વર્તણુકના ધોરણોનું પાલન કરવામાં તેમની ક્ષમતા વિશે શંકા ઉત્તપન્ન થાય તેવું કાંઈપણ તેમના ચરિત્રમાં, વર્તણુકમાં કે પરિસ્થિતિમાં ન હોવું જોઈએ.
• તેઓ કોઇપણ અસામાન્ય વ્યક્તિગત પરિસ્થિતિમાં જોડાયેલા હોવા ન જોઈએ. આવી એક પરિસ્થિતિના ઉદાહરણ તરીકે તેમનું ખોરવાયેલું કે વિલક્ષણ કૌટુંબિક જીવન જ તેમની ગુરૂ પ્રત્યેની ફરજોમાંથી વિચલિત કરી શકે છે અથવા તેમને કે તેમના અનુયાયીઓને ખલેલ રૂપ પુરવાર થાય છે.
• હંમેશાં, સામાન્ય સોદા કે બાબત માટે સન્માનનીય જવાબદાર અને પ્રામાણિક હોય.

# પરિશિષ્ટ- ૪ ગુરૂ માટે વર્તણુંક ધોરણો

**ઇસ્કોન કાયદો ૬.૪.૩**

- બધા ભક્તો માટે હંમેશા ઉદાહરણ પુરૂ પાડવું.
- ઇસ્કોનમાં શીખવવામાં આવતા અને અનુસરાતા શ્રીલ પ્રભુપાદના દિશા સૂચનોનું પાલન કરવા માટે પોતાના શિષ્યોને દોરવણી આપવી.
- બધા ઇસ્કોન ભક્તોની તેમના ગુરૂમાં, શ્રીલ પ્રભુપાદમાં અને શ્રી કૃષ્ણમાં શ્રદ્ધાનું ભરણપોષણ અને રક્ષણ કરવું.
- નવા આગંતુકોની ઇસ્કોનમાં શ્રદ્ધાને પ્રોત્સાહિત કરવી અને પ્રવર્તમાન સભ્યોની શ્રદ્ધાનું રક્ષણ કરવું.
- મંજૂરીની પ્રક્રિયા જ્યાં સુધી સંપૂર્ણપણે પૂર્ણ કરવામાં આવી ન હોય ત્યાં સુધી દીક્ષા આપવી નહીં.
- શિષ્યો માટે પ્રચાર કરવો જોઈએ નહીં.
- સર્વ અદીક્ષિત ભક્તોને તેમની પસંદના ગુરૂ પાસેથી દીક્ષા સ્વીકાર કરવાના તેમના અધિકારનો ઉપયોગ કરવાની પૂર્ણ સ્વતંત્રતા આપવી.
- અદીક્ષિત ભક્તો જેમણે અગાઉ તેમનો આશ્રય લીધેલો હોય તેમને દીક્ષા ગુરૂ માટે તેમની પસંદગી પર, તેમના વિચાર બદલવા પર તેમને પૂર્ણ સ્વતંત્રતા આપવી જોઈએ.
- ઇસ્કોન ગુરૂ દ્વારા પ્રાપ્ત થતી ગુરૂ દક્ષિણા ઇસ્કોનની મિલકત હોવાથી તેનો ઉપયોગ કૃષ્ણભાવનામૃત આંદોલનના લાભ માટે થવો જોઈએ. બધી ગુરૂ દક્ષિણાઓ એક વિશેષ ખાતામાં, પ્રાધાન્યતઃ એક ઇસ્કોન ખાતામાં ઓછામાં ઓછી બે સહીઓ સાથે રાખવામાં આવે અને હિસાબી નોંધ ચોક્કસ રાખવામાં આવે.
- દીક્ષા લેવા માટે પૂર્વ શરત તરીકે કોઈ ઓછામાં ઓછા દાન અથવા બીજી કોઈ આર્થિક પ્રતિબદ્ધતાને એક સંભવિત શિષ્ય માટે જરૂરીયાત તરીકે રાખવી નિષેધ છે.
- ગુરૂએ તેમની વ્યક્તિગત સેવામાં અથવા તેમની મુસાફરીમાં જોડાયેલા ભક્તોની સંખ્યા ઘટાડી દેવી જોઈએ. ગુરૂએ તેમની પ્રત્યક્ષ સેવામાં વિજાતીય અવિવાહીત સભ્યને અથવા વિવાહીતા વિજાતીય સભ્યોને તેમના પતિ/પત્ની વિના વ્યક્તિગતરૂપે જોડવા જોઈએ નહીં

અને શાસ્ત્રોમાં આદેશિત છે તેમ તેમની સાથે એકલામાં કે એકાંત સ્થાને ક્યારેય રહેવું જોઈએ નહીં.

### ૬.૪.૩.૨. જીબીસી સમિતિ સંબંધિત ધોરણો

ઇસ્કોનની સર્વોચ્ચ સંચાલકીય સંસ્થા તરીકે શ્રીલ પ્રભુપાદ દ્વારા નીમાયેલા અનુગામી તરીકે જીબીસી ને આદર આપે અને જીબીસી પ્રત્યે આદરણીય સેવાભાવ જાળવી રાખે.

શ્રીલ પ્રભુપાદની પરંપરામાં ગુરૂ તરીકે હોવાથી ઇસ્કોનમાં કાર્ય કરવા શ્રીલ પ્રભુપાદના આદેશોનું પાલન કરવું જરૂરી છે. તેથી તેમણે જીબીસી સમિતિને પોતાની સત્તા તરીકે સ્વીકારવી અને જીબીસીનાં સૂચનોનું પાલન કરવું.

તેમણે જીબીસી સમિતિ દ્વારા લાગુ કરાયેલા શિસ્ત સંબંધી કોઇપણ પ્રતિબંધોને માન્ય રાખવા જેમાં નવા શિષ્યોને દીક્ષા નહીં આપવાનો પણ સમાવેશ થાય છે.

### ૬.૪.૩.૩. જીબીસી પ્રાદેશિક સચિવોના સંબંધિત ધોરણો

તેમણે જીબીસીના પ્રાદેશિક સચિવોની દેખરેખ હેઠળ અને તેમની સાથે સૌહાર્દપૂર્ણ થઇ કાર્ય કરવું.

સ્થાનિક જીબીસી સચિવની સાથે અગાઉ પરામર્શ કર્યા વિના તેમનું રહેઠાણ ન બદલી શકે કારણ કે આવા સ્થાનાંતરથી મંદિરો કે ભક્તોને અસર થઇ શકે છે.

વાર્ષિક ધોરણે જીબીસી સચિવોને નાણાંકીય હિસાબો આપવા.

### ૬.૪.૩.૪. ઇસ્કોનના આધ્યાત્મિક અધિકારીઓને સંબંધિત ધોરણો

સ્થાનિક ઇસ્કોન અધિકારીને સહકાર આપી તેમને જવાબદાર રહેવું.

તેવા કોઈ ભક્તને દીક્ષા ન આપવી જોઈએ કે જેમણે ઇસ્કોનના યોગ્ય આધ્યાત્મિક અધિકારી પાસેથી વ્યવસ્થિત ભલામણ પ્રાપ્ત કરી ન હોય.

તેમણે શિષ્યોને અને અન્ય ભક્તોને માર્ગદર્શન કરવું કે તેઓ ઇસ્કોન અધિકારીઓને સહકાર આપે અને કોઈ મતભેદ ઉભા થયા હોય તો યોગ્ય શિષ્ટાચાર જાળવે.

ઇસ્કોન અધિકારીઓ સાથે સૌહાર્દપૂર્ણ કાર્યો જાળવી રાખે અને કોઈપણ રીતે તે સંબધોને બગાડે નહીં.

મંદિરના અધ્યક્ષો અને યોજનાના આગેવાનો તેમના કાર્યક્ષેત્રમાં રહેલા ભક્તોને કાર્યમાં જોડવા માટે સંપૂર્ણ જવાબદાર છે. તેથી ગુરૂએ શિષ્યના સ્થાનિક અધિકારી સાથે પ્રથમ પરામર્શ કર્યા વિના કોઈ શિષ્ય સાથે સેવા, સ્થાન કે આશ્રમમાં પરિવર્તનની ચર્ચા કરવી નહીં.

## ૬.૪.૫ જીબીસી દ્વારા ગુરૂ પર પ્રતિબંધ

જીબીસી સમિતિ એક ગુરૂ સામે ગેરવર્તણુંક માટે નીચેમાંથી કોઈપણ પ્રતિબંધ લગાવી શકે છે.

### ૬.૪.૫.૧ ચેતવણી (અથવા ઠપકો)

જો એક ગુરૂ આધ્યાત્મિક આચરણની ઉપેક્ષા કરતાં અથવા તેનાથી વિચલિત થતાં મળી આવે, પરંતુ તે વિચલન અથવા બેદરકારી ખૂબ ગંભીર અથવા રીઠી ન હોય, અથવા જો એક ગુરૂ માન્ય ધોરણોનું અને ગુરૂના આચરણ માટેના દિશા સૂચનો (જેવા કે શિષ્ય માટે પ્રચાર કરવો, વગેરે)નું ઉલ્લંઘન કરે તો ગુરૂને ખાનગી રીતે ચેતવણી (અથવા ઠપકો) આપવો જોઈએ.

### ૬.૪.૫.૨ અજમાયશ

જો ચેતવણીઓ ઉપર ધ્યાન આપવામાં ન આવે અને જો આધ્યાત્મિક આચરણનું વિચલન અથવા ઉપેક્ષા વધુ ગંભીર પ્રકારની હોય, અથવા ગુરૂની આચારસંહિતાનું ઉલ્લંઘન ગંભીર અથવા નઠોર હોય તો ગુરૂને ચોક્કસ શરતો સાથે અજમાયશમાં રાખવામાં આવે છે. જેમાં તેમના ગુરૂ તરીકેના કાર્યોને સિમિત કરવામાં આવે છે. (જેમાં નવા શિષ્યોને દીક્ષા આપવાના અધિકારને ટૂંક સમય માટે પાછા ખેંચવાનો સમાવેશ થાય છે.) આ ઉપરાંત તેમને તેમની ભૂલ સુધારવા માટે અને અંતમાં પૂર્વવત થવા માટે સામાન્ય ભલામણો અથવા ચોક્કસ કાર્યો આપવામાં આવે છે.

## ૬.૪.૫.૩ સ્થગિત કરવા

જો એક ગુરૂ બેશરમ થઈ અથવા નિર્લજ્જપણે અજમાયશની શરતોને અવગણે છે અથવા એક કે તેથી વધુ નિયામક સિદ્ધાંતોનું વારંવાર ઉલ્લંઘન કરે છે અથવા એવા કૃત્યો કરે છે જેનાથી હાલના ઇસ્કોન અથવા જીબીસી નીતિઓની ખૂબ ગંભીરપણે અથવા નુકસાનકારક અવગણના થાય, અધિકાર વિના પોતાના સંન્યાસ આશ્રમનો ત્યાગ કરે અથવા ભક્તોનો સંગ અને ઇસ્કોન આંદોલન છોડી દે અથવા સાધનાના ધોરણોથી સંપૂર્ણપણે વિચલિત થયા હોય તો તેમને સ્થગિત કરવામાં આવી શકે છે. જો કોઈ ગુરૂ સ્થગિત થઈ ગયા હોય તો તેઓ દીક્ષા આપી શકે નહીં, અને પોતાના શિષ્યોના સંબંધે સર્વોચ્ચ શિક્ષાનું સ્થાન જાળવી શકે નહીં, કે ન તો તેમનો પરિચય એક આધ્યાત્મિક ગુરૂ તરીકે થઈ શકે, ન તો પોતાના ગુરૂ તરીકેના કાર્યો કરી શકે જેવા કે ગુરૂપુજા કે દક્ષિણા સ્વીકાર કરવી.

## ૬.૪.૫.૪ દુર કરવા

જો કોઈ ગુરૂ જાહેરમાં ઇસ્કોનને કે શ્રીલ પ્રભુપાદને હાનિકારક બને, અથવા આસુરી વર્તન કરવા લાગે; અથવા માયાવાદી બની જાય; અથવા શ્રી ચૈતન્ય મહાપ્રભુના સિદ્ધાંતો વિરુદ્ધ અપસંપ્રદાય જૂથોના અનધિકૃત તત્ત્વજ્ઞાનનો પ્રચાર કરે; અથવા ઇસ્કોન અને જીબીસી નીતિઓની નિર્લજ્જપણે સતત અવગણના કરે; જો તે ગુરૂની ઇન્દ્રિયતૃપ્તિ પ્રત્યેની આસક્તિ ગંભીર, લાંબા ગાળાની કે નિરાશાજનક હોય ત્યારે શાસ્ત્રોના પ્રમાણ અનુસાર દીક્ષા કે શિક્ષા ગુરૂ તરીકે તેમના સ્થાન પરથી બરતરફ કરવા.

# પરિશિષ્ટ - ૫

# ઇસ્કોનમાં દીક્ષાની યોગ્યતાઓ (સંબંધિત અવતરણો)

### ૭.૨ દીક્ષાર્થીની જવાબદારી

એક વિશેષ ભક્તને ગુરૂ તરીકે પોતાની બુદ્ધિના પ્રયોગ દ્વારા યોગ્ય રીતે પસંદ કરવા તે દીક્ષાર્થીઓની વ્યક્તિગત જવાબદારી છે. તે ભક્તમાં અને પોતાને ભગવતધામ લઈ જવાની તેમની ક્ષમતામાં દ્રઢ અને પરિપક્વ શ્રદ્ધાનો વિકાસ થયા પછી જ દીક્ષાર્થીએ તે ગુરૂ પાસેથી દીક્ષા ગ્રહણ કરવી જોઈએ. એક ભક્તના પ્રગતિના સ્તર નિશ્ચિત કરવા સાધુ, શાસ્ત્ર અને ગુરૂને અધિકૃત સંદર્ભો તરીકે લાગુ કરવામાં આવે છે. ઇસ્કોન ગુરૂની સત્તાવાર મંજૂરી પ્રાપ્ત થવાથી એ પ્રમાણિત થાય છે કે તે ભક્તે ઇસ્કોન કાયદામાં સુયોજીત અધિકૃત પ્રક્રિયાને સફળતાપૂર્વક સંપૂર્ણ કરી છે અને કોઈ ચોક્કસ વરિષ્ઠ ભક્તોના નિષ્કર્ષ અનુસાર તે ભક્ત ઇસ્કોન કાયદામાં જણાવેલા ધોરણો અને માર્ગદર્શનનું યોગ્ય પાલન કરે છે. પરંતુ આવી મંજૂરીને માન્ય થયેલા ગુરૂના ભગવદ સાક્ષાત્કારના સ્તર વિશેના કોઈ વિધાન તરીકે આપોઆપ માની લેવા જોઈએ નહીં. આનો હેતુ ઉમેદવારની બુદ્ધિયુક્ત સમજણનું સ્થાન લેવાનો નથી.

## ૭.૨.૧ પ્રથમ “હરિનામ દીક્ષા” ૧ પ્રથમ દીક્ષાની યોગ્યતાઓ

### ૧.૧ એક વર્ષનો તૈયારી કાળ

પ્રથમ દીક્ષા ગ્રહણ કરવા માટે કોઈ પણ વિક્ષેપ વગર ઓછામાં ઓછા એક વર્ષ સુધી વ્યક્તિએ ભક્તિમાં અનુકુળ રીતે જોડાયેલું રહેવું, ચાર નિયામક સિદ્ધાંતોનું ચુસ્તપણે પાલન કરવું અને પ્રતિદિન ૧૬ માળાનો જપ કરવો જરૂરી છે.

ઇસ્કોનના ભક્તોએ નવા સભ્યોને શ્રીલ પ્રભુપાદનો આશ્રય લેવા અને કૃષ્ણભાવનામૃતમાં જેઓ તેમને માર્ગદર્શન આપી રહ્યા હોય તેમની પાસેથી માર્ગદર્શન, તાલીમ અને સહયોગ લેવાની સલાહ આપવી. ઇસ્કોન સભ્યોએ ક્યારે અને કોની પાસેથી દીક્ષા લેવા માટે પોતાની ઇચ્છા વ્યક્ત કરવી અને પસંદગી કરવી. શ્રીલ પ્રભુપાદ પર સંસ્થાપક આચાર્ય અને પોતાના પૂર્વ પ્રતિષ્ઠિત શિક્ષાગુરૂ તરીકે પોતાનું ધ્યાન અવશ્ય કેન્દ્રિત કરવું.

કૃષ્ણકૃપામૂર્તિની વાણી સાથે ઘનિષ્ઠ સંબંધ સ્થાપિત કર્યા પછી, અને ઓછામાં ઓછા છ મહિના સુધી સાધનાનું પાલન કર્યા પછી તેઓ એક અધિકૃત ઇસ્કોન ભક્તને સંબંધિત દીક્ષા ગુરૂ તરીકે સ્વીકાર કરી શકે, અને આ પ્રમાણેના ઓછામાં ઓછા છ મહિના પછી તેમની પાસેથી વૈષ્ણવ દીક્ષા ગ્રહણ કરી શકે. તે સમજવું જોઈએ કે, ઇસ્કોન અંતર્ગત શિક્ષા અને દીક્ષાનો હેતુ વફાદારી, આસક્તિ અને સ્નેહની દ્રષ્ટિએ શ્રીલ પ્રભુપાદ સાથે ભક્તના સંબંધને મજબૂત કરવાનો છે.

કોની પાસેથી દીક્ષા લેવી તે નક્કી કર્યા પછી, તે ગુરૂ પાસેથી મંજૂરી પ્રાપ્ત કર્યા પછી, અને સ્થાનિક મંદિર અધ્યક્ષ અને સંબંધિત અધિકારીને જાણ કર્યા પછી, તે દીક્ષાર્થી તેમના દીક્ષા ગુરૂના પ્રણામ મંત્રનું ઉચ્ચારણ કરી તે ગુરૂની પોતાના ગુરૂ તરીકે પુજા શરૂ કરી શકે છે. પોતાના દીક્ષા ગુરૂના પ્રણામ મંત્રનું ઉચ્ચારણ કર્યા પછી સૌ પ્રશિષ્યો અને ભવિષ્યની પેઢીઓએ પ્રણામ કરતી વખતે સંસ્થાપક આચાર્યને આદર આપવા માટે શ્રીલ પ્રભુપાદના પ્રણામ મંત્રની ઓછામાં ઓછી પ્રથમ બે પંક્તિનું ઉચ્ચારણ કરવું જોઈએ. વાસ્તવિક દીક્ષા, સંબંધિત ગુરૂ દ્વારા આશ્રય સ્વીકારવાની તારીખ પછી અને સ્થાનિક મંદિર અધ્યક્ષ અથવા સંબંધિત અધિકારીને જાણ કર્યાના ઓછામાં ઓછા છ મહિના પછી જ થઈ શકે.

## ૧.૪ મંદિરના સમુદાયમાં રહેતા ભક્તો

ઉપરોક્ત જરૂરીયાતોની પૂર્તિ કર્યાની સાથે મંદિરના સમુદાયમાં રહેતા ભક્તોએ તૈયારી કાળના એક વર્ષ દરમ્યાન સવારના સંપૂર્ણ કાર્યક્રમમાં હાજર રહેવું.

## ૧.૫ મંદિરના સમુદાયની બહાર રહેતા ભક્તો

જે ભક્તો મંદિર સમુદાયમાં રહેતા ન હોય અને જેઓ મંદિરના કાર્યક્રમોમાં ભાગ ન લઈ શકે તેમ હોય પણ જો તેઓ પોતાના નિવાસે અથવા નામહટ્ટ કેન્દ્રમાં નિયમિત રીતે સવારના કાર્યક્રમમાં હાજરી આપતા હોય તો તેઓને પણ દીક્ષા આપી શકાય.

## ૧.૬ પરીક્ષા પાસ કરવી.

કોઈ ભક્તને એક નિશ્ચિત ઇસ્કોન ગુરૂનું ઔપચારિક શરણ લેવા માટે મંજૂર કરી શકાય અને દીક્ષા માટે તેની ભલામણ કરી શકાય તે પહેલા તેણે અથવા તેણીએ મંદિર અધ્યક્ષ અથવા અન્ય અધિકૃત સત્તા દ્વારા સંચાલિત મૌખિક અથવા લેખિત પરીક્ષાના ઉત્તરો આપી શ્રીલ પ્રભુપાદના ઉપદેશોમાં પ્રાથમિક સમજ રજુ કરવી પડશે. જે ભક્તોએ કોઈ ગુરૂનો ઔપચારીક શરણ લીધુ હોય

તેવા દીક્ષાર્થીઓ પછીથી અન્ય ઇસ્કોન ગુરૂ પાસેથી દીક્ષા લેવાનો નિર્ણય કરે, તો આવી સ્થિતિમાં સ્થાનિક અધિકારીઓ તેમજ ગુરૂઓ એમ બંનેને સૂચિત કરવું જરૂરી છે. નવા ગુરૂ પાસેથી ઔપચારિક સ્વીકૃતિના સમયથી દીક્ષા અગાઉના છ મહિનાના જરૂરી સમયગાળાની ગણતરી શરૂ થશે.

કોઈ દીક્ષાર્થી પ્રથમ દીક્ષા ગ્રહણ કરી શકે એ પહેલા સંભવિત ગુરૂએ ઇસ્કોનના યોગ્ય આધ્યાત્મિક અધિકારી પાસેથી ઉમેદવારની સ્થિતિ પ્રમાણે નિશ્ચિત કરેલો ઔપચારિક લેખિત ભલામણ પત્ર પ્રાપ્ત કરવો.

## પ્રથમ અને દ્વિતીય દીક્ષા વચ્ચે પ્રતિક્ષા

દ્વિતીય દીક્ષા ગ્રહણ કરવા માટે યોગ્ય થવા પ્રથમ દીક્ષા ગ્રહણ કર્યા પછી ઓછામાં ઓછા એક વર્ષ સુધી પ્રથમ દીક્ષિત ભક્ત સ્થિરપણે અનુકુળ ભક્તિમાં જોડાયેલ હોય, ચૂક્યા વિના દરરોજ સોળ માળાનો જપ કરતાં હોય અને ચાર નિયામક સિદ્ધાંતોનું નિયમિત પાલન કરતા હોય તે જરૂરી છે. આ ઉપરાંત તે ઉમેદવારે મંદિરમાં, પ્રચાર કેન્દ્રમાં, નામહટ્ટ કેન્દ્રમાં અથવા ઘરે નિયમિત રીતે સવારના કાર્યક્રમમાં હાજરી આપેલી હોવી જોઈએ.

## જેમનું ગંભીર પતન થયું હોય તેમના માટે બે વર્ષની પરીક્ષા

પ્રથમ દીક્ષા ગ્રહણ થયા પછી કોઈ ભક્ત પોતાની દીક્ષા પ્રતિજ્ઞાઓની ગંભીરપણે અવગણના કરે અથવા ખૂબ લાંબા સમય સુધી ઇસ્કોનના ભક્તોના સંગનો અસ્વીકાર કરીને આધ્યાત્મિક ધોરણોમાંથી ગંભીર રીતે પતન પામે તો જ્યારે તે સ્વાભાવિક સાધના તરફ પાછો ફરે ત્યારપછી બીજી દીક્ષા ગ્રહણ કરતાં પહેલા ઓછામાં ઓછી બે વર્ષની પ્રતિક્ષા કરવી પડશે.

## દીક્ષા ગુરૂના પરીક્ષાના વિકલ્પો

દીક્ષા ગુરૂની તે જવાબદારી છે કે, તેઓ બ્રાહ્મણ દીક્ષા માટે પોતાના શિષ્યોની યોગ્યતા નિર્ધારિત કરે. આના માટે તેઓ પોતાના શિષ્યોને યોગ્ય પરીક્ષા અપાવી શકે.

## ૪.૨.૬ દ્વિતીય દીક્ષા માટે ઔપચારિક ભલામણ

૧. દ્વિતીય દીક્ષાર્થીના ગુરૂએ યોગ્ય ઇસ્કોન અધિકારી પાસેથી લેખિત ભલામણ પ્રાપ્ત કરવી પડે. યોગ્ય અધિકારીને, પ્રથમ દીક્ષા માટે ઉપર જણાવ્યા મુજબ જ, નિર્ધારિત કરવામાં આવે છે.

## ૭.૨.૪ માન્ય ગુરૂ પાસેથી જ દીક્ષા લેવી.

ઇસ્કોનના જે સભ્યો, ઇસ્કોનમાં દીક્ષા આપવા માટે મંજુર થયેલા ન હોય તેવા ગુરૂઓ પાસેથી દીક્ષા લઈ ઇસ્કોનના કાયદાનો ભંગ કરે છે તેમને ઇસ્કોનમાં સેવા કરવાની મંજૂરી નથી. જો નામંજુર ગુરૂનો ઇસ્કોન બહાર કોઈ આશ્રમ કે સંસ્થા હોય તો યોગ્ય આચરણ મુજબ તેમના શિષ્યોએ તેમના ગુરૂની સંસ્થામાં સેવા કરવી જોઈએ અને ઇસ્કોનમાં સેવા કરવી જોઈએ નહીં (આ નિયમ તેવા લોકોને લાગુ પડતો નથી જેઓ ઇસ્કોનના સભ્યો થયા પહેલા જ દીક્ષિત થયેલા હોય).

પરંતુ જીબીસી સમિતિ તેનો પણ સ્વીકાર કરે છે કે આ સામાન્ય નિયમમાં અપવાદો હોઇ શકે અને સ્થાનિક ઇસ્કોન અધિકારીઓ પાસે તે નક્કી કરવાની સત્તા છે કે, કોઈ વ્યક્તિ તેમના અધિકાર ક્ષેત્ર હેઠળના કેન્દ્રોમાં રહે કે સેવા આપી શકે કે નહીં. ઉપરોક્ત મુદ્દાઓના સંદર્ભમાં તેમની સ્વતંત્રતા અનુસાર તેઓ કોઈ ચોક્કસ વ્યક્તિના ઇસ્કોન સાથેના સંપર્કને સીમિત પણ કરી શકે.

## અનધિકૃત ગુરૂઓ પાસેથી અગાઉ લીધેલી દીક્ષા

ઇસ્કોનના સભ્યો બન્યા પહેલા જે લોકોએ અનધિકૃત ગુરૂઓ પાસેથી દીક્ષા લીધેલી હોય તેવા લોકોએ જીવ ગોસ્વામીના સંદર્ભને અનુસરવું જોઈએ કે આવા નિરર્થક ગુરૂ, કૌટુંબિક પુરોહિત જો ગુરૂ તરીકે કાર્ય કરતાં હોય તો પણ તેમનો ત્યાગ કરવો જોઈએ અને યોગ્ય અધિકૃત ગુરૂનો સ્વીકાર કરવો જોઈએ.

## ૭.3 માર્ગદર્શન ૭.3.૧ અનધિકૃત 'દીક્ષા' સંસ્કાર

એવા કિસ્સાઓમાં જ્યારે ઔપચારિક ગુરૂ-શિષ્ય સંબંધ, જ્યાં સુધી ઇસ્કોનના કાયદામાં જણાવેલ પ્રક્રિયાઓ દ્વારા યોગ્ય રીતે મંજૂર કરવામાં આવેલ ન હોય, ત્યાં સુધી ઇસ્કોનના કોઈ પણ સભ્યોએ, ઔપચારિક ગુરૂ-શિષ્ય સંબંધની સામ્યતા બનાવવાના નિર્દેશિત અથવા અનિર્દેશિત હેતુ કે અસર સાથે ઇસ્કોનમાં અન્ય ભક્તોને અથવા તેમના સમુદાયમાં દીક્ષા વિધિના કોઈપણ તત્ત્વ જેવા કે, એક ભક્તિમય નામ આપવું, શુદ્ધ કરેલી જપમાળા આપવી અથવા કંઠી માળા આપવી અથવા પ્રતિબદ્ધતાની કોઈ વિધી કે સંસ્કારમાં ભાગ લેવો - કોઈ પણ સંખ્યા કે સંયોજન સાથે – જેવા કાર્યોમાં જોડાવું નહીં.

જ્યારે આવી અનધિકૃત પ્રવૃત્તિઓ થઈ ચુકેલી હોય ત્યારે;

(અ) સૌ સહભાગીઓએ જાણવું જોઈએ કે કોઈ દીક્ષા થઈ નથી અથવા દીક્ષા સંબંધિત કોઈ પ્રતિજ્ઞા થઈ નથી.

(બ) આ વ્યવહારમાં સંકળાયેલા નવોદિત ભક્તોએ અધિકૃત દીક્ષા ગુરૂ જેમનામાં તે સંપૂર્ણ શ્રદ્ધા રાખી શકે તેમની સાથે સંબંધ સ્થાપિત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

જો કોઈપણ નામ આપવામાં આવ્યું હોય તો બધા ભક્તોએ તેનો ઉપયોગ કરવાનું બંધ કરવું.

## ૮.૨.૧.૫ ઇસ્કોનમાં જે ભક્તો રહે છે તેઓ દીક્ષિત હોવા જોઈએ

ઇસ્કોનમાં જે ભક્તો રહે છે અને કાર્ય કરે છે તેઓ ઇસ્કોનના દીક્ષિત હોવા જોઈએ, સિવાય કે જો કોઈ અગાઉથી કોઈ માન્ય સંપ્રદાયમાં દીક્ષિત થયેલો હોય અને પછીથી સ્થાનિક જીબીસીના માર્ગદર્શન અને મંજૂરી હેઠળ ઇસ્કોનમાં જોડાવા અને સેવા કરવા ઇચ્છુક હોય.

## ૧૫.૪.૧ ગૃહસ્થ ભક્તોની દીક્ષા

ગૃહસ્થ સમુદાયના સભ્યો માટે પણ ગુરૂના સ્વીકાર માટે અને દીક્ષા માટે ઇસ્કોનના કાયદામાં નિર્દેશિત દીક્ષા માટેના એક સમાન ધોરણો લાગુ પડે છે. ઇસ્કોન કાયદો જણાવે છે કે સ્થાનિક મંદિર અથવા પ્રાદેશિક અધિકારીઓએ ગૃહસ્થ સમુદાયને ભલામણ કરવી પરંતુ અન્ય યોગ્ય ભક્તોની જેમ જ તેમની ભલામણ થવી જોઈએ. જો સ્થાનિક અધિકારી કોઈ દીક્ષાર્થીને દીક્ષા માટે યોગ્ય ન ગણતો હોય તો તે દીક્ષાર્થીને એવી માહિતી આપવી જોઈએ કે, ઇસ્કોનના કાયદા અનુસાર યોગ્ય થવા માટે કઈ વસ્તુઓની જરૂરિયાત હોય છે. શ્રીલ પ્રભુપાદ અને ઇસ્કોનના કાયદા દ્વારા જણાવેલ નથી તેવી કોઈ પણ પ્રતિબદ્ધતા અથવા ન્યુનતમ દાન અથવા અન્ય જરૂરીયાતો પર પ્રતિબંધ છે. ઇસ્કોનના કાયદામાં અગાઉ જણાવેલ છે તેમ એક વ્યક્તિગત ગુરૂ આપવા યોગ્ય ભલામણના આધારે કોઈ ભક્તને દીક્ષા આપવા માટે કોઈ પણ રીતે બાધ્ય નથી.

# પરિશિષ્ટ – ૬ પતિત 'ગુરૂ'નો ત્યાગ (ઇસ્કોનના કાયદાઓ)

નોંધઃ નીચેના કાયદાનો આધાર શ્રીલ એ.સી. ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદની રચનાઓની સાથે શ્રી નરહરી સરકાર ઠાકુર (શ્રી ચૈતન્યના એક પાર્ષદ) દ્વારા રચિત 'શ્રીકૃષ્ણ ભજનામૃત', શ્રીલ જીવ ગોસ્વામી દ્વારા રચિત 'ભક્તિ સંદર્ભ' અને શ્રીલ ભક્તિવિનોદ ઠાકુર દ્વારા રચિત 'જૈવ ધર્મ' પર છે.

## ૬.૫.૧.૧ પતિત ગુરૂ ક્યારે નકારવામાં આવી શકે છે

ગુરૂની કબૂલાત દ્વારા, અથવા વિશ્વસનીય સાક્ષી જુબાની દ્વારા નક્કી કરવામાં આવે કે દીક્ષાના સમયે ગુરૂ પતિત હતા, તો પછી તે શિષ્ય પાસે ગુરૂને નકારવાનો અને વાસ્તવિક ગુરૂથી ફરીથી દીક્ષા લેવાનો પૂરો હક છે.

## ૬..૫.૧.૨.૧ પતિત ગુરૂનો ત્યાગ ક્યારે કરવો

### ૬.૫.૧.૨. ૧ ઇન્દ્રિયતૃપ્તિમાં આશાહીન થઈ ફસાયેલા હોય.

જો ગુરૂ આશાહીન અવસ્થામાં ઇન્દ્રિયતૃપ્તિમાં જોડાયેલા હોય અને વિશ્વાસનીય પુરાવા દ્વારા અથવા તેમની પોતાની કબૂલાત દ્વારા એ પ્રસ્થાપિત થયું હોય કે તે નિયમિત રીતે કૃષ્ણભાવનામૃતના નિયમિત સિદ્ધાંતોનો ભંગ કરી રહ્યા છે અને તેમના સુધારા માટે વાસ્તવમાં કોઈ આશા બચી ન હોય ત્યારે શિષ્યે તેમને અસ્વીકાર કરવો જોઈએ અને તે પુનઃ દીક્ષા સ્વીકાર કરી શકે છે.

### ૬.૫.૧.૨.૨ આસુરી ગુણો દર્શાવે

જો ગુરૂ આસુરી ગુણો દેખાડવાનું શરુ કરે અને ઇસ્કોનના વિરોધી બની જાય, ત્યારે તેમનો ત્યાગ કરી શિષ્ય પુનઃ દીક્ષા પ્રાપ્ત કરી શકે.

### ૬.૫.૧.૩ પતિત ગુરૂનો ત્યાગ ક્યારે કરવો ન જોઈએ

જો કોઈ ગુરૂ ઇન્દ્રિયતૃપ્તિમાં લાગેલા હોય અને એક અથવા વધુ નિયામક સિદ્ધાંતોનો ભંગ કરતાં હોય, પરંતુ તેમનો સુધાર થઈ શકે તેવી કોઈ આશા હોય ત્યારે તેમના શિષ્યોએ તેમનો ત્યાગ કરવો નહીં પરંતુ આ સુધાર થઈ શકે તેના માટે થોડો સમય પસાર થવા દેવો અને તેઓએ શ્રીલ પ્રભુપાદ અને વરિષ્ઠ વૈષ્ણવોની શિક્ષા ગુરૂ તરીકે શરણ લેવી જોઈએ.

### ૬.૫.૧.૪ બરતરફ થયેલા ગુરૂનો અસ્વીકાર ક્યારે થઈ શકે

કોઈ બરતરફ થયેલા ગુરૂનો શિષ્ય, જેને પોતાના ગુરૂમાં શ્રદ્ધાને ગંભીર રીતે ગુમાવેલી હોય અથવા તેમના પ્રત્યે કોઈ અપરાધયુક્ત મનોભાવના વિકસિત કરી હોય અને આ સંબંધમાં અનેક સૂચનો સાંભળવા છતાં તે પોતાની શ્રદ્ધાને પુનઃ પ્રાપ્ત કરવા અસમર્થ હોય, તે બીજા કોઈ દીક્ષા ગુરૂ સ્વીકારવા સ્વતંત્ર થવા પોતાના ગુરૂની પરવાનગી લઈ શકે. તેણે જીબીસી પ્રતિનિધિના માર્ગદર્શનમાં રહી કાર્ય કરવું જોઈએ. જો બરતરફ થયેલા ગુરૂ પોતાની પરવાનગી ન આપે ત્યારે શિષ્ય જીબીસી સમિતી પાસેથી પરવાનગી માંગી શકે.

### ૬.૫.૧.૫ માર્ગદર્શન માટે "ગુરૂ આશ્રય"

જે ભક્તોના પોતાના દીક્ષા ગુરૂનું પતન થયું હોય તેમણે "ગુરૂ આશ્રય" અને "પુનઃ દીક્ષા માટે પ્રશ્નો ને ઉત્તરો" નામના શીર્ષકવાળા જીબીસી પત્રકોમાંથી માર્ગદર્શન લેવું જોઈએ. આ પત્રકો શિક્ષા ગુરૂની ભુમિકા અને દીક્ષા ગુરૂના શરણ લેવાના મહત્ત્વ પર ઇસ્કોનનું માર્ગદર્શન પણ પ્રસ્તુત કરે છે.

# પરિશિષ્ટ – ૭

# ઇસ્કોનના અધિકારી વર્ગો વચ્ચે એકસૂત્રતા

## સત્તાવાર જીબીસી નીતિ પત્રક

આ નિબંધ એવા સિદ્ધાંતોની વ્યાખ્યા કરવા પર સંપૂર્ણપણે ધ્યાન કેન્દ્રિત કરશે કે જેનું પાલન દીક્ષા કે શિક્ષા ગુરૂઓ, દીક્ષા કે શિક્ષા ગુરૂઓના શિષ્યો, પ્રાદેશિક જીબીસીઓ, પ્રાદેશિક સચિવો, મંદિરના અધ્યક્ષો અને ઇસ્કોન દ્વારા અધિકૃત અન્ય સંચાલકોએ કરવું જોઈએ. આનો હેતુ ગુરૂઓ અને સંચાલકો વચ્ચેની ગેરસમજને રોકવાનો તેમજ તેમની સંયુક્ત કાળજીમાં રહેલા ભક્તો પર આ ગેરસમજોના સંભવિત પ્રભાવને લઘુત્તમ કરવાનો છે.

**“આધ્યાત્મિક ગુરૂ” નો અર્થ છે દીક્ષા, શિક્ષા અથવા બંને**

આ દ્વારા એ નોંધ લેવામાં આવે છે કે, જ્યાં સુધી એ ઉલ્લેખનીય ન હોય ત્યાં સુધી જ્યારે પણ અમે આધ્યાત્મિક ગુરૂનો નિર્દેશ કરીએ ત્યારે અમે દીક્ષા ગુરૂ અને શિક્ષા ગુરૂઓ એમ બંનેનો નિદર્શ કરીએ છીએ. (જેમાં આ કામ કરી રહેલા સંચાલકોનો પણ સમાવેશ થાય છે.) વધુમાં જ્યારે અમે “આધ્યાત્મિક અધિકારીઓ”નો નિર્દેશ કરીએ છે ત્યારે અમે તે કોઈપણ (ગુરૂ, અથવા સંચાલકનો) નિર્દેશ કરીએ છે જેમની શિક્ષા અને ઉદાહરણોએ ભક્તિમાં એક ભક્તની શ્રદ્ધાના પાયાને આકાર આપ્યો હોય અને જેઓ ભક્તની શ્રદ્ધાના તે પાયાના નિર્માણ કરવામાં લાગેલા હોય.

**ઇસ્કોનમાં અધિકારીઓ**

આ નિબંધ ઇસ્કોનની સંચાલકીય પદ્ધતિનું વિગતવાર કે નિર્ણયાક વિશ્લેષણ નથી, ન તો આ ગુરૂત્વ-એક આધ્યાત્મિક ગુરૂના અપેક્ષીત ગુણો અને કર્તવ્યો તથા આધ્યાત્મિક ગુરૂને પસંદ કરવાની પ્રક્રિયાનું વિગતવાર પુથ્થકરણ છે.

આ નિબંધનો મૂળભૂત પક્ષ નીચે પ્રમાણે છે: કોઈ ભક્ત જો એક દીક્ષા ગુરૂ હોય, એક શિક્ષા ગુરૂ હોય, સંન્યાસી, ગવર્નીંગ બોડી, કમિશનર, ઝોનલ સચિવ, પ્રાદેશિક સચિવ, મંદિરના અધ્યક્ષ, ગૃહસ્થ ભક્તોનો નેતા અથવા ઇસ્કોન અંતર્ગત અધિકારીની સત્તા તરીકે કોઈ પણ હોય, તે ભક્તને પ્રાપ્ત થયેલી સત્તા ત્યારે જ સંપૂર્ણ ગણવામાં આવશે જ્યારે જો તે અથવા તેણી જીબીસી સમિતિની સત્તા હેઠળ ઇસ્કોનમાં સેવા કરવા શ્રીલ પ્રભુપાદના ઉપદેશોને અનુસરશે.

આ પૂર્વ વિધાનને પ્રસ્થાપિત કરવા અમને એવું લાગે છે કે, અમારે માત્ર એ ભાર મૂકવાની જરૂર છે કે કૃષ્ણકૃપામૂર્તિએ તેમના ઉપદેશોમાં તેમજ તેમણે સ્વયં હસ્તાક્ષર કરેલા ઔપચારિક દસ્તાવેજો અંતર્ગત આ સિદ્ધાંતને દ્રઢપણે અને સ્પષ્ટ રીતે પ્રસ્થાપિત કર્યો છે. આમ શ્રીલ પ્રભુપાદે સ્પષ્ટપણે જીબીસીને સર્વોચ્ચ સંચાલકીય અધિકારી તરીકે પ્રસ્થાપિત કર્યા છે અને એવો પણ નિર્દેશ કર્યો છે કે જીબીસીના અધિકાર ક્ષેત્રમાં સમગ્ર ઇસ્કોનને, જેમાં આધ્યાત્મિક ગુરૂ તરીકે સેવા કરી રહેલા સર્વ ભક્તોનો સમાવેશ થાય છે, આધ્યાત્મિક માર્ગદર્શન "શિક્ષા" પ્રસ્તુત કરવાની જવાબદારીનો પણ સમાવેશ થાય છે:

પત્રકારઃ "આંદોલનના પ્રાથમિક શિક્ષક તરીકે તમારા અનુગામીના સ્થાને શું કોઈની નિયુક્તિ થઈ છે?"

શ્રીલ પ્રભુપાદઃ "હું અમુકને તાલીમ આપી રહ્યો છું, મારો કહેવાનો અર્થ છે અમુક આગળ વધેલા વિદ્યાર્થીઓને, જેથી તેઓ ખૂબ સરળતાપૂર્વક કાર્યભાર સંભાળી શકે. મેં તેમને જીબીસી બનાવ્યા છે."[૧]

બીજા શબ્દોમાં જીબીસી ઇસ્કોનની સર્વોચ્ચ સંચાલકીય સત્તા છે, તેમ છતાં જીબીસીની ફરજ માત્ર સંચાલન કરવાની જ નહીં પરંતુ શિક્ષણ આપવાની પણ છે.

## દ્વિપક્ષીય સત્તા

પ્રત્યેક ભકત ઉચ્ચ અધિકારીઓ પાસેથી તેમની આધ્યાત્મિક પ્રેરણા પ્રાપ્ત કરે છે તેથી ઇસ્કોન હેઠળ દ્વિપક્ષીય સત્તા, તેમના પ્રતિનિધિઓ સાથે અસ્તિત્વ ધરાવે છે. એકને મુખ્યત્વે રીતે આધ્યાત્મિક તરીકે જોવામાં આવે છે અને જ્યારે બીજાને મુખ્યત્વે રીતે સંચાલકીય તરીકે જોવામાં આવે છે. બન્ને પક્ષની સત્તાઓ આપણા સંસ્થાપક આચાર્યની આજ્ઞાઓનાં પાલન તરીકે પોત-પોતાના વિશેષ છતાં પરસ્પર હેતુઓ પાર પાડે છે. ભક્તોને પોતાની કાળજીમાં આશ્રય આપવા બન્ને પક્ષો જીબીસી દ્વારા અધિકૃત કરવામાં આવેલા છે. આ આશ્રય ઉપદેશ અને ઉદાહરણ એમ બન્ને દ્વારા આપવામાં આવે છે.

દ્વિપક્ષીય આધ્યાત્મિક સત્તાઓને આ અર્થમા – મુખ્યત્વે આધ્યાત્મિક અથવા મુખ્યત્વે સંચાલકીય – તરીકે જુદી પાડી અથવા તેમની વચ્ચે ભેદ કરી અમે એવું સૂચવતા નથી કે સંચાલકીય સત્તા આધ્યાત્મિક સત્તાથી વિપરીત છે. અમે એમ પણ નથી સૂચવતા કે આધ્યાત્મિક સત્તા કોઈ કારણથી વધુ વિશેષાધિકૃત અથવા સ્વભાવથી વધુ શુધ્ધ છે.

---

[૧] પત્રકાર સાથે ખંડમાં વાર્તાલાપ , લોસ એન્જલસ, જુન ૪, ૧૯૭૬

"સંચાલન પણ આધ્યાત્મિક પ્રવૃત્તિ છે.... તે કૃષ્ણની સ્થાપના છે."[૨]

"આપણા પ્રચાર કાર્યમાં.....આપણે અનેક સંપતિ તથા ધન સાથે વ્યવહાર કરીએ છે અને અનેક પુસ્તકો ખરીદાય છે અને વેચાય છે, પરંતુ આ વ્યવહારો કૃષ્ણભાવનામૃત આંદોલનને બધી રીતે અનુલક્ષીને છે, તેથી તેમને ભૌતિક માનવા જોઈએ નહીં. એક ભક્ત જે આ પ્રકારના સંચાલનના વિચારોમા મગ્ન હોય તો તેનો અર્થ એમ નથી થતો કે તે કૃષ્ણભાવનામૃતની બહાર છે. જો કોઈ દરરોજ મહામંત્રની ૧૬ માળાના જપ કરવાના નિયમિત સિદ્ધાંતને ચુસ્તપણે પાલન કરે તો કૃષ્ણભાવનામૃત આંદોલનનો વિસ્તાર કરવા ભૌતિક જગત સાથેના તેના વ્યવહારો કૃષ્ણભાવનામૃતના આધ્યાત્મિક વિકાસથી ભિન્ન નથી. "[3]

એક આધ્યાત્મિક સંસ્થામાં એક સંચાલક તેમના કર્તવ્યને માત્ર જાહેરાત કરી અથવા નિયમો લાદીને પાર પાડી શકે નહીં. નિયમોને પણ એક આધ્યાત્મિક આધાર અવશ્ય હોવો જોઈએ અને તેનું અમલીકરણ અને આગ્રહ વૈષ્ણવ સિદ્ધાંતોને અનુરૂપ અવશ્ય હોવો જોઈએ. જે સંચાલકો આ પ્રકારની સમજપૂર્વક સેવા કરે છે તેઓ સામાન્ય રીતે તેમની જવાબદારી હેઠળ રહેલા લોકો માટે આધ્યાત્મિક અધિકારી તરીકેના સંપૂર્ણ ભારનું વહન કરે છે.

તેથી "આધ્યાત્મિક" અને "સંચાલકીય" વચ્ચેની એકતા આપણે સમજવી જોઈએ. પરંતુ તેમાં થોડો ભેદ પણ છે, અને આ એકસાથે એકતા અને ભિન્નતાને સમજવા બે અલગ શબ્દોની તેમના ખુલાસા સાથે જરૂર રહે છે.

## આધ્યાત્મિક અધિકારી વર્ગ

આધ્યાત્મિક અધિકારી વર્ગની શરુઆત ભગવાન શ્રી કૃષ્ણની કૃપાથી થાય છે અને તે બ્રહ્મા, નારદ, વ્યાસ અને સમગ્ર ગુરૂ-શિષ્ય પરંપરા મારફતે આપણા સંસ્થાપક આચાર્ય શ્રીલ પ્રભુપાદ સુધી ચાલુ રહે છે.

---

[૨] ખંડમાં વાર્તાલાપ, જાન્યુઆરી ૧૬, ૧૯૭૭ કલકત્તા

[3] શ્રીમદ્ ભાગવતમ ૫.૧૬.3 ભાવાર્થ

જેઓ આપણા સંપ્રદાય પ્રત્યે વિનમ્ર છે અને જેઓ જીબીસીની સત્તા હેઠળ સેવા કરી રહ્યાં છે તેઓ ઇસ્કોનના આશ્રય હેઠળ આ આધ્યાત્મિક પરંપરામાં શિક્ષા અને આશ્રય આપવા માટે અધિકૃત છે. આ આધ્યાત્મિક વર્ગમાં ગવર્નીંગ બૉડી કમિશ્નરર્સ, જીબીસી પ્રાદેશિક સચિવો, ગુરૂઓ, સંન્યાસીઓ, વિભાગીય સચિવો, મંદીરના પ્રમુખો, ગ્રહસ્થ ભકતોના આગેવાનો, અને બન્ને સામૂદાયિક તથા યાત્રિક પ્રચારકોનો સમાવેશ થઈ શકે છે. વાસ્તવમાં, જે કોઈ ઉદાહરણ દ્વારા અથવા સૈદ્ધાંતિક એમ બંને રીતે અધિકૃત ગુરૂને ચુસ્તપણે અનુસરે છે તે આધ્યાત્મિક અધિકારી વર્ગનું પ્રતિનિધિત્વ કરવા અધિકૃત છે.

સામાન્ય રીતે કહીએ તો, સૌથી અગ્રેસર આધ્યાત્મિક અધિકારી વ્યક્તિના દીક્ષા કે શિક્ષા ગુરૂ હોય છે. શાસ્ત્રો સ્પષ્ટપણે કહે છે કે ભક્તોએ ગુરૂઓ પ્રત્યે વફાદાર રહેવું અને તેમના આદેશોનું પાલન કરવું જોઈએ. આધ્યાત્મિક ગુરૂઓ તેમના શિષ્યો પર પોતાની સત્તા અમલમાં મૂકે છે અને આ પ્રમાણે કાર્ય કરાવનાર ગુરૂઓ તેમના શિષ્યોની ભક્તિના વિકાસમાં તેમને તાલીમ આપવા અને પ્રશિક્ષિત કરવા સમર્થ હોય છે. તેથી આધ્યાત્મિક ગુરૂઓ તેમના શિષ્યોને કૃષ્ણભાવનામૃતમાં પ્રગતિ કરવા માટે જરૂરી આધ્યાત્મિક પ્રશિક્ષણ અને પ્રેરણાઓ આપવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ગ્રહણ કરે છે.

## સંચાલકીય અધિકારી વર્ગ

સંચાલકીય અધિકારી વર્ગમાં, અને શ્રીલ પ્રભુપાદની આજ્ઞાઓને અનુરૂપ, સંસ્થાની તથા તેના નિયમોના અમલીકરણની દેખરેખ જીબીસી દ્વારા ચલાવવામાં આવે છે. જ્યારે અમે “સત્તા” શબ્દનો તેના સંચાલકીય માળખામાં ઉપયોગ કરીએ છીએ ત્યારે અમારો અર્થ કોઈ સર્વોચ્ચ અથવા અવિચર સત્તા-જેમ કે શાસ્ત્રોની સત્તા-તરીકે નથી પરંતુ એક પ્રચારના આંદોલનને વ્યવસ્થિત કરવાનો કાયદેસરનો અધિકૃત આદેશ છે જેથી તે શ્રીલ પ્રભુપાદની આજ્ઞાઓ અંતર્ગત રહે. કાયદેસરના અધિકૃત આ આદેશોનું પાલન કરવા શ્રીલ પ્રભુપાદ દ્વારા અપાયેલી ઇસ્કોનની સંચાલકીય પદ્ધતિને તેમના અનુયાયીઓએ ગ્રહણ કરી છે જે મંદિરનો પ્રસાર, ગૃહસ્થ ભક્તો (જેઓ મંદિરના રહેવાસી નથી તેઓ), કૃષિ યોજનાઓ તથા ગુરૂકુલો, તેમજ અન્ય અનુકુળ સંસ્થાઓ અને તંત્રો પર ધ્યાન રાખે છે. આમ, આ વિસ્તરણ ક્ષેત્ર અને તેના સભ્યોને સારી રીતે સેવા આપવા હાલમાં આ માળખામાં વિવિધ પ્રાદેશિક, રાષ્ટ્રીય અને ખંડીય ગવર્નિંગ બોડીનો સમાવેશ થાય છે જે ગવર્નિંગ બોડી કમિશ્નર્સ, જીબીસી ઝોનલ સચિવો, ગુરૂઓ, સંન્યાસીઓ, પ્રાદેશિક સચિવો, મંદિરના

પ્રમુખો, ગૃહસ્થ ભક્તોના આગેવાનો અને યાત્રિક તથા સામુદાયિક પ્રચારકોની બનેલી છે પરંતુ તેનાથી મર્યાદિત નથી.

## વણાંક બિંદુની વ્યાખ્યા

એક આદર્શ વિશ્વમાં દરેક વસ્તુ ઇસ્કોન માટેની શ્રીલ પ્રભુપાદની દ્રષ્ટિ અનુસાર કામ કરશે તેમ છતાં અમે એક વર્ગની સત્તામાં બીજા વર્ગની સત્તાની દખલગીરીની વૃત્તિઓ જોઈ છે.

દા.ત., એવા અમુક આધ્યાત્મિક અધિકારીઓ છે જેઓ ક્યારેક સક્ષમ અને જવાબદાર સંચાલકોમાં દખલગીરી કરે છે. તેઓ પોતાને તે સ્થાનોના ઝોનલ સંચાલકીય માળખાના ભાગ તરીકે ગણતા નથી જે સ્થાનોમાં તેમના પ્રચારથી પ્રભાવ પડ્યો છે (વાસ્તવમાં તે તેમાં જવાબદાર હોવા છતાં), પરંતુ તેમ છતાં તેઓ તે માળખામાં હજુ પણ પ્રત્યક્ષ રીતે કે અપ્રત્યક્ષ રીતે અમુક યોજના(ઓ)નું સંચાલન કરી રહ્યા છે.

એથી ઘણીવાર તેઓ ભક્તોનું, ધનનું, તેમના અનુયાયીઓ અને આશ્રિતો[૪] તેના માટે જવાબદાર હોય તેવી યોજનાઓનું પણ સંચાલન કરે છે, જેના માટે તેઓ સંચાલકીય માળખા સાથે કોઈપણ સ્પષ્ટ કરાર કરતાં નથી અને એમ કરીને તેઓ તેને તોડે છે. આમ કરીને તેઓ તેમના આશ્રિતોની સેવાને અને એ રીતે તેમની વફાદારીને તેમના આધ્યાત્મિક અધિકારીઓના નિજી સંચાલકીય માળખા તરફ દોરવા પ્રોત્સાહિત કરે છે અને આમ કરી તેઓ બેદરકારીથી સંચાલકીય અધિકારી વર્ગને હાનિ પહોંચાડે છે.

આ દ્રષ્યથી માત્ર મૂંઝવણ જ નહીં પરંતુ ભાગલાવાદની ભાવના પણ ઉત્પન્ન થાય છે. જો કે વધુ નીચલા દરજ્જાના સંચાલકો ઘણી વખત પોતાની ફરીયાદો પ્રત્યક્ષ રીતે વ્યક્ત કરવાથી દૂર રહે છે. કારણ કે તેમને તેમનાથી અપરાધ થઈ જવાનો - ગુરૂ પ્રત્યે ખાસ કરીને - ભય હોય છે, તેમ છતાં આ પ્રકારની પરિસ્થિતિઓ સંચાલકો માટે તકરારનો મુદ્દો પણ બની શકે છે.

---

*[૪]·આશ્રિતો "માત્ર એવા લોકો જ નથી કે જેઓ આધ્યાત્મિક રીતે આશ્રિત છે. એવા પણ ઉદાહરણો છે જ્યારે ભક્તો આર્થિક રીતે પણ તેમના આધ્યાત્મિક અધિકારીઓ પર આશ્રિત છે અને તેમનો નાણાંકીય નિર્વાહ આધ્યાત્મિક અધિકારીઓએ જાતે બનાવેલા માળખા દ્વારા થઈ રહ્યો છે."*

બીજી બાજુ કેટલાક સંચાલકીય અધિકારીઓ પણ છે જેઓ ક્યારેક આધ્યામિક કાળજી પર્યાપ્ત રીતે પૂરી પાડતા નથી. આના દ્વારા પોતાના શિષ્યોને સંગ કે સેવા માટે વૈકલ્પિક સૂચન આપવા મારફતે આધ્યાત્મિક ગુરૂની દખલગીરીની વૃત્તિને ઇંધણ પ્રાપ્ત થાય છે.

ઉદાહરણ તરીકે, સંચાલકો ઘણીવાર તેમની સંભાળ હેઠળ રહેલા ભક્તોની સાધના, શુદ્ધ પ્રચાર કે ભક્તિમાં શુદ્ધતાના વિકાસને બદલે સંચાલકીય લક્ષ્યો ઉપર વધારે ભાર આપી શકે છે. સંચાલકો તેમના અધિકાર ક્ષેત્રમાં તેવા ભક્તોના આધ્યાત્મિક વિકાસને અવગણી શકે છે જેઓ તેમના સંચાલકીય હેતુઓને મદદ કરવા સાધનો પૂરા પાડતા નથી, ભલે પછી આ કહેવાતા સંચાલકોએ તેમને મદદ કરવા પ્રેરણા આપવા ખૂબ અલ્પ કાર્ય કર્યું હોય અથવા અન્ય અધિકારીઓને આમ કરવા માટે અધિકૃત કર્યા હોય.

## સંચાલકીય અધિકારી વર્ગ પ્રત્યે સન્માન

ઉપર જણાવેલા દ્રશ્યો આધ્યાત્મિક તથા સંચાલકીય અધિકારી વર્ગો વચ્ચે તણાવ ઉત્પન્ન કરે છે અથવા તણાવનું કારણ ઉત્પન્ન કરે છે.

અલબત, તે સમજી શકાય છે કે, આવી પરિસ્થિતિઓ જરૂર ઉભી થાય છે જ્યારે નાણાંકીય રીતે સ્વતંત્ર ભક્તો હોય જેઓને સ્થાનિક રીતે આયોજીત સંઘ સાથે સંચાલકીય રીતે કોઈ સંબંધ હોતો નથી. તેમ છતાં એવું ધારી ન લેવું જોઈએ કે, ગૃહસ્થ ભક્તો માટેની સ્થાનિક રીતે આયોજીત કાળજીની વ્યવસ્થામાં પ્રત્યેક ભક્ત અથવા પ્રત્યેક વ્યક્તિને સ્થાનિક સંચાલકીય માળખા દ્વારા સમાવેશ કરવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો નથી.

તેથી ઇસ્કોનના સંચાલકો દ્વારા બજાવવામાં આવતી સેવા પ્રત્યે આદર સાથે ગુરૂએ અન્ય સંચાલકીય નિર્ણયમાં દખલ કરતાં પહેલા અથવા તેમના શિષ્યોને નવા સંઘ અથવા સેવા માટેનું સૂચન કરતાં પહેલાં તેમના શિષ્ય જે સ્થાનોમાં રહેતા હોય તે વિસ્તારના અધિકાર ક્ષેત્રની દેખરેખ રાખનાર સંચાલકો પાસેથી હંમેશા મંજૂરી માંગવી જોઈએ.

અલબત, સૌથી સારું તો એ જ છે કે, શિષ્યોને તેમના સ્થાનિક સંચાલકોને આદર આપવાનો તાલીમ તેમના આધ્યાત્મિક ગુરૂ-શિષ્ય સંબંધની શરૂઆતથી જ આપવામાં આવે. અનેક ઇસ્કોન સંચાલકો મંદિરોની, વિગ્રહોની, પુસ્તકો વિતરણની અને શ્રીલ પ્રભુપાદ દ્વારા આપણને આપવામાં આવેલા અન્ય ધોરણોની સંભાળ રાખવાની જવાબદારી નિભાવી રહ્યા છે.

"વિગ્રહોની સ્થાપનાનો અર્થ થાય છે કે, સારા માટે અને ચૂક્યા વિના નિયમિત પૂજા કરવી."[૫]

તેથી ગુરૂઓએ તેમના શિષ્યોને તેમના સ્થાનિક નેતાઓ અને સંચાલકો સાથે સહકારયુક્ત થઈ શ્રીલ પ્રભુપાદના આંદોલનની સેવાઓ કરવાનું શિખવવું જોઈએ.

પરંતુ, એનો અર્થ એમ થતો નથી કે એક સંચાલકે એમ ધારી લેવું જોઈએ કે તેમની પાસે તેમની કાળજીમાં રહેલા લોકોની કાયદેસર જરૂરીયાતોને અવગણવાની સંપૂર્ણ સ્વતંત્રતા છે અથવા તેમની પાસે તે ગુરૂઓ દ્વારા વ્યક્ત કરવામાં આવેલી ચિંતાઓને અવગણવાની સંપૂર્ણ સ્વતંત્રતા છે જેમણે તેમના શિષ્યોની યોગ્ય કાળજી રાખવા માટે તેમને કહ્યું હોય. તેઓએ ગુરૂઓ તેમજ તેમના શિષ્યોની ચિંતાઓ પ્રત્યે સંવેદનશીલ હોવું જોઈએ.

તેમ છતાં જો ગુરૂઓ દૃઢપણે એવું અનુભવે કે તેમના શિષ્યોને આપવામાં આવેલી જવાબદારીઓ અને પ્રતિબધ્ધતાના સ્તરને ધ્યાનમાં લેતાં સ્થાનિક સંચાલકીય માળખામાં તેમના શિષ્યોની કાળજીનું સ્તર અપૂરતું છે, તો તેઓ તેમના શિષ્યો તરફથી ઉચ્ચ કક્ષાના સંચાલનને, સ્થાનિક જીબીસી કે અપીલ માટે ઇસ્કોનની અન્ય વિધિઓ મારફતે અપીલ કરી શકે છે જેની સૂચિ આ પત્રકમાં પાછળથી છે.

આ મુદ્દા પર વધુ ચર્ચા પછીથી થશે. પરંતુ આપણે તે કરીએ તે પહેલા આપણે સૌપ્રથમ શ્રદ્ધાના વિષયની ટૂંકમાં ચર્ચા કરીશું. અહીં જેની ચર્ચા કરવામાં આવી રહી છે તેવા વ્યાપક મુદ્દાઓ સાથે શ્રદ્ધાની સુસંગતતાને ધ્યાનમાં રાખવાથી બંને અધિકારી વર્ગોમાં રહેલાઓની સારી રીતે સેવા થશે.

## શ્રદ્ધાના સતત વિકાસ પર સત્તાનું નિર્માણ થાય છે

ઇસ્કોનની સૌથી મોટી સંપતિ તેના સભ્યોની શ્રદ્ધા છે. જો કોઈ મંદિરો, કોઈ યોજનાઓ, કોઈ આવક ન હોય અને માત્ર થોડાક જ અનુયાયીઓ હોય તો પણ જો શ્રદ્ધા હશે તો સમૃદ્ધિ તેના સાચા અર્થમાં જરૂર આવશે. શ્રીલ પ્રભુપાદે નિમ્નલિખિત પત્રમાં જે લખ્યું છે તેનો વિચાર કરો:

---

[૫] (શિવાનંદને પત્ર ૨ સપ્ટેમ્બર,૧૯૯૭)

“સંસ્કૃત સાહિત્યોમાં એવી કહેવત છે કે ઉત્સાહી વ્યક્તિઓ ભાગ્યદેવી લક્ષ્મીની તરફેણ પ્રાપ્ત કરે છે. વિશ્વના પશ્ચિમ ભાગમાં આ સૂત્રનું મૂર્ત ઉદાહરણ છે. વિશ્વના આ ભાગમાં લોકો ભૌતિક ઉન્નતિ માટે અત્યંત ઉત્સાહી છે અને તેમણે તે પ્રાપ્ત પણ કરી છે. તેવી જ રીતે, શ્રીલ રૂપ ગોસ્વામીની આજ્ઞાઓ અનુસાર, જો આપણે આધ્યાત્મિક બાબતોમાં ઉત્સાહી બનીશું, તો આપણે પણ તેવી જ રીતે સફળતા પ્રાપ્ત કરીશું. ઉદાહરણ તરીકે, હું મારી પરિપક્વ વૃદ્ધાવસ્થામાં તમારા દેશમાં આવ્યો હતો, મારી પાસે એક પૂંજી હતી; ઉત્સાહ અને મારા આધ્યાત્મિક ગુરૂમાં શ્રદ્ધા. મને લાગે છે કે, આ પૂંજી મને થોડી આશાનું કિરણ આપે છે. તમારા સહયોગથી મેં અત્યાર સુધી જે કાંઈ પ્રાપ્ત કર્યું છે તે માત્ર આ પૂંજી દ્વારા પ્રાપ્ત કર્યું છે.”[૬]

અને “ભગવદ્ ગીતા તેના મૂળ રૂપે” ૯.૩ના પોતાના ભાવાર્થમાં શ્રીલ પ્રભુપાદ લખે છે: “કૃષ્ણભાવનામૃતમાં પ્રગતિ માટે શ્રદ્ધા અત્યંત મહત્ત્વનું તત્ત્વ છે .... માત્ર શ્રદ્ધા દ્વારા જ મનુષ્ય કૃષ્ણભાવનામૃત પ્રગટ કરી શકે છે.”

જેઓ આધ્યાત્મિક અધિકારી વર્ગમાં રહેલા છે તેઓએ તેમનો આચાર અને પ્રચાર એવી રીતે કરવો જોઈએ કે જેના દ્વારા તેઓ ઇસ્કોનમાં, તેમના સંચાલનમાં, શ્રીલ પ્રભુપાદમાં, આપણા સંપ્રદાયમાં અને શુદ્ધ ભક્તિમાં તેમના આધારીતોની શ્રદ્ધાને પોષણ અને રક્ષણ આપે. ગુરૂઓની વધારાની જવાબદારી એ પણ છે કે તેઓ ઇસ્કોનના સંચાલકોની શ્રદ્ધાનું રક્ષણ અને પોષણ કરે કે તેઓ (ગુરૂઓ) આધ્યાત્મિક અધિકારી વર્ગના પ્રતિનિધિઓ થવા માટે યોગ્ય છે. જો ગુરૂઓ વિપરિત રીતે વર્તન કરે તો તેઓ બીજાની શ્રદ્ધાઓનો નાશ કરશે.

તેનાથી વિપરીત, જેઓ સંચાલકીય અધિકારી વર્ગમાં છે તેઓએ સંચાલન, પ્રચાર અને આચરણ એવી રીતે કરવું જોઈએ કે જેનાથી તેઓ આધ્યાત્મિક અધિકારી વર્ગના લોકો અને તેમના શિષ્યોના વિશ્વાસનું નિર્માણ કરી તેને ટકાવી રાખે. જ્યારે ગુરૂઓ એમ જુએ છે કે સંચાલકો તેમની કાળજીમાં રહેલા ભક્તોની વાસ્તવિક ચિંતા કરી રહ્યા છે ત્યારે સ્વાભાવિક રીતે તેઓ તેમના શિષ્યોને સંચાલકને તેમની સેવામાં મદદ કરવા પ્રોત્સાહિત કરશે. પરંતુ જો સંચાલકો આધ્યાત્મિક સિધ્ધાંતોથી વિપરિત રીતે કાર્ય કરે, અને તેમની જવાબદારી હેઠળ રહેલા ભક્તોના આધ્યાત્મિક હિતોનો વિરોધ કરે તો તેઓ પણ બીજાઓની શ્રદ્ધાનો નાશ કરશે.

---

[૬] *(જય ગોવિંદને પત્ર, ટીટાન હર્ટ્સ, ૧૫ ઓક્ટોબર ૧૯૬૯)*

તેથી ઇસ્કોનના બધા જ સભ્યોની શ્રદ્ધાને સુરક્ષિત કરવા તે જરૂરી છે કે અમે બંને અધિકારી વર્ગોને પાલન કરવા માટેના સ્પષ્ટ સિદ્ધાંતોનું વર્ણન કરીએ.

## આધ્યાત્મિક ગુરૂઓ સ્વતંત્ર નથી

વધુ સારી રીતે વ્યાખ્યાયિત સિદ્ધાંતો દાખલ કરવાની જરૂર સ્પષ્ટ કરવા અમે ઇસ્કોનના સંચાલકીય માળખામાં આધ્યાત્મિક ગુરૂઓના સ્થાનની તપાસ કરીશું.

જ્યારે શ્રીલ પ્રભુપાદ શારીરિક રીતે ઉપસ્થિત હતા ત્યારે તેઓ ઇસ્કોનના એકમાત્ર દીક્ષા ગુરૂ, તેના પૂર્વ પ્રતિષ્ઠિત શિક્ષા ગુરૂ અને જીબીસીથી ઉપર સર્વોચ્ચ સંચાલકીય સત્તા હતા:

"[...] આપણે જીબીસી, ગવર્નીંગ બૉડી કમિશ્નરર્સ દ્વારા કૃષ્ણભાવનામૃત આંદોલનનું સંચાલન કરી રહ્યા છીએ. આપણી પાસે સમગ્ર વિશ્વનો કાર્યભાર સંભાળવા આશરે ૨૦ જીબીસી છે અને તે જીબીસીથી પર હું છું. જીબીસીની નીચે દરેક કેન્દ્રમાં મંદિરના પ્રમુખ, સચિવ તથા ખજાનચી છે. તેથી મંદિરના પ્રમુખ જીબીસી પ્રત્યે જવાબદાર છે અને જીબીસી મારા પ્રત્યે જવાબદાર છે. આ પ્રમાણે આપણે સંચાલન કરી રહ્યા છીએ..."[૭]

શ્રીલ પ્રભુપાદની શારીરિક અનુપસ્થિતિમાં હાલમાં માળખું થોડું ઘણું બદલાઈ ગયું છે. કૃષ્ણકૃપામૂર્તિએ એવી આજ્ઞા કરી હતી કે જીબીસી ઇસ્કોનની સર્વોચ્ચ સંચાલકીય સત્તા હોવી જોઈએ. તેની સાથે જ તેમણે એવો નિર્દેશ કર્યો હતો કે સંસ્થામાં અનેક ગુરૂઓ હોવા જોઈએ:

"જે કોઈ વ્યક્તિ ચૈતન્ય મહાપ્રભુના આદેશોનું તેમના અધિકૃત પ્રતિનિધિના માર્ગદર્શનમાં રહી પાલન કરે છે તે એક આધ્યાત્મિક ગુરૂ બની શકે છે અને મારી એવી ઇચ્છા છે કે મારા બધા શિષ્યો મારી અનુપસ્થિતિમાં સમગ્ર વિશ્વમાં કૃષ્ણભાવનામૃતનો પ્રચાર કરવા અર્થે અધિકૃત આધ્યાત્મિક ગુરૂ બને."[૮]

---

[૭] *(વાસુદેવને પત્ર, ન્યુ વૃંદાવન, 30 જુન, ૧૯૭૬)*

[૮] *(મધુસુદનને પત્ર, નવદ્વીપ, ૨ નવેમ્બર, ૧૯૬૭)*

આનાથી એક પડકારરૂપ પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે. અનેક આધ્યાત્મિક સંસ્થાઓમાં એક જ આધ્યાત્મિક ગુરૂ સમગ્ર સંસ્થાના વડા તરીકે કામ કરે છે, જ્યારે ઇસ્કોન પાસે એક જ સંસ્થામાં અનેક ગુરૂઓ છે અને તેના ઉપરાંત સમગ્ર સંસ્થા માટે "સર્વોચ્ચ સંચાલકીય સત્તા" તરીકે "ગવર્નીંગ બોડી" કામ કરી રહી છે. જેઓ ઇસ્કોનમાં આધ્યાત્મિક ગુરૂ તરીકે સેવા આપી રહ્યા છે તેઓ માટે શ્રીલ પ્રભુપાદની આજ્ઞાઓનું પાલન કરવું અને જીબીસી બોડીની હેઠળ રહી કાર્ય કરવું જરૂરી છે.

આ રીતે આધ્યાત્મિક ગુરૂઓ સંસ્થાની નીતિઓ, તેના સંચાલનના નિર્ણયો તથા આચારસંહિતા, જેમાં આ જીબીસીમાન્ય પત્રકમાં જેની રૂપરેખા આપવામાં આવી છે તેનો પણ સમાવેશ થાય છે, તેનું પાલન કરવા માટે બાધ્ય છે. આ કર્તવ્યની સાથે તેમની બીજી એક જવાબદારીનો પણ સમાવેશ થાય છે કે શિષ્યોને માત્ર પોતાનો જ (ગુરૂઓનો) સંગ કરવા, અથવા તેમના દ્વારા આયોજીત સંઘમાં રહેવા કે તેવી યોજનાઓ કે જેને ઇસ્કોનના ઝોનલ સંચાલક માળખા સાથે કોઈ સંબંધ નથી તેની સાથે રહેવાની પ્રેરણા આપવાને બદલે તેમના શિષ્યો જે વિસ્તારમાં રહેતા હોય તે વિસ્તારમાં સ્થિત ઇસ્કોનના સંચાલકીય તથા ભક્તોની કાળજી માટેના સંઘોની સેવા કરવા તથા તેમનો સંગ કરવા પણ પ્રેરણા આપે.

## શિષ્યોએ તેમના અધિકારીઓ વચ્ચે અથડામણ ઉત્પન્ન કરવાથી દૂર રહેવું જોઈએ

શિષ્યોએ પણ ઇસ્કોનને અંતર્ગત વિસ્તૃત છબીને સમજવાનો પ્રયાસ કરવો જોઈએ. નિશ્ચિતપણે એક ગુરૂ કોઈપણ નિર્ધારિત જીબીસી સભ્ય અથવા અન્ય ઇસ્કોનના સંચાલક કરતાં આધ્યાત્મિક રીતે વધુ ઉન્નત હોઇ શકે (જ્યારે એવી પણ પરિસ્થિતિ હોઈ શકે કે એક વિશેષ ગુરૂ કરતાં સ્થાનિક જીબીસી અથવા કોઈ ઇસ્કોન સંચાલક આધ્યાત્મિક રીતે વધુ ઉન્નત હોઈ શકે).

તેમ છતાં સંસ્થાના આધ્યાત્મિક સંચાલનને ધ્યાનમાં રાખી જેવું અમે અગાઉથી સ્પષ્ટ રીતે દર્શાવી ચૂક્યા છીએ, તેમ શ્રીલ પ્રભુપાદે જીબીસીમાં અને તેના વ્યક્તિગત સભ્યોમાં તથા અન્ય ઇસ્કોન સંચાલકોમાં સત્તાનો સંચાર કરેલો છે.

જો એક શિષ્યને ખોટો દ્રઢ વિશ્વાસ થઇ ગયો કે તેના કે તેણીના ગુરૂ જીબીસી અને ઇસ્કોનના કાયદાઓથી અને નીતિઓથી પર છે, તો તેમના ગુરૂ અથવા અન્ય અધિકારીઓએ સુધારવા જોઈએ. નહીંતર, આ પ્રકારની ગેર-સમજ એવા કાર્યો તરફ દોરી જઈ શકે જેનાથી તેમના અથવા તેણીના આધ્યાત્મિક અને સંચાલકીય અધિકારીઓ વચ્ચે સંઘર્ષનો ઉદભવ થાય.

ખરેખર, બધા શિષ્યોએ તેમના ઇસ્કોન અધિકારીઓનું એવી જ રીતે પાલન કરવું જોઈએ જેવી રીતે બધા દીક્ષા અને શિક્ષા ગુરૂઓએ ઇસ્કોન અંતર્ગત તેમના પોતાના અધિકારીઓનું પાલન કરવું જોઈએ.

તેથી ઉદાહરણ દ્વારા અને સૈદ્ધાંતિક એમ બંને રીતે બધા આધ્યાત્મિક ગુરૂઓએ તેમના શિષ્યોને માત્ર ભક્તિના વિકાસમાં જ પ્રકાશિત કરી તાલીમ આપવી જોઈએ નહીં પણ તેમને તેમના ઇસ્કોનના સંચાલકીય માળખા સાથેના સંબંધો અને આધ્યાત્મિક ગુરૂના તે માળખા સાથેના અંગત સંબંધો વિષે પ્રશિક્ષિત કરી તાલીમ આપવી જોઈએ.

# રજૂ કરવામાં આવી રહેલા સિદ્ધાંતો

## ગુરૂના શિષ્યોનું પ્રશિક્ષણ

ઇસ્કોન અંતર્ગત આધ્યાત્મિક ગુરૂઓની એ જવાબદારી છે કે તેઓ તેમના પ્રત્યેક શિષ્યને નીચે પ્રમાણેની બાબતોને સ્પષ્ટ રીતે સમજવા માટે તેમની સહાય કરે:

૧. આધ્યાત્મિક ગુરૂ તેમની સત્તાનું સિંચન શ્રીલ પ્રભુપાદ પ્રત્યેની તેમની નિષ્ઠા દ્વારા કરે છે. આમાં શ્રીલ પ્રભુપાદના આંદોલન, ઇસ્કોનમાં તેમની આજ્ઞા (શ્રીલ પ્રભુપાદની આજ્ઞા) પ્રમાણે કાર્ય કરવાની નિષ્ઠાનો પણ સમાવેશ થાય છે.

૨. આધ્યાત્મિક ગુરૂ ઇસ્કોનના એક સભ્ય છે અને તેઓ તેના નેતૃત્વના સામૂહિક વસિયતનામા તરીકે જીબીસી બોડીને જવાબદાર છે.

૩. આધ્યાત્મિક ગુરૂ માત્ર પોતે આધ્યાત્મિક ગુરૂ હોવાને કારણે ઇસ્કોનની સાધન-સંપત્તિઓ પર પોતાનો કોઈ વિશેષાધિકાર મેળવી ન શકે. આ ઉપરાંત આધ્યાત્મિક ગુરૂઓએ તેમના અધિકારો અને વિશેષાધિકારોનો દુરુપયોગ કરવો જોઈએ નહીં.

૪. શિષ્યોએ તેમના ઇસ્કોન અધિકારીઓનું પાલન તેવી જ રીતે કરવું જોઈએ જેવી રીતે બધા જ શિક્ષા અને દીક્ષા ગુરૂઓ તેમના પોતાના ઇસ્કોન અધિકારીઓનું પાલન કરીને ઉદાહરણ પ્રસ્તુત કરે.

૫.	શિષ્યો પાસે ગુરૂના માધ્યમથી કૃષ્ણનું શરણ લેવાનું આવશ્યક કર્તવ્ય છે અને આ કર્તવ્યમાં તેમના આધ્યાત્મિક વિકાસની પ્રક્રિયામાં સહાય કરનારા ઇસ્કોનના સંચાલનમાં અન્ય ઉપરીને ઓળખીને તેમનો આદર કરવાનો સમાવેશ પણ થાય છે.

૬.	આધ્યાત્મિક રીતે સંચાલકો તે ભક્તો માટે મુખ્ય શિક્ષા ગુરૂઓ હોઈ શકે જેઓ તેમના દીક્ષિત શિષ્યો નથી અને દીક્ષા ગુરૂઓ દ્વારા આવા સંબંધને સંપૂર્ણ પ્રોત્સાહન મળવું જોઈએ.

## ગુરૂઓનું આચરણ

વધુમાં, સંચાલકીય અધિકારી વર્ગ પ્રત્યે આદર પ્રદર્શિત કરવા અને આધ્યાત્મિક અધિકારી વર્ગમાં સંચાલકોની શ્રદ્ધાના પોષણ અને રક્ષણને સહાયરૂપ થવા પ્રત્યેક આધ્યાત્મિક ગુરૂઓએ નીચે પ્રમાણે પાલન કરવું જોઈએઃ

૧.	એક માન્ય ઇસ્કોન મંદિર અથવા પ્રચાર કેન્દ્રની પ્રથમ મુલાકાતે અથવા પ્રાધાન્યતઃ ત્યાં આવતા પહેલા તેમણે સ્થાનિક સંચાલકને પૂછવું જોઈએ. તેઓ (આધ્યાત્મિક ગુરૂ) તેમની મુલાકાત દરમ્યાન તે યાત્રાને સેવા આપી શકે. (નહીં કે આધ્યાત્મિક ગુરૂ માત્ર તેમના પોતાના જ કાર્યો પાછળ પડેલા હોય).

૨.	કોઈ એવા ઝોન કે પ્રદેશ કે જ્યાં સ્થાનિક મંદિર કે પ્રચાર કેન્દ્ર ન હોય ત્યાંની મુલાકાતની યોજના બનાવતા પહેલા તેમણે સૌપ્રથમ ઝોનલ જીબીસીને પૂછવું જોઈએ કે શું ત્યાંના સ્થાનિક નેતાઓનું તે સ્થાન અથવા પ્રદેશ માટે કોઈ સ્વપ્ન કે લક્ષ્ય છે જેમાં તેઓ (આધ્યાત્મિક ગુરૂ) સેવા આપી શકે.

૩.	જો સંચાલકીય નિર્ણયોના સંબંધમાં કોઈ મતભેદ હોય તો તેમણે સંબંધિત અધિકારીઓ સાથે સહકારયુક્ત થવાનો પુરેપુરો પ્રયત્ન કરવો જોઈએ. જો કોઈ સહમતી સુધી પહોંચી શક્યા ન હોય તો આધ્યાત્મિક ગુરૂએ જરૂર હોય તો ઉચ્ચ અધિકારીઓને અપીલ કરવાના વિકલ્પ સાથે સંબંધિત અધિકારીના નિર્ણયને મુલતવી રાખવો જોઈએ.

## સંચાલકોની ફરજો

ઇસ્કોન અંતર્ગત સહકાર સ્થાપિત કરવા, આધ્યાત્મિક અધિકારી વર્ગ પ્રત્યે આદર દર્શાવવા, સંચાલકીય અધિકારી વર્ગમાં આધ્યાત્મિક ગુરૂઓ અને તેમના શિષ્યોની શ્રદ્ધાનું પોષણ અને રક્ષણ કરવા સહાયભૂત થવા સૌ સંચાલકોએ નીચે પ્રમાણેની બાબતો કરવી જોઈએઃ

૧. તેમણે તેમના અધિકાર ક્ષેત્રના વિસ્તારમાં મુલાકાત કરી રહેલા (ખાસ કરીને ભક્તોની સંભાળ સંબંધિત બાબતો માટે) દીક્ષા ગુરૂઓ તથા અન્ય પ્રવાસી પ્રચારકો દ્વારા આપવામાં આવતી સલાહો પ્રત્યે ગ્રહણશીલ થવું જોઈએ.

૨. દીક્ષા ગુરૂઓ અને શિક્ષા ગુરૂઓને સ્વીકારવા અને તેમની સેવા કરવાના સિદ્ધાંતમાં અને શુદ્ધ ભક્તિમાં તેમના આશ્રિતોની રહેલી શ્રદ્ધાનું રક્ષણ કરવું.

૩. તેમના સંચાલન ક્ષેત્રમાં ભક્તોની સંભાળ માટેની પદ્ધતિને (કાઉન્સીલર પદ્ધતિ, બ્રાહ્મણ માટેની સલાહ સમિતિ, વગેરે) ને આધાર આપવો અને પ્રોત્સાહન આપવું.

૪. તેમના અધિકારી વર્ગમાં રહેલા સંચાલકો પોતે પણ ભક્તોની સંભાળના સિદ્ધાંતમાં તાલીમબદ્ધ હોય તેની ખાત્રી કરવી.

૫. મુલાકાતી આધ્યાત્મિક ગુરૂઓને તેમના શિષ્યોના આધ્યાત્મિક સ્વાસ્થ્ય તથા એકંદરે તેમની સુખાકારી વિશે જાણ કરવી.

૬. જેઓ જરૂરીયાતમંદ હોય અને જેઓ તેમના ગુરૂઓની મદદ પ્રત્યેનો સૌથી વધુ પ્રતિભાવ આપે તેવા શિષ્યો સુધી મુલાકાતી આધ્યાત્મિક ગુરૂઓ અને અન્ય પ્રવાસી પ્રચારકોને પહોંચાડવામાં મદદ કરવી અને પ્રોત્સાહન આપવું.

૭. દીક્ષાની ભલામણ માટે એક ન્યાય સંગત પદ્ધતિ હોય તેની ખાત્રી કરવી, જે કોઈ સંચાલકીય લાભ માટે સ્થાનિક સંચાલન દ્વારા કોઈ અનાધિકૃત દબાણ અથવા કોઈ આ પ્રકારના વ્યવહારને માફ કરતી ન હોય.

**સારાંશ**

ભક્તોના આધ્યાત્મિક જીવનના સંપૂર્ણ વિકાસને પ્રોત્સાહન આપવા શ્રીલ પ્રભુપાદે ઇસ્કોન માટે સ્પષ્ટ અધિકારી વર્ગવાળુ એક સંચાલકીય માળખું બનાવ્યું છે. ઇસ્કોનના દરેક સભ્યએ આ માળખાનો આદર કરવો જોઈએ અને તેના હેઠળ રહી કાર્ય કરતાં શીખવું જોઈએ. સંચાલકીય માળખાનું ધ્યેય આધ્યાત્મિક છે : ઇસ્કોનના સભ્યોને ભક્તોનો સંગ, સેવાની તકો અને અસરકારક પ્રચારની વ્યૂહરચનાઓ દ્વારા આધ્યાત્મિક વિકાસની સુવિધા પૂરી પાડવી. તેની સાથે સાથે, ઇસ્કોન એક આધ્યાત્મિક ગુરૂ પાસેથી દીક્ષા લેવાના મૂળભૂત મહત્ત્વનું સમર્થન કરે છે.

નિસંદેહ આપણા સંસ્થાપકાચાર્ય શ્રીલ પ્રભુપાદનું મહત્ત્વ સર્વોચ્ચ છે જેઓ ઇસ્કોનમાં અનેક ભક્તોના દીક્ષાગુરૂ છે અને વર્તમાન અને ભવિષ્યમાં પ્રત્યેક ભક્તના સર્વોપરી શિક્ષાગુરૂ છે. તે સાથે જ ઇસ્કોનમાં હાલ સેવા આપી રહેલા અનેક દીક્ષા અને શિક્ષા ગુરૂઓ પણ મહત્ત્વના છે.

બધા ગુરૂઓ અને તેમના શિષ્યોઓ પણ તેવી જ રીતે આપણી સંસ્થામાં અનેક સંચાલકોનાં મહત્ત્વની કદર કરવી જોઈએ જેઓ તેમની આધ્યાત્મિક પ્રગતિ માટે ઇસ્કોન દ્વારા અપાતી સુવિધાઓની દેખરેખ રાખે છે અને શિષ્યોને માર્ગદર્શન અને તાલીમ આપવામાં મદદ કરે છે. ઇસ્કોનની સંચાલકીય પદ્ધતિ હેઠળ બધા ગુરૂઓ અને તેમના શિષ્યોએ સહકારપૂર્વક કાર્ય કરવું જોઈએ જેથી તેમને પણ આધ્યાત્મિક લાભ થાય અને સંસ્થાના વિકાસ માટે પણ મદદ મળે.

આવી સહકારપૂર્વક અને પરસ્પર આદર આપવાની ભાવના સંસ્થાની એકતાને જાળવી રાખવા, શ્રીલ પ્રભુપાદને પ્રસન્ન કરવા અને સંકિર્તન આંદોલનનો વિસ્તાર કરવા માટે સર્વશ્રેષ્ઠ ઉપાય છે.

ભગવાન શ્રી ચૈતન્યના મનોભાવમાં શ્રીલ પ્રભુપાદે ઇચ્છા કરી હતી કે સંકિર્તન આંદોલનનો વિસ્તાર સમગ્ર વિશ્વમાં થાય, “દરેક શહેર અને ગામમાં”. તેમણે આ ઇચ્છા તેમની સતત મુસાફરી, લેખનકાર્ય અને વાણી દ્વારા દર્શાવી હતી. તેમણે તેમના શિષ્યોને દૂર-દૂર કેન્દ્રો ખોલવા, તેમના પુસ્તકોનું વિતરણ, આકર્ષક ઉત્સવોની વ્યવસ્થા કરવા, પ્રસાદ વિતરણ કરવા વગેરેની વિનંતી કરી હતી. શ્રીલ પ્રભુપાદની ઇચ્છા હતી કે ચૈતન્ય મહાપ્રભુની કૃપારૂપી આશીર્વાદના ચન્દ્રનો ઉદય કરવા ઇસ્કોન સતત વિસ્તૃત થતું રહે.

આ જ હેતુથી શ્રીલ પ્રભુપાદે એક સંચાલકીય માળખા સાથેની આધ્યાત્મિક સંસ્થા તરીકે ઇસ્કોનની સ્થાપના કરી હતી. આ માળખાનો હેતુ ભક્તોને આશ્રય અને આધ્યાત્મિક પોષણ અર્પણ કરવા અને સંકિર્તન આંદોલનનો વિસ્તાર તથા તેને ટેકો આપવા તેમણે સ્થાપિત કરેલા ધોરણોને જાળવી રાખવાનો છે. શ્રી શ્રી ગૌર નિતાઇની કૃપા બદ્ધજીવો સુધી પહોચાડીને શ્રીલ પ્રભુપાદને પ્રસન્ન કરવા માટે ઇસ્કોનમાં દરેક વ્યક્તિએ – ગુરૂઓ, શિષ્યો અને સંચલાકોએ આ માળખા હેઠળ સહકારપૂર્વક કાર્ય કરવું જોઈએ.

# પરિશિષ્ટ – ૮

# ઇસ્કોન શિષ્ય અભ્યાસક્રમ પર જીબીસીનો ઠરાવ

## ઠરાવ (માર્ચ ૨૦૧૪)

ઇસ્કોન શિષ્ય અભ્યાસક્રમ જીબીસી ગુરૂ સેવા સમિતિ દ્વારા વિકસાવવામાં આવેલ છે. એક ઇસ્કોન ગુરૂ દ્વારા પ્રથમ કે દ્વિતિય દીક્ષા સ્વીકારનાર બધા ભક્તો માટે એક ફરજીયાત પૂર્વ શરત રહેશે, જે જન્માષ્ટમી ૨૦૧૫થી અસરમાં છે. તે તારીખ પછી કોઈ ગુરૂ એવા શિષ્યો જેમને અભ્યાસક્રમ પૂર્ણ કર્યો નથી તેમને દીક્ષા આપશે નહીં, આ નવી દીક્ષા માટે વર્તમાન જરૂરિયાતોમાં ઉમેરો છે.

વધુમાં બધા જીબીસી સભ્યો અને મંદિર પ્રમુખોએ તેમના સંબંધિત વિસ્તારોમાં ખાતરી કરવી જોઈએ કે જન્માષ્ટમી ૨૦૧૫ સુધીમાં:

- ભક્તોને સલાહ અને પ્રોત્સાહન આપવું કે દીક્ષા ગુરૂ પસંદ કર્યા પહેલા ઇસ્કોન શિષ્ય અભ્યાસક્રમ પૂરો કરવો.
- ભક્તોને શિષ્ય અભ્યાસક્રમની નોંધણી માટે વાજબી સુવિધા હોવી.
- અભ્યાસક્રમ શીખવવા માટે શિક્ષકોની પૂરતી સંખ્યા હોવી.
- કોઈ ભક્ત અભ્યાસક્રમ પૂર્ણ કર્યા પહેલા દીક્ષા સ્વીકારવા માટે માન્ય ન હોય.

  (છૂટ આપવા વિષય નીચે આપેલ છે.)

  ઇસ્કોન શિષ્ય અભ્યાસક્રમના શિક્ષકો :

1. ઓછામાં ઓછા ૫ વર્ષ માટે દીક્ષિત હોય.
2. ઇસ્કોન શિષ્ય અભ્યાસક્રમ પૂર્ણ કર્યો હોય.
3. તેમના ઇસ્કોન શિષ્ય અભ્યાસક્રમના શિક્ષકો દ્વારા તેમણે ભલામણ પ્રાપ્ત કરી હોય.
4. વી.ટી.ઇ . શિક્ષક તાલીમ અભ્યાસક્રમ ૧ (ટીટીસી ૧)* અથવા સમકક્ષ તાલીમ અથવા અનુભવ હોય.

*ટીટીસી૧ની જરૂરીયાત માટે મુક્તિ સંભવિત શિક્ષકની પરિપક્વતા અને શિક્ષણ આપવાની કુશળતાની આકારણીના આધારે સ્થાનિક જીબીસી ઝોનલ સેક્રેટરી દ્વારા મંજૂર કરી શકાય છે. માયાપુર સંસ્થા જીબીસી માટે આ મૂલ્યાંકન થઇ શકે તેના માપદંડની યાદી પૂરી પાડશે.

5. તેમના સ્થાનિક જીબીસી પ્રતિનિધિ દ્વારા તેમને માન્યતા પ્રાપ્ત થયેલી હોય.
6. જીબીસી ગુરૂ સેવા સમિતિ દ્વારા મંજૂરીત અધિકૃત અભ્યાસક્રમ, માર્ગદર્શિકા અને અન્ય સામગ્રીમાંથી શીખવાડવું.

અશિક્ષિત ભક્તો અભ્યાસક્રમમાં ભાગ લેવા આવકાર્ય છે. સમાપ્તિ પર તેઓને શિક્ષકની વિવેકશક્તિ પ્રમાણે ન્યુનતમ મૌખિક પરીક્ષા પસાર કરવાની રહેશે. દુર્બળતા અથવા માંદગીના જૂજ કિસ્સાઓમાં સંભવિત શિષ્યના અભ્યાસક્રમ પૂર્ણ કરવા માટેની જરૂરિયાતો સ્થાનિક મંદિર પ્રમુખ દ્વારા માફ થઇ શકે છે.

જીબીસી સભ્યો જેમને તેમના અધિકાર ક્ષેત્રમાં અપવાદરૂપ સંજોગોને કારણે અમલીકરણ માટે વધુ સમયની જરૂરીયાત હોય, તેઓ એક વર્ષ વિસ્તરણની મંજૂરી માટે જીબીસી કારોબારી સમિતિ જુલાઈ ૩૧, ૨૦૧૫ પહેલા એક વિનંતી આપી શકે છે.

# પરિશિષ્ટ – ૯
# ઇસ્કોન માટે દીક્ષા ગુરૂ પદ્ધતિનાં નિર્માણ માટેના સિદ્ધાંતો

ઇસ્કોન સ્થાન પત્રક, જીબીસી ઠરાવ – ૩૧૨ (માર્ચ ૨૦૧૭)

આ પત્રક, સંસ્થા હેઠળના ભક્તો માટે દીક્ષા ગુરૂની સેવા સ્વીકાર કરવાની પદ્ધતિનું નિર્માણ કરવા ઇસ્કોનની ગવર્નીંગ બોડી કમીશન (જીબીસી)ની સત્તાને સમજાવે છે જે સિદ્ધાંતો પાછળની પદ્ધતિ પર કેન્દ્રિત છે.

અનેક લેખિત અને વાંચીક ઉપદેશો દ્વારા શ્રીલ પ્રભુપાદે અત્યંત સ્પષ્ટ કર્યું છે કે તેમનાં અંતર્ધાન પછી જીબીસીએ ઇસ્કોનની સર્વોચ્ચ સંચાલકીય સત્તા તરીકે સેવા કરવી જોઇએ. તેમના વસિયતમાં તેઓ જણાવે છેઃ

> ૧. ગવર્નીંગ બોડી કમીશન (જીબીસી) સમગ્ર આંતરરાષ્ટ્રિય કૃષ્ણભાવનામૃત સંઘની સંચાલકીય સત્તા રહેશે.

(એલ.ડી.- ૬, વસિયતની ઘોષણા, જૂન ૧૯૯૭)

વૈદિક સાહિત્યમાં આપણે એવા કોઇ વિશિષ્ટ સંદર્ભો પ્રાપ્ત કરી શકતા નથી જે એક સંચાલનની પદ્ધતિનું વર્ણન કરતાં હોય જેમાં વૈષ્ણવો એક કેન્દ્રિય સત્તા હેઠળ કામ કરતા હોય, જેમ કે જીબીસી, તેમ છતાં શ્રીલ પ્રભુપાદે આનું નિર્માણ કર્યું. આમ કરવામાં તેઓ તેમના ગુરૂ મહારાજ શ્રીલ ભક્તિસિદ્ધાંત સરસ્વતી ઠાકુરની આજ્ઞાને અનુસર્યા, જેમણે પોતાના શિષ્યોને એક ગવર્નિંગ બોડી બનાવવા કહ્યું હતું. આનાં મહત્ત્વની ચર્ચા ચૈતન્ય ચરિતામૃતમાં આદિ ૧૨.૫નાં ભાવાર્થમાં થઇ છેઃ

> *પોતાના દેહવિલોપન સમયે ભક્તિસિદ્ધાંત સરસ્વતી ઠાકુરે પોતાના બધા શિષ્યોને કાર્યવાહી સમિતિ (ગવર્નીંગ બોડી) રચી અને સહાકારપૂર્વક આંદોલનની પ્રવૃત્તિઓ આદરવા વિનંતિ કરી હતી. તેમના પછી આચાર્યપદ માટે કોઇ એક વિશિષ્ટ વ્યક્તિનું સૂચન તેમણે કર્યું ન હતું. પરંતુ તેમના વિદેહ થયા પછી તરત જ તેમના પ્રમુખ મંત્રીઓએ અનધિકૃત પણે આચાર્યપદ મેળવવાની યોજનાઓ ઘડી અને તેમના પછી કોણ આચાર્ય બને તે ઉપર બે પક્ષ પડયાં.*

તેવી રીતે, સંન્યાસ અથવા દીક્ષા ગુરૂ જેવી આધ્યાત્મિક ઉપાધિઓને સમર્થન કે અધિકૃત કરવા વૈષ્ણવ સંસ્થાઓ માટે વૈદિક શાસ્ત્રોમાં આપણે કોઇ દિશાસૂચન પ્રાપ્ત કરતાં નથી. આવી પ્રક્રિયાઓને સ્થાપિત કરવાં જીબીસીની કાયદેસરતા માટે અમારા પૂરાવામાં શ્રીલ પ્રભુપાદના ઉપદેશો અને પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. સંન્યાસ ઉમેદવારોને મંજૂરી આપવા જેવા આવા મહત્ત્વના કાર્યો અંગે શ્રીલ પ્રભુપાદે અમારી સાથેના તેમના સમયમાં ધીમે ધીમે આ કાર્ય જીબીસીને આપી દીધું હતું. ઇસ્કોનનાં પ્રારંભિક વર્ષોમાં શ્રીલ પ્રભુપાદે તેવા લોકોને વ્યક્તિગતરૂપે સંન્યાસ આપ્યો હતો જેઓ તેમની દ્રષ્ટિથી યોગ્ય હતા. પાછળથી તેમણે જીબીસી બોડીને સંભવિત સંન્યાસીઓનું મૂલ્યાંકન કરવાની પદ્ધતિનું નિર્માણ કરવા કહ્યું હતું.

> *સંન્યાસ લેવા માટે તમે તમારા જીબીસી સભ્યનો સંપર્ક કરી શકો છો, કારણ કે, આપણે એક નવી નીતિ શરૂ કરી રહ્યા છીએ, જેમાં સંન્યાસ ઉમેદવાર જીબીસી દ્વારા નિર્ધારિત થયેલી ચોક્કસ જરૂરિયાતોને પૂરી કરતાં હોવાં જોઇએ.*
>
> (દાનવીરને પત્ર, ૬ ફેબ્રુઆરી ૧૯૭૩)
>
> *સંન્યાસ લેવાની ઇચ્છા રાખનારાઓ માટે તમારો કાર્યક્રમ મેં મંજૂર કર્યો છે અને મારી વિનંતી છે કે તમે કંઇક વાસ્તવિક બનાવો અને અન્ય તમામ જીબીસી સભ્યોમાં તેને વિતરીત કરો તથા તમારી વચ્ચે તમે નક્કી કરી શકો કે કોણ સંન્યાસ લેશે.*
>
> (સત્સ્વરૂપને પત્ર, ૧૦ ફેબ્રુઆરી ૧૯૭૩)

શ્રીલ પ્રભુપાદના તિરોભાવ પછી સંન્યાસ સેવાઓ માટેનાં જીબીસી મંત્રાલયે સંન્યાસ માટેના ઉમેદવારોની આકારણી અને તાલીમ માટે પદ્ધતિઓ વિકસાવી છે અને તેમના માટે જીબીસીની અંતિમ મંજૂરી માટે જીબીસીને ભલામણ કરી છે.

જેવી રીતે શ્રીલ પ્રભુપાદે સ્થાપિત કર્યું કે સંભવિત સંન્યાસીઓની યોગ્યતાઓનું મૂલ્યાંકન થવું જોઇએ, તેવી રીતે તેમણે તેવો નિર્દેશ કર્યો હતો કે દીક્ષા ગુરૂઓમાં પણ ચોક્કસ યોગ્યતાઓ હોવી જોઇએ.

શ્રીલ પ્રભુપાદે એવી અપેક્ષા રાખી હતી કે તેમનાં શારીરિક અંતર્ધાન પછી તેમનાં શિષ્યો ગુરૂઓ તરીકે સેવા કરી અને પરંપરામાં શિષ્યોનો સ્વીકાર કરી ગુરૂ-શિષ્ય પરંપરા અવિરત રાખે. તેમણે શરૂઆતમાં જ, ૧૯૬૭માં આ જણાવ્યું હતું,

> *જે કોઈ વ્યક્તિ ચૈતન્ય મહાપ્રભુના આદેશોનું તેમના અધિકૃત પ્રતિનિધિના માર્ગદર્શનમાં રહી પાલન કરે છે તે એક આધ્યાત્મિક ગુરૂ બની શકે છે અને મારી*

*એવી ઇચ્છા છે કે મારા બધા શિષ્યો મારી અનુપસ્થિતિમાં સમગ્ર વિશ્વમાં કૃષ્ણભાવનામૃતનો પ્રચાર કરવા અર્થે અધિકૃત આધ્યાત્મિક ગુરૂ બને. મારી એવી ઇચ્છા છે...*

(મધુસૂદનને પત્ર, ૨ નવેમ્બર, ૧૯૬૭)

૧૯૭૫માં તેમણે લખ્યું હતું કે તેમના તિરોભાવ પછી તેમના શિષ્યો જો તેઓ જરૂરી યોગ્યતાઓ પ્રાપ્ત કરે તો તેઓ દીક્ષા ગુરૂ બનેઃ

*અત્યંત ચુસ્ત પણે તાલીમ લો અને ત્યાર પછી તમે અધિકૃત ગુરૂ છો, અને તમે એ જ સિદ્ધાંતના આધારે શિષ્યો સ્વીકારી શકો છો. પરંતુ શિષ્ટાચાર મુજબ એવો રિવાજ છે કે તમારા આધ્યાત્મિક ગુરૂના જીવનકાળ દરમિયાન તમે દીક્ષાર્થીઓને તેમની પાસે લાવો અને તેમની ગેરહાજરીમાં અથવા તેમના તિરોભાવ પછી તમે કોઇપણ સીમા વિના શિષ્યો સ્વીકારી શકો છો. ગુરૂ-શિષ્ય પરંપરાનો આ કાયદો છે. મારે મારા શિષ્યોને અધિકૃત આધ્યાત્મિક ગુરૂ બની કૃષ્ણભાવનામૃતનો ખૂબ જ વિશાળ પ્રચાર કરતા જોવા છે. તેનાથી હું અને કૃષ્ણ ખૂબ જ પ્રસન્ન થઇશું.*

(તુષ્ટ કૃષ્ણને પત્ર ૨ ડિસેમ્બર, ૧૯૭૫)

શ્રીલ પ્રભુપાદ ઇચ્છતાં હતાં કે દીક્ષા આપવાની સેવા સ્વીકારતા પહેલાં તેમના શિષ્યો એક ચોક્કસ સ્તરની આધ્યાત્મિક ઉન્નતિ પ્રાપ્ત કરે. ન્યૂનતમ સ્તર જેની તેઓ અપેક્ષા કરતાં હતાં તે નીચેનાં સંદર્ભમાં વ્યક્ત થઇ છેઃ

*સામાન્ય રીતે આધ્યાત્મિક ગુરૂ ભગવાનના આવા શાશ્વત પાર્ષદોના સમૂહમાંથી ઉતરી આવે છે; પરંતુ જે કોઈ આવા સનાતન સિદ્ધ પુરુષોના સિદ્ધાંતોને અનુસરે છે, તે ઉપર જણાવેલ સમૂહો પૈકીનો એક જેવો જ હોય છે... એવી વ્યક્તિ જે સિદ્ધ આચાર્ય અને ગુરૂ છે, તે કદી પણ કોઈ પણ ભૂલ કરી શકે નહીં, પરંતુ એવી પણ વ્યક્તિઓ છે, જેઓ ઓછી યોગ્યતા ધરાવે છે અને મુક્ત નથી, પરંતુ તેમ છતાં જો તેઓ ગુરૂ-શિષ્ય પંરપરાને ચુસ્ત રીતે અનુસરે તો તેઓ ગુરૂ અને આચાર્ય તરીકે ફરજ બજાવી શકે છે,*

(જનાર્દનને પત્ર - ન્યુયોર્ક ૨૬ એપ્રિલ, ૧૯૬૮)

**તમાલકૃષ્ણ:** ઠીક છે, મેં સ્વયંનો અને તમારા બધાં શિષ્યોનો અભ્યાસ કર્યો છે, અને તે એક સ્પષ્ટ હકીકત છે કે અમે બધાં બદ્ધ જીવો છીએ, તેથી અમે ગુરૂ ન બની શકીએ. કદાચ એક દિવસ તે શક્ય થશે...

**શ્રીલ પ્રભુપાદ:** હમમ્....

**તમાલકૃષ્ણ:** ....પરંતુ હાલમાં નહીં.

**શ્રીલ પ્રભુપાદ:** હા, હું અમુક ગુરૂ પસંદ કરીશ. હું કહીશ, "હવે તમે આચાર્ય બનો. તમે અધિકૃત બનો." હું તેની પ્રતિક્ષા કરી રહ્યો છું. તમે બધાં આચાર્ય બનો. હું સંપૂર્ણપણે નિવૃત્ત થઇ જાઉ. પરંતુ તાલીમ સંપૂર્ણ હોવી જોઇએ.

**તમાલકૃષ્ણ:** શુદ્ધિકરણની પ્રક્રિયા અવશ્ય હોવી જોઇએ.

**શ્રીલ પ્રભુપાદ:** ઓહ, હા, અવશ્ય હોવી જોઇએ. ચૈતન્ય મહાપ્રભુ એવું ઇચ્છે છે, આમાર આજ્ઞાયે ગુરૂ હયાઁ, "તમે ગુરૂ બનો" (હસે છે) પરંતુ યોગ્ય બનો. નાની વસ્તુ, ચુસ્ત અનુયાયી...

**તમાલકૃષ્ણ:** રબર છાપ નહીં.

**શ્રીલ પ્રભુપાદ:** તો પછી તમે અસરકારક નહીં બનો. તમે છેતરી શકો, પરંતુ તે અસરકારક રહેશે નહીં.

(ખંડમાં વાર્તાલાપ, ૨૨ એપ્રિલ ૧૯૭૭, મુંબઇ)

દીક્ષા ગુરૂઓની તાલીમ અને મૂલ્યાંકનને વધુ વિકસિત કરી શકાય તેનું એક ઉદાહરણ શાસ્ત્રોક્ત તાલીમ અને પરિક્ષણો છે. ૧૯૬૯ની શરૂઆતમાં શ્રીલ પ્રભુપાદે શાસ્ત્રોક્ત તાલીમનાં ભાવિ કાર્યક્રમનું વર્ણન કર્યું હતું જેથી તેમના શિષ્યોને દીક્ષા ગુરૂઓ તરીકે કાર્ય કરવાં જરૂરી જ્ઞાન પ્રાપ્ત થાયઃ

*આવતાં જાન્યુઆરીમાં આ ભગવદ્ ગીતાની પરીક્ષા યોજાશે. બધાં કેન્દ્રોમાં પ્રશ્નપત્રો મારાં દ્વારા મોકલવામાં આવશે અને જેઓ ઉત્તિર્ણ થવા જરૂરી ગુણો પ્રાપ્ત કરશે તેમને ભક્તિશાસ્ત્રીની ઉપાધિ આપવામાં આવશે. તેવી રીતે બીજી એક પરીક્ષા ભગવાન શ્રી ચૈતન્યનાં આવિર્ભાવ દિવસ, ફેબ્રુઆરી ૧૯૭૦નાં રોજ યોજવામાં આવશે, અને તે શ્રીમદ્ ભાગવતમ્ અને ભગવદ્ ગીતા પર આધારિત હશે. જેઓ તેમાં ઉત્તિર્ણ થશે તેમને ભક્તિવૈભવની ઉપાધિ આપવામાં આવશે. બીજી એક પરીક્ષા ૧૯૭૧માં ક્યારેક યોજીશું જે ભગવદ્ ગીતા, શ્રીમદ્ ભાગવતમ્, શ્રી ચૈતન્ય મહાપ્રભુના દિવ્ય ઉપદેશો અને ભક્તિરસામૃત, એમ ચાર પુસ્તકો પર આધારિત હશે. જેઓ આ પરીક્ષા પાસ કરશે તેમને ભક્તિવેદાંતની ઉપાધિ આપવામાં આવશે. મારી ઇચ્છા છે કે મારા બધાં આધ્યાત્મિક દિકરાઓ અને દિકરીઓ આ*

*ભક્તિવેદાંતની ઉપાધિ વારસામાં પ્રાપ્ત કરે, જેથી પારિવારિક દિવ્ય ડિપ્લોમા પેઢીઓ સુધી અવિરત રહે. જેઓએ ભક્તિવેદાંતની ઉપાધિ પ્રાપ્ત કરી હશે તેમને શિષ્યોને દીક્ષા આપવાની મંજૂરી આપવામાં આવશે. કદાચ ૧૯૭૫ સુધીમાં, મારાં બધા જ શિષ્યોને દીક્ષા આપવા અને પેઢીઓની સંખ્યા વધારવા મંજૂરી આપવામાં આવશે. આ મારો કાર્યક્રમ છે. તેથી આપણે આ પુસ્તકોનું પ્રકાશન બહારનાં લોકોનાં વાંચન માટે જ કરવું જોઇએ નહીં, પરંતુ આપણાં વિદ્યાર્થીઓ આપણી બધી પુસ્તકોમાં સંપૂર્ણ માહિતગાર હોવા જોઇએ, જેથી આત્મ-સાક્ષાત્કારનાં વિષયમાં આપણે બધાં વિરોધી પક્ષોને પરાસ્ત કરવાં તૈયાર થઇ શકીએ.*

(હંસદૂતને પત્ર, લોસ એન્જલસ – ૩ જાન્યુઆરી ૧૯૬૯)

જ્યારે ન તો શ્રીલ પ્રભુપાદે કે ન તો જીબીસીએ આ વિચારની સ્પષ્ટતાઓને અસ્તિત્વમાં મૂકી હતી, પરંતુ સિદ્ધાંત સ્પષ્ટ છે કે જે ભક્તો શિષ્યોને સ્વીકારે તેઓ શિષ્યોને દીક્ષા આપવા મંજૂર થાય તે પહેલાં તેમને ચોક્કસ તાલીમ, ધોરણો અને દેખરેખની જરૂર છે.

૧૯૭૦માં જીબીસીની રચના કર્યા બાદ, શ્રીલ પ્રભુપાદે લખ્યું હતું : મેં જીબીસીની રચના આ હેતુથી કરી છે, ભક્તિના ધોરણોને સર્વોચ્ચ સ્તરે જાળવી રાખવાં અને તેની સાથે સાથે એક વિશ્વવ્યાપી સંસ્થાનું સંચાલન કરવું. (રૂપાનુગને પત્ર, ૪ નવેમ્બર ૧૯૭૦)

નિશ્ચિતપણે ગુરૂઓની યોગ્યતાઓ અને શિષ્યોની યોગ્યતાઓ શ્રીલ પ્રભુપાદ દ્વારા નિર્દેશિત "ભક્તિના ધોરણો"માં આવરિત છે જે જીબીસી દ્વારા સલામત છે અને અમૂક કિસ્સાઓમાં સ્પષ્ટ કરવામાં આવે છે.

શ્રીલ પ્રભુપાદે ઇસ્કોનના વિવિધ સ્તરોની સેવાઓ માટે શાસ્ત્રિક ડિગ્રીની જરૂરિયાતનો નિર્દેશ કર્યો હતો, અને તેમણે તે ડિગ્રીઓ અને સ્તરોને સ્પષ્ટ કરવાની અને કાયદાબદ્ધ કરવાની જવાબદારી જીબીસી માટે છોડી હતી. જ્યાં સુધી ભક્તિશાસ્ત્રી અને અન્ય પરીક્ષાઓનો સંબંધ છે, તેની ચર્ચા આપણે જીબીસી મિટિંગમાં કરીશું. (નિતાઇને પત્ર, ૨૪ જાન્યુઆરી ૧૯૭૬)

પ્રસ્તાવિત ગુરૂ પોતાની સેવામાં પૂરતાં પ્રમાણમાં સ્થિર છે અને શ્રીલ પ્રભુપાદ પ્રત્યે વફાદાર છે કે કેમ તે જાણવા વરિષ્ટ ભક્તો જેમણે અનેક વર્ષો સુધી તે ઉમેદવાર સાથે સેવા કરી હોય અને તેને જાણતા હોય, શ્રેષ્ઠ વ્યક્તિઓ તરીકે ગણી શકાય; જેમ કે તેના સાથીઓ અને તેની સેવાનાં ભૌગોલિક વિસ્તારમાંના વરિષ્ઠ ભક્તો. સંભવિત દીક્ષા ગુરૂઓની આકરણી તેઓ ત્યાં રહેતા

હોય અને ત્યાં પ્રચાર કરતાં હોય તે વિસ્તારમાં ઇસ્કોનના વરિષ્ઠ આગેવાનોનાં સમૂહ દ્વારા કરવામાં આવે છે જેઓ તે નક્કી કરે છે કે તે ઉમેદવાર પાસે શ્રીલ પ્રભુપાદનાં સૂચનો પ્રમાણે શિષ્યો સ્વીકાર કરવાની લઘુત્તમ યોગ્યતાઓ છે. અંતિમ સમીક્ષા જીબીસી દ્વારા કરવામાં આવે છે.

જીબીસીએ "આધ્યાત્મિક નેતૃત્વ સેમિનાર: ઇસ્કોનમાં ગુરૂ બનવું" પણ પૂરો પાડેલ છે જેથી શ્રીલ પ્રભુપાદનાં ઇસ્કોન હેઠળ રહી સેવા કરવામાં અને પોતાના શિષ્યોની સંભાળ રાખવાની તેમની સેવામાં દીક્ષા ગુરૂઓને સહાય પ્રાપ્ત થાય. એવા નિયમિત સંગો છે જ્યાં ગુરૂઓ, સંન્યાસીઓ અને જીબીસીઓ એકબીજાનો સંગ કરી શકે.

શ્રીલ પ્રભુપાદના ઉદાહરણો અને સૂચનોને અનુસરીને જીબીસી આમ સમજે છે કે આકરણી અને તાલીમની એક પદ્ધતિનું પાલન થાય એ તેમની એક જવાબદારી છે જેથી યોગ્ય ભક્તો ઇસ્કોનમાં દીક્ષા ગુરૂ બનવાની સેવા ગ્રહણ કરી શકે.

# પરિશિષ્ટ – ૧૦ વર્ગખંડના વર્તણુકના ધોરણો

અભ્યાસક્રમ દરમ્યાન એક ઉચિત શૈક્ષણિક વાતાવરણ જાળવી રાખવા વિધાર્થીઓ નીચે પ્રમાણેના દિશા સૂચનોને પાલન કરવા સંમત થશે.

૧. અમે સમગ્ર અભ્યાસક્રમ દરમ્યાન હાજર રહીશું.

૨. કોઈ ફાળો આપવા અમે હાથ ઉપર કરીશું.

૩. અમે વિધાર્થીઓના ફાળાને માન આપીશું ભલે અમે તેનાથી સંમત હોઈએ કે નહીં.

૪. અમે અંદરોઅંદર વાતચીતથી દુર રહીશું.

૫. વર્ગ દરમિયાન અમે મોબાઈલ ફોન કરવા કે ઉપાડથી દૂર રહીશું.

૬. અમે વર્ગખંડમાં કે તેની બહાર ગુપ્તતા જાળવી રાખીશું.

૭. અમે દરજ્જો કે પ્રતિષ્ઠાના શક્તિપ્રયોગથી દૂર રહીશું.

૮. અમે એવી કોઈપણ તાલીમમાંથી જે કોઈને વધુ પડતી અસુવિધાજનક લાગે તેમાંથી કોઈપણ કારણ દર્શાવ્યા વિના દૂર થવાના વ્યક્તિગત અધિકારને માન આપીએ છીએ.

૯. અમને ઇચ્છિત પરિણામ પ્રાપ્ત થવાની સફળતા માટેની સંપૂર્ણ જવાબદારી અમારા શિરે રહેશે.

૧૦. અમે મુદ્દાઓ કે વર્તન સાથે વિવાદ કરીશું, લોકો સાથે નહીં.

૧૧. અમે દરેક કોઈપણ નિષ્કર્ષને માન આપીશું.

# પરિશિષ્ટ – ૧૧ વધારાનુ વાંચન

ઇસ્કોનમાં શિષ્યતાના વિષય ઉપર વધુ જાણકારી માટે વિદ્યાર્થીઓ નીચે સૂચિત પ્રકાશનોનો સંદર્ભ લઈ શકે છે.

**ગુરૂ તથા શિષ્ય**
એ.સી. ભકિતવેદાંત સ્વામી પ્રભુપાદ ભકિતવેદાંત બુક ટ્રસ્ટ.

**શ્રીલ પ્રભુપાદ: સંસ્થાપક-આચાર્ય** ઇસ્કોન
જીબીસી ફાઉન્ડેશનલ ડૉક્યુમેન્ટ
રવિન્દ્ર સ્વરૂપ દાસ
ઇસ્કોન જીબીસી પ્રેસ

**ગુરૂને કેવી રીતે શોધવા**
ગોપાલ જીઉ પ્રકાશન.

**જીજ્ઞાસાની પ્રક્રિયા**
શ્રીમદ્ ગૌર ગોવિંદ સ્વામી
ગોપાલ જીઉ પ્રકાશન.

**શ્રી ગુરૂની પૂજા**
શ્રી શ્રીમદ્ ગૌર ગોવિંદ સ્વામી, ગોપાલ જીઉ પ્રકાશન.

**શિક્ષા ગુરૂ: ઇસ્કોનમાં અમલીકરણની પરંપરા**
શિવરામ સ્વામી, ટોર્ચલાઈટ પ્રકાશન.

**ઇસ્કોનની બહાર શિક્ષા?**
શિવરામ સ્વામી, લાલ પ્રકાશન.

**જ્યારે સદ્ ભાગ્યનો ઉદય થાય છે**
ગોપાલ જીઉ પ્રકાશન.

# ઇસ્કોન શિષ્ય અભ્યાસક્રમ

## વિગતવાર સમયપત્રક

---

| | | |
|---|---|---|
| **દિન ૧ :** | **યુનિટ : ૧ પરીચય, સિદ્ધાંત અને સંદર્ભ** | |
| 10:30 AM to 0૧:30 PM | | |
| પાઠ – ૧ | સ્વાગત અને પરીચય | ૩૦ મીનીટ |
| પાઠ – ૨ | ગુરૂ તત્ત્વ અને પરંપરા | ૭૫ મીનીટ |
| 3:30 PM to ૬:30 PM | | |
| પાઠ – ૩ | શ્રીલ પ્રભુપાદ – ઇસ્કોનના સંસ્થાપક આચાર્ય | ૭૫ મીનીટ |
| પાઠ – ૪ | ઇસ્કોન ગુરૂઓ | ૯૦ મીનીટ |
| **દિન ૨ :** | **યુનિટ : ૨ ગુરૂ સાથે સંબંધની સ્થાપના** | |
| ૧0:30 AM to 0૧:30 PM | | |
| પાઠ – ૫ | ગુરૂ પાદાશ્રય | ૭૫ મીનીટ |
| પાઠ – ૬ | ગુરૂની પસંદગી | ૯૦ મીનીટ |
| 3:30 PM to ૫:30 PM | | |
| પાઠ – ૭ | દીક્ષા પ્રતિજ્ઞા | ૬૦ મીનીટ |
| | યુનિટ ૧ અને ૨ ની પરીક્ષા | ૬૦ મીનીટ |
| **દિન ૩ :** | **યુનિટ : ૩ ગુરૂ સાથેના સંબંધમાં કાર્ય કરવું** | |
| ૧0:30 AM to 0૧:30 PM | | |
| પાઠ – ૮ | ગુરૂ પૂજા | ૯૦ મીનીટ |
| પાઠ – ૯ | ગુરૂ સેવા | ૭૫ મીનીટ |
| 3:30 PM to ૬:30 PM | | |
| પાઠ – ૧૦ | ગુરૂ વપુ અને વાણી સેવા | ૯૦ મીનીટ |
| પાઠ – ૧૧ | ગુરૂ ત્યાગ | ૭૫ મીનીટ |
| **દિન ૪ :** | **યુનિટ : ૪ સંબંધોમાં સહકાર અને મજબૂતાઈ રાખવી** | |
| ૧0:30 AM to 0૧:30 PM | | |
| પાઠ – ૧૨ | ગુરૂને પ્રસ્તુત કરવા | ૭૫ મીનીટ |
| પાઠ – ૧૩ | ઇસ્કોન અંતર્ગત સંબંધો | ૯૦ મીનીટ |
| 3:30 PM to ૬:30 PM | | |
| | યુનિટ ૩ અને ૪ ની પરીક્ષા | ૭૫ મીનીટ |
| પાઠ – ૧૪ | અભ્યાસક્રમનુ પુનરાવર્તન. | |